ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

# ગણિત
## વિભાગ-૧



JEE ની તૈયારી માટે માર્ગદર્શક પ્રશ્ન સંપૂટ (M.C.Q.)

કિંમત રૂ.૧૦૦/-

સચિવ
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે, ગાંધીનગર-૩૮૨ ૦૧૦

આ પુસ્તકના સર્વ હક ગુજરાત માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગરને હસ્તક છે. આ પુસ્તકનો કોઈપણ ભાગ કોઈપણ રુપમાં સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની લેખિત પરવાનગી વગર પ્રકાશિત કરી શકાશે નહિ.

ગુજરાત માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

# પ્રશ્નબેંક - ગણિત

કિંમત : ` 100.00

પ્રકાશક
સચિવ, ગુજરાત માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦બી, ગાંધીનગર

**યોગદાન**

| | |
|---|---|
| 1. ડૉ. હસમુખ અઢિયા (I.A.S) | અગ્ર સચિવશ્રી શિક્ષણ વિભાગ, ગાંધીનગર |
| 2. શ્રી આર. આર.વરસાણી (I.A.S) | અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર |
| 3. શ્રી એચ. કે. પટેલ (G.A.S) | નાયબ અધ્યક્ષશ્રી ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર |
| 4. શ્રી એમ. આઈ. જોશી (G.E.S) | સચિવશ્રી ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર |

**સંકલન**

| | |
|---|---|
| 1. શ્રી બી. કે. પટેલ | ખાસ ફરજ પરના અધિકારી ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર |
| 2. શ્રી ડી. એ. વણકર (નિવૃત્ત) | મદદનીશ સચિવશ્રી ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર |

**તજજ્ઞ શિક્ષકો**

| | |
|---|---|
| 1. શ્રી પરિમલ બી. પૂરોહિત (કન્વીનર) | સેન્ટ ઝેવીયર્સ હાઈસ્કુલ, સુરત |
| 2. શ્રી રમેશચંદ્ર વી. વૈષ્ણવ (કન્વીનર) | સરદાર પટેલ અને સ્વામી વિવેકાનંદ હાઈસ્કુલ, મણિનગર, અમદાવાદ |
| 3. શ્રી કાન્તીલાલ એન. પ્રજાપતિ | એસ. એફ.એ કોન્વેન્ટ હાઈસ્કુલ, નવસારી |
| 4. શ્રી વિજયકુમાર એચ. ધાંધલ્યા | આર.પી.ટી.પી હાઈસ્કુલ વલ્લભ વિદ્યાનગર, આણંદ |
| 5. ડૉ. મનોજ આર. જવાણી | ડી. એન હાઈસ્કુલ, આણંદ |
| 6. શ્રી રમેશચંદ્ર ડી. મોઢા | સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર, સે-૧૨, ગાંધીનગર |
| 7. શ્રી ભરતભાઈ એચ. પટેલ | આશ સેકન્ડરી સ્કૂલ, વિજાપુર, જિ. મહેસાણા |
| 8. શ્રી પોપટભાઈ પી. પટેલ | સી.એન. વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદ |
| 9. શ્રી ગૌતમભાઈ જે. પટેલ | એમ. કે. હાયર સેકન્ડરી, લો ગાર્ડન, અમદાવાદ |
| 10. શ્રી એમ. એસ. પિલ્લાઈ | બેસ્ટ હાઈસ્કુલ, મણિનગર, અમદાવાદ |
| 11. શ્રી રીતેશ વાય. શાહ | મુક્તજીવન હાઈસ્કુલ, ઈસનપુર, અમદાવાદ |
| 12. શ્રી અશોકભાઈ વી. પંડ્યા | વિદ્યાનગર હાઈસ્કુલ, ઉસ્માનપુરા, અમદાવાદ |
| 13. શ્રી આર. કે. પટેલ | શ્રી એમ. બી. કર્ણાવતી હાઈસ્કુલ, પાલનપુર જિ. બનાસકાંઠા |
| 14. શ્રી પી.બી. પટેલ | શ્રી કે.સી. કોઠારી હાઈસ્કુલ, સૂરત |
| 15. શ્રી મહેશભાઈ બી. પટેલ | સી.યુ.શાહ હાયર સેકન્ડરી સ્કૂલ, આશ્રમરોડ, અમદાવાદ |
| 16. શ્રી જયંતિભાઈ ડી. ખૂંટ | શ્રી આર. કે ઘરશાળા વિનયમંદિર, ભાવનગર |
| 17. શ્રી નવરોજભાઈ બી. ગાંગાણી | ઝવેરચંદ મેઘાણી હાઈસ્કુલ, બગસરા જિ. અમરેલી |
| 18. શ્રી માવજીભાઈ એમ. સુદાણા | શ્રી સરદાર પટેલ વિદ્યામંદિર (ભવડી) રાજકોટ |
| 19. શ્રી પંકજભાઈ એસ. દવે | સી.યુ.શાહ હાયર સેકન્ડરી સ્કુલ, આશ્રમરોડ, અમદાવાદ |
| 20. શ્રી જંયતિભાઈ જે. પટેલ | શેઠ સી.એમ. હાઈસ્કુલ, સેકટર-૧૩, ગાંધીનગર |
| 21. શ્રી જયવદન ડી. પંડ્યા | ડી. એન. હાઈસ્કુલ, આણંદ |
| 22. શ્રી મિતેશ સી. શાહ | એચ. એન્ડ. ડી પારેખ હાઈસ્કુલ, ખેડા |
| 23. શ્રી રોબિનકુમાર એ. પરમાર | કસ્તુરબા કન્યા વિદ્યાલય, આણંદ |
| 24. શ્રી શરદ બી. બકોત્રા | સેન્ટઝેવીયર્સ હાઈસ્કુલ, આદિપુર, કચ્છ |

# પ્રાસ્તાવિક

ધોરણ-12 પછીના ઈજનેરી અને મેડીકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ આપવા માટે અત્યાર સુધી વિવિધ પ્રવેશ પરીક્ષાઓ વિદ્યાર્થીઓને આપવી પડતી હતી. વિદ્યાર્થીઓ પક્ષે પરીક્ષાઓનો બોજો વધતો હતો. વિદ્યાર્થીઓની આ મુશ્કેલીનું નિવારણ કરવા માટે ચાલુ વરસથી ભારત સરકારના માનવસંસાધન વિકાસ મંત્રાલય દ્વારા સમગ્ર દેશને આવરી લેતી પરીક્ષા પદ્ધતિ દાખલ કરી છે. ઈજનેરી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે CBSE દ્વારા JEE (Main) અને JEE (Advanced) પરીક્ષાઓ યોજવામાં આવશે. ગુજરાત સરકારે પણ નવી પદ્ધતિને સમર્થન આપેલ છે. અને CBSE દ્વારા યોજાનારી પરીક્ષાઓને અનુસરવાનું નક્કી કર્યું છે.

સૂચિત JEE (Main) અને JEE (Advanced) પરીક્ષાને લગતી જરૂરી માહિતી CBSE ની વેબસાઈટ www.cbse.nic.in ઉપર ઉપલબ્ધ છે. અને વાલીઓ આ વેબસાઈટ ખોલીને અદ્યતન માહિતી-માર્ગદર્શન મેળવી તે પ્રમાણે સૂચિત પરીક્ષા માટે તૈયારી કરે તેવો અનુરોધ છે. સૂચિત પરીક્ષાનો અભ્યાસક્રમ, પરીક્ષામાં પ્રવેશ માટેની પદ્ધતિ, પરીક્ષાનાં કેન્દ્રો/સ્થળો/શહેરો વગેરેની વિસ્તૃત માહિતી સદરહુ વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે. તેનો કાળજીપૂર્વક અભ્યાસ કરી લેવો જરૂરી છે. બોર્ડ દ્વારા JEE (Main) 2013 ની માહિતી પુસ્તિકા ગુજરાતી ભાષામાં સૌ વિદ્યાર્થીઓ અને લાભાર્થીઓ માટે પ્રસિદ્ધ કરી તેની એક એક નકલ રાજ્યની તમામ શાળાઓમાં મોકલી આપવામાં આવી છે. તેનો પણ પૂરતો લાભ લેવા અનુરોધ છે. આમ છતાં CBSE ની ઉક્ત વેબસાઈટ અવારનવાર જોવા અને અદ્યતન માહિતી-માર્ગદર્શન મેળવવું અત્યંત આવશ્યક છે. JEE અને NEET ની પરીક્ષા માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા વિદ્યાર્થીઓ અને વાલીઓની માગણીઓ ધ્યાનમાં રાખીને ઉપયોગી થાય તે માટે રાજ્યના વિજ્ઞાન-પ્રવાહના તજજ્ઞ શિક્ષકો દ્વારા આ એક પ્રશ્નસંપુટ તૈયાર કરવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે. આ પ્રશ્નસંપુટમાં હેતુલક્ષી પ્રશ્નો (MCQ પ્રકારના) વિદ્યાર્થીઓને ઉત્તમ માર્ગદર્શન પૂરું પાડશે અને JEE તથા NEET ની પરીક્ષાઓ માટે સહાયરૂપ બનશે તેવી આશા છે.

વિશેષમાં જણાવવાનું કે આ 'પ્રશ્નસંપુટ' વિદ્યાર્થીઓના માર્ગદર્શન માટે જ છે, તેમાં આપવામાં આવેલા પ્રશ્નોમાંથી પરીક્ષામાં પૂછાશે તેવું માની લેવાની જરૂર નથી. આ પ્રશ્નસંપુટ JEE અને NEET પરીક્ષા માટે વિદ્યાર્થીઓના માત્ર માર્ગદર્શન અને મહાવરા માટે જ છે. આશા છે કે આ પ્રશ્નસંપુટ JEE અને NEET ની પરીક્ષા માટે વિદ્યાર્થીઓને ઉપયોગી અને માર્ગદર્શક બની રહેશે. ક્ષતિ રહિત પ્રશ્ન સંપુટ બને તે માટે પૂરતી કાળજી લેવા પ્રયત્ન કરવામાં આવ્યો છે, તેમ છતાં કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો તે માટે પાઠ્યપુસ્તકમાં આપેલ માહિતીને ધ્યાને લેવા વિનંતી છે. આ પ્રશ્નસંપુટ અંગેના વિદ્યાર્થીઓ, વાલીઓ તથા શિક્ષકોનાં રચનાત્મક સૂચનો આવકાર્ય છે.

**તા. 02/01/2013** **એમ.આઈ.જોશી** **આર. વરસાણી (IAS)**

સચિવ અધ્યક્ષ

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| Unit:- I | ગણ સિદ્ધાંત સંબંધ અને વિધેય | 1 |
| Unit:- II | સંકર સંખ્યા | 40 |
| | દ્વિઘાત સમીકરણ | 81 |
| Unit:- III | શ્રેણિકો અને નિશ્ચાયક | 131 |
| Unit:- IV | ક્રમચય અને સંચય | 193 |
| Unit:- V | ગણિતીય અનુમાનનો સિદ્ધાંત | 226 |
| Unit:-VI | દ્વિપદી પ્રમેય | 242 |
| Unit:-VII | શ્રેણી અને શ્રેઢી | 269 |
| Unit:-VIII | લક્ષ અને સાતત્ય | 314 |
| | વિકલન | 364 |
| Unit:-IX | અનિયત અને નિયત સંકલન | 397 |

# †i`ÏÜ :- 1

# ÄÜ±Ü ŸôÜÁÄÜÜ`Ü ôÜÈÜÄÜ † ÃÜ ŸîÜÁÜÑÜ

## અગત્યના મુદા

1. **ગણ :** ગણ એ ગણિતમાં આવતા અવ્યાખ્યાયિત પદો પૈકીનું એક પદ છે.

→ ગણ એ A,B,C,X,Y,Z...... વગેરે દ્વારા દર્શાવાય છે.

→ ગણ ને અમુક વસ્તુઓના સુવ્યાખ્યાયિત સમૂહ તરીકે સ્વીકારીશું

→ જો x એ કોઈ ગણ A નો સભ્ય (અથવા ઘટક) હોય, તો $x \in A$ (વંચાય : (xbelongs to A ) લખીશું

**ગણ દર્શાવવાની રીતો :**

→ **યાદીની રીત :** આ રીતમાં ગણના ઘટકોની નિશ્ચિત યાદી બનાવાય છે. બે ઘટકોને તેમની વચ્ચે અલ્પવિરામ મૂકી જુદા પાડવામાં આવે છે.

→ **ગુણધર્મની રીત :** આ રીતમાં ગણના ઘટકો x ના કોઈ લાક્ષણિક ગુણધર્મ P(x) દ્વારા ગણની રજૂઆત કરવામાં આવે છે. આમ , $\{x / P(x) = x$ નો ગુણધર્મ$\}$ લખાય. અને આપેલ ગુણધર્મ P(x) ધરાવતા તમામ x નો ગણ તેમ વંચાય

→ **ગણના પ્રકાર**

**(1) એકાકીગણ (Singleton set) :** ફક્ત એક જ ઘટક ધરાવતા ગણને એકાકી ગણ કહે છે.

**(2) ખાલી ગણઃ (Empty set) :** જે ગણ એક પણ ઘટક ન ધરાવતો હોય તેને ખાલી ગણ કહે છે.

**(3) સાર્વત્રિકગણ :** ઘણી વખત આપણે એક કરતાં વધારે ગણની વાત કરતા હોઈએ ત્યારે આ તમામ ગણના ઘટકો કોઈ એક નિશ્ચિત ગણના સભ્યો હોય છે. આ ગણને નિશ્ચિત સાર્વત્રિક ગણ કહે છે. અને તેને U વડે દર્શાવાય છે.

**(4) ઉપગણ :** જો ગણ A નો પ્રત્યેક ઘટક ગણ B નો ઘટક હોય તો ગણ A ને ગણ B નો ઉપગણ કહે છે. સંકેતમાં $A \subset B$ લખાય

→ A એ B નો ઉપગણ હોય B ને A નો અધિગણ કહે છે જેને $B \supset A$ વડે દર્શાવાય છે.

**(5) ઘાત ગણ :** કોઈ ગણ A માટે, A ના તમામ ઉપગણોથી બનતા ગણને A નો ઘાતગણ કહેવાય છે. અને તેને P(A) થી દર્શાવાય છે.

**(6) સમાન ગણો :** જો ગણ A તથા B ના તમામ ઘટકો તેના તેજ હોય, તો A તથા B ને સમાન ગણ કહે છે. આમ $\forall x,\ x \in A$ તો $x \in B$ અને $\forall x,\ x \in B$ તો $x \in A$ હોય તો $A = B$ આમ, જો $A \subset B$ તથા $B \subset A$ તો $A = B$.

**(7) શાંત ગણ :** જે ગણની સભ્ય સંખ્યા નિશ્ચિત હોય તેને શાંતગણ કહે છે.

**(8) અનંત ગણ :** જે ગણની સભ્ય સંખ્યા નિશ્ચિત ના હોય તેને અનંત ગણ કહે છે.

**ગણક્રિયાઓ :**

**(1) યોગક્રિયા :** ધારોકે $A, B \in P(U)$ A અથવા B માં આવેલા તમામ ઘટકોને સમાવતા ગણને A અને B નો યોગ ગણ કહેવાય અને તેને $A \cup B$ થી દર્શાવાય છે બે ગણોનો યોગ ગણ મેળવવાની ક્રિયાને યોગ ક્રિયા કહે છે.

આમ $A \cup B = \{x / x \in A$ અથવા $x \in B\}$

**(2) છેદ ક્રિયા :** જો $A, B \in P(U)$ તો A તથા B બંનેમાં હોય તેવા તમામ ઘટકોથી બનતા ગણને A અને B નો છેદગણ કહેવાય છે. જેને સંકેતમાં $A \cap B$ વડે દર્શાવાય છે. આમ, છેદગણ મેળવવાની ક્રિયાને છેદ ક્રિયા કહેવાય આમ, $A \cap B = \{x / x \in A$ અને $x \in B\}$

**યોગ ક્રિયાના કેટલાક મહત્વના પરીણામો**

1. $A \cup B \in P(U)$
2. $A \subset A \cup B, B \subset A \cup B$
3. $A \cup A = A$
4. જો $A \subset B$ અને $C \subset D$ તો $(A \cup B) \subset (B \cup D)$
5. $A \cup B = B \cup A$ ક્રમનો નિયમ
6. $(AUB)$ U $C = AU$ $(BUC)$ જૂથનો નિયમ
7. $A \cup \varnothing = A$
8. $A \cup U = U$

**છેદ ક્રિયાના કેટલાક મહત્વના પરીણામો.**

i. $A \cap B \in P(U)$

ii. $(A \cap B) \subset A, (A \cap B) \subset B$

iii. $A \cap B = A$

iv. જો $A \subset B, C \subset D$ તો $(A \cap B) \subset (B \cap D)$

v. $A \cap B = B \cap A$ ક્રમનો નિયમ

vi. $A \cap (B \cap C) = (A \cap B) \cap C$ જૂથનો નિયમ

vii. $A \cap \varnothing = \varnothing$

viii. $A \cap U = A$

**વિભાજનના નિયમો :**

(i) $A \cap (B \cup C) = (A \cap B) \cup (A \cap C)$

(ii) $A \cup (B \cap C) = (A \cup B) \cap (A \cup C)$

**અલગ ગણ :** જો બે અરિક્ત ગણ A અને Bનો છેદ ગણ ખાલી ગણ, હોય તો તેમને અલગ ગણ કહે છે.

જો A અને B અલગ ગણ હોય તો $A \cap B = \varnothing$

**પૂરક ક્રિયા :** ગણ $A \in P(U)$ માટે A માં ન હોય તેવા U ના બધા જ ઘટકોના ગણને A નો પૂરક ગણ કહેવાય છે. અને તેને $A'$ થી દર્શાવાય છે. કોઈ ગણનો પૂરક ગણ શોધવાની ક્રિયાને પૂરકક્રિયા કહેવાય છે.

અહીં $A' = \{X / X \in \cup$ અને $X \notin A\}$

**તફાવત ગણ :** $A, B \in P(U)$ તો A માં હોય તથા B માં ન હોય તેવા તમામ ઘટકોથી બનતા ગણને A અને B નો તફાવત ગણ કહે છે. તેને સંકેતમાં A-B થી દર્શાવ્યા છે. બે ગણનો તફાવત ગણ મેળવવાની ક્રિયાને તફાવત ક્રિયા કહે છે.

**સંમિત તફાવત ગણ :** $A, B \in P(U)$ **A** માં હોય અથવા B માં હોય પરંતુ $A \cap B$માં ન હોય તેવા ઘટકોથી બનતા ગણને A તથા B નો સંમિત તફાવત ગણ કહે છે. તથા તેના માટેનો સંકેત $A \Delta B$ છે.

**ગણોનો કાર્તેઝિય ગુણાકાર :** જો A અને B અરિક્ત ગણ હોય, તો જ્યાં $x \in A$ તથા $y \in B$ હોવી તેવી તમામ ક્રમયુક્ત જોડીઓ $(x, y)$ ના ગણને A તથા B નો કાર્તેઝિય ગુણાકાર કહે છે તથા A અને B ના કાર્તેઝિય ગુણાકાર માટેનો સંકેત $A \times B$ છે. (વાંચો : A cross B)

આમ $A \times B = \{ (x, y)\ x \in A,\ y \in B\}$

→ $A = \varnothing$ અથવા $B = \varnothing$ તો $A \times B = \varnothing$ લેવાય છે.

$A \times A$ ને આપણે $A^2$ દ્વારા દર્શાવીશું.

**અગત્યના પરિણામો :**

(1). જો $A \subset B$ તો $A \cup B = B$ અને $A \cap B = A$

(2). $A \cap A' = \varnothing,\ A \cup A' = \cup,\ \varnothing' = \cup,\ \cup' = \varnothing,$

$(A')' = A$

(3). $A - B = A \cap B'$ અને $B\text{-}A = A' \cap B$

(4). $A - B \subset A$ અને $B\text{-}A \subset B$

(5). $A' = \cup - A$

(6). જો $A \subseteq B$ તો $B' \subseteq A'$

(7). $A \Delta B = (A \cup B) - (A \cap B)$

$= (A - B) \cup (B - A)$

**સાન્તગણના ઘટકોની સંખ્યા :** સાન્તગણ A ના ઘટકોની સંખ્યા નો સંકેત $n(A)$ છે.

**અગત્યના પરિણામો :**

(1). $n(A \cup B) = n(A) + n(B)$ જો A અને B અલગ ગણો હોય તો

$n(A \cup B \cup C) = n(A) + n(B) + n(C)$ જ્યાં A,B,C અલગ ગણો છે.

(2). $n(A \cup B) = n(A) + n(B) - n(A \cap B)$

$$n(A\cup B\cup C)=n(A)+n(B)+n(C)-n(A\cap B)-n(B\cap C)-n(C\cap A)+n(A\cap B\cap C)$$

(3). $n(A\cap B')=n(A)-n(A\cap B)$

(4). $n(A'\cap B)=n(B)-n(A\cap B)$

(5). $n(A\cup B)=n(A\cap B')+n(A'\cap B)+n(A\cap B)$

(6). $n(A\times B)=n(B\times A)=n(A)\cdot n(B)$

(7). $n(A\times B\times C)=n(A)\cdot n(B)\cdot n(C)$

(8). $n(A\times A)=(n(A))^2$.

**સંબંધ.**

**સંબંધ :** ગણો A અને B માટે $A\times B$ ના કોઈપણ ઉપગણને A થી B નો સંબંધ કહે છે.

જો S એ ગણ A પરના સંબંધ હોય એટલેકે $S\subset(A\times A)$ અને $(x,y)\in S$ તો આપણે કહીએ છીએકે x એ y સાથે S દ્વારા સબંધ ધરાવે છે. તથા આને સંકેતમાં xSy દ્વારા દર્શાવાય છે.

**(i). કેટલાક જુદા જુદા પ્રકારના સંબંધ**

**(1). ખાલી અથવા રિક્ત સંબંધ :** ગણ A પરના એક પણ ઘટક ન ધરાવતા સંબંધને ખાલી સંબંધ કહે છે. $\varnothing\subset A\times A$, સંબંધ $\varnothing$ ને ખાલી સંબંધ કહે છે.

**(2). સાર્વત્રિક સંબંધ :** જો ગણ A પરનો સંબંધ $A\times A$ હોય, તો તેને સાર્વત્રિક સંબંધ કહે છે.

**(3). સ્વવાચક સંબંધ :** જો S એ ગણ A પરનો સંબંધ હોય અને aSa, $\forall a\in A$ એટલે કે $(a,a)\in S$, $\forall a\in A$ તો S એ સ્વાવાચક સંબંધ છે તેમ કહેવાય

**(4). સંમિત સંબંધ :** જો S એ ગણ A પરનો સંબંધ હોય અને ${}_aS_b={}_bS_a$ એટલે કે $(a,b)\in S\Rightarrow(b,a)\in S,\forall a,b,\in A$ તો S એ સંમિત સંબંધ છે તેમ કહેવાય

**(5). પરંપરિત સંબંધ :** જો S એ ગણ A પરનો સંબંધ હોય અને ${}_aS_b$ તથા ${}_bS_c={}_aS_c$ $\forall a,b,c\in A$ એટલેકે

$(a,b)\in S$ તથા $(b,c)\in S\Rightarrow(a,c)\in S$

$\forall a,b,c\in A$ તો S એ પરંપરિત સંબંધ છે તેમ કહેવાય

**સામ્ય સંબંધ :** જો ગણ A પરનો સંબંધ S એ સ્વવાચક, સંમિત તથા પરંપરિત હોય તો S ને ગણ A પરનો સામ્ય સંબંધ કહે છે.

જો S સામ્ય સંબંધ હોય તથા $(x,y)\in S$ તો $x\sim y$ લખાવામાં આવે છે.

**વિસંમિત સંબંધ :** જો S એ ગણ A પર કોઈ સંબંધ હોય અને જો $(a,b)\in S$ અને $(b,a)\in S$

$\forall a,b \in A \Rightarrow a = b$ તો S એ વિસંમિત સંબંધ છે.

**સામ્યવર્ગો :** ધારોકે S એ ગણ A પરનો સામ્ય સંબંધ છે. અને $a \in A$ તો S ના ઉપગણ $\{x \in A /_x S_a\}$ ને a ને સમાવતો સામ્યવર્ગ કહે છે.

**યાદ રાખો :**

→ જો A માં m અને B માં n ઘટકો હોય તો $A \times B$ માં mn ક્રમયુક્ત જોડ મળશે

$\therefore$ $A \times B$ ના કુલ $2^{mn}$ ઉપગણો મળે

$\therefore$ A થી B ના કુલ $2^{mn}$ સંબંધ મળે

→ $R = \{(a,a) : a \in A\}$ ને ગણ A પરનો તદેવ સંબંધ કહે છે.

→ અરિક્ત ગણ પરનો તદેવ સંબંધ હમેશાં સામ્ય સંબંધ હોય જ

→ આરિક્ત ગણ પરનો સાર્વત્રિક સંબંધ સામ્ય સંબંધ થાય જ

→ આરિક્ત ગણ પરનો તદેવ સંબંધ હંમેશા વિસંમિત સંબંધ થાય જ

## વિધેય

**વિધેય :** ધારોકે A અને B બે અરિક્ત ગણ છે અને $f \subset (A \times B)$ અને $f \neq 0$ પ્રત્યેક $x \in A$ ને સંગત અનન્ય ક્રમયુક્ત જોડ $(x, y) \in f$ હોય તો $f : A \to B$ ને વિધેય કહેવાય છે. A અને f નો પ્રદેશ અને B ને f નો સહપ્રદેશ કહેવાય છે.

વિધેય $f : A \to B$ ના પ્રદેશ અને વિસ્તારને અનુક્રમે $D_f$ અને $R_f$ થી દર્શાવાય છે.

**સમાન વિધેયો :** જો બે વિધેયના પ્રદેશ, સહપ્રદેશ અને આલેખ (ક્રમયુક્ત જોડના ગણ) અથવા સૂત્ર (જો હોય તો) સમાન હોય તો તેમને સમાન વિધેય કહે છે.

વિધેય $f : A \to B$ માટે f(x) ને x આગળ f નું મૂલ્ય અથવા f દ્વારામળતું x નું પ્રતિબિંબ કહેવાય છે. અને x ને f(x) નું પૂર્વપ્રતિબિંબ કહેવાય છે.

**કેટલાક વિશિષ્ટ વિધેયો :**

**(1) તદેવ વિધેય :** જો A કોઈ અરિક્ત ગણ હોય તો $f : A \to B$ f(x) = x $\forall$ $x \in A$ થી વ્યાખ્યાયિત વિધેય A ઉપરનું તદેવ વિધેય કહેવાય

→ ગણ A પરનું તદેવ વિધેય $I_A$ વડે દર્શાવાય

**(2) અચળ વિધેય :** જે વિધેયનો વિસ્તાર એકાકી ગણ હોય તેને અચળ વિધેય કહે છે.

વિધેય $f : A \to B$ હોય અને c એ B નો કોઈ નિશ્ચિત ઘટક હોય તથા પ્રત્યેક $x \in A$ માટે f(x) = C તો $f : A \to B$ ને અચળ વિધેય કહે છે.

**(3) માનાંક વિધેય :** $f : R \to R$ f(x) = |x| થી વ્યખ્યાયિત થતા વિધેયને માનાંક વિધેય કહે છે.

$$|x| = \begin{cases} x & x \geq 0 \\ -x & x < 0 \end{cases}$$

**(4) ચિન્હ વિધેય :** વિધેય $f: R \to R$ જ્યાં

$$f(x)=\begin{cases}1 & \text{જો} \quad x>0\\ 0 & \text{જો} \quad x=0\\ -1 & \text{જો} \quad x<0\end{cases}$$ તે ચિન્હ વિધેય કહેવાય છે.

**(5) બહુપદી વિધેય :** વિધેય $g: R \to R$ જ્યાં

$g(x)=a_n x^n + a_{n-1}x^{n-1}+\ldots+a_1 x + a_0,\ a_n \neq 0$ ને n ઘાતનું બહુપદી વિધેય કહેવાય છે

**(6) સંમેય વિધેય :** $g(x)\neq 0$ હોય તેવા પ્રદેશમાં વ્યાખ્યાયિત બહુપદી વિધેયો f તથા g માટે $h(x)=\dfrac{f(x)}{g(x)}$ ને સંમેય વિધેય કહેવાય છે.

**(7) મહત્તમ પૂર્ણાંક વિધેય :** જો [x] એ x થી અધિક નહીં તેવો મહત્તમ પૂર્ણાંક દર્શાવે તો $f: R\to R, f(x)=[x]$ ને મહત્તમ પૂર્ણાંક વિધેય કહે છે.

→ આ વિધેયને Floor Function (ફ્લોર વિધેય ) પણ કહે છે.

**(8) ન્યૂનતમ પૂર્ણાંક વિધેય :** $g: R\to R,\ g(x)=\lceil x\rceil$

$\lceil x\rceil$ એ x કરતાં નાનો નહી તેવો ન્યૂનતમ પૂર્ણાંક છે. આ વિધેયને સિલિંગ વિધેય કહે છે.

**એક-એક વિધેય :** જો $f: A\to B$ વિધેય હોય અને

$\forall x_1, x_2, \in A,\ x_1 \neq x_2 \Rightarrow f(x_1)\neq f(x_2)$ હોય તો $f: A\to B$ ને એક-એક વિધેય કહે છે.

**અનેક-એક વિધેય :** $f: A\to B$ વિધેય છે જો કોઈક $x_1, x_2, \in A$ માટે $x_1\neq x_2$ અને $f(x_1)=f(x_2)$ થાય તો $f: A\to B$ ને અનેક -એક વિધેય કહે છે.

**વ્યાપ્ત વિધેય :** જો વિધેય $f: A\to B$ નો વિસ્તાર તથા તેનો સહપ્રદેશ B સમાન ગણ હોય તો f ને વ્યાપ્ત વિધેય કહે છે.

જો $R_f = f(A) = B$ તો f વ્યાપ્ત હોય

**સંયોજિત વિધેય :** $f: A\to B$ અને $g: B\to C$ બે વિધેયો છે. તેમનું સંયોજીત વિધેય $gof: A\to C$ $gof(x)=g(f(x))$ દ્વારા વ્યાખ્યાયિત થાય છે.

જો $f: A\to B$ અને $g: C\to D$ વિધેયો હોય અને $R_f$ C $D_g$ તો $fog: A\to D$ gof(x) = g (f(x)) દ્વારા વ્યાખ્યાયિત થાય છે.

**પ્રતિવિધેય :** જો $f: A\to B$ વિધેય હોય તથા $g: B\to A$ મળે કે જેથી $gof = I_A$ અને $gof = I_B$ બને તો $g: B\to A$ ને $f: A\to B$ નું પ્રતિવિધેય કહે છે. અને તેને સંકેતમાં $f^{-1}$ વડે દર્શાવાય છે.

**કેટલાક અગત્યના પરિણામો :**

→ જો $f: A\to B$ નું પ્રતિવિધેય $g: B\to A$ મળે તો $f: A\to B$ એક -એક અને વ્યાપ્ત થાય.

→ જો f એક-એક અને વ્યાપ્ત હોય તો $f: A\to B$ નું પ્રતિવિધેય $f^{-1}: B\to A$ મળે

→ જો $f : A \to B$ એક-એક અને વ્યાપ્ત હોય તો અને તોજ તેનું પ્રતિ વિધેય $f^{-1} : B \to A$ મળે

→ જો $f : A \to B$ અને $g : B \to A$ એક-એક અને વ્યાપ્ત હોયતો અને $gof : A \to C$ પણ એક એક અને વ્યાપ્ત થાય તથા $(gof)^{-1} = f^{-1}\ og^{-1}$

## ત્રિકોણમિતિય પ્રતિવિધેયો માટે :

| | વિધેય | પ્રદેશ | વિસ્તાર |
|---|---|---|---|
| (i) | $f(x) = \sin^{-1} x$ | $[-1,1]$ | $\left[-\pi/2, \frac{\pi}{2}\right]$ |
| (ii) | $f(x) = \cos^{-1} x$ | $[-1,1]$ | $[0,\pi]$ |
| (iii) | $f(x) = \tan^{-1} x$ | R | $\left(-\frac{\pi}{2}, \frac{\pi}{2}\right)$ |
| (iv) | $f(x) = \cot^{-1} x$ | R | $(0,\pi)$ |
| (v) | $f(x) = \sec^{-1} x$ | $(-\infty,-1] \cup [1,\infty)$ | $\left[0,\frac{\pi}{2}\right) \cup \left(\frac{\pi}{2},\pi\right]$ |
| (vi) | $f(x) = \operatorname{cosec}^{-1} x$ | $(-\infty,-1] \cup [1,\infty)$ | $\left[-\pi/2, 0) \cup (0, \pi/2\right]$ |

## વિધેયના પ્રદેશના પરીણામો.

(1) $D(f \pm g) = D(f) \cap D(g)$

(2) $D(fg) = D(f) \cap D(g)$

(3) $D\left(\frac{f}{g}\right) = D(f) \cap D/g \cap \{x : g(x) \neq 0\}$

(4) $D\left(\sqrt{f}\right) = D(f) \cap \{x : f(x) \geq 0\}$

(5) $D(fog) = D(g)$ જ્યાં $(fog)(x) = f(g(x))$

# પ્રશ્નબેંક

1. જો $aN = \{ ax / x \in N \}$ અને $bN \cap cN = dN$ જ્યાં $b, c \in N$ તથા b અને c સાપેક્ષ અવિભાજ્ય સંખ્યાઓ હોય તો

(a) $d = bc$ (b) $c = bd$ (c) $b = cd$ (d) $a = bd$

2. બે શાંત ગણો અનુક્રમે m અને n ઘટકો ધરાવે છે. વળી પહેલા ગણના ઉપગણોની સંખ્યા એ બીજાગણના ઉપગણોની સંખ્યા કરતા 112 વધારે છે. તો m અને n ની કિંમત અનુક્રમે ............ છે.

(a) 5, 2 (b) 4, 7 (c) 7, 4 (d) 2, 5

3. એક સર્વે પ્રમાણે 70% ભારતીય કેરી પસંદ કરે છે અને 82% સફરજન પસંદ કરે છે. જો x% ભારતીય કેરી અને સફરજન બંને પસંદ કરતા હોય તો

(a) $x = 52$ (b) $52 \le x \le 70$ (c) $x = 70$ (d) $70 \le x \le 82$

4. જો $X \cup \{3, 4\} = \{1, 2, 3, 4, 5, 6\}$ હોય તો નીચેનામાંથી શું સાચુ છે ?

(a) નાનામા નાનો ગણ $X = \{1, 2, 5, 6\}$ (b) નાનામા નાનો ગણ $X = \{1, 2, 3, 5, 6\}$

(c) નાનામા નાનો ગણ $X = \{1, 2, 3, 4\}$ (d) મોટામા મોટો ગણ $X = \{1, 2, 3, 4,\}$

5. જો A અને B ગણો ના 43 ઘટકો સામાન્ય હોય તો $A \times B$ અને $B \times A$ ગણના ............ ઘટકો સામાન્ય હોય.

(a) $43^2$ (b) $2^{43}$ (c) $43^{43}$ (d) એકપણ નહી

6. જો $X = \{(x, y, z) / x, y, z \in N, x + y + z = 10, x < y < z\}$ અને

$Y = \{(x, y, z) / x, y, z \in N, y = |x - z|\}$ તો $X \cap Y =$ .......... છે.

(a) $\{(2, 3, 5)\}$ (b) $\{(1, 4, 5)\}$

(c) $\{(5, 1, 4)\}$ (d) $\{(2, 3, 5), (1, 4, 5)\}$

7. એક કસબામાં 30% કુટુંબો પાસે સ્કુટર છે અને 40% પાસે કાર છે. જ્યારે 50% કુટુંબો પાસે કાર કે સ્કૂટર બેમાંથી કશું નથી જ્યારે 2000 કુટુંબો પાસે સ્કુટર અને કાર બંને છે. આ માહિતીને આધારે નીચેના વિધાનો આપેલા છે.

(1) 20% કુટુંબો પાસે કાર અને સ્કૂટર છે.

(2) 35% કુટુંબો પાસે કાર અથવા સ્કૂટર છે.

(3) કસબામાં 10000 કુટુંબો રહે છે.

ઉપરમાંથી કયુ વિધાન સત્ય છે?

(a) 2 અને 3 (b) 1, 2 અને 3 (c) 1 અને 2 (d) 1 અને 3

8. જો $A = \{\theta : \tan\theta + \sec\theta = \sqrt{2}\sec\theta\}$ અને $B = \{\theta : \sec\theta - \tan\theta = \sqrt{2}\tan\theta\}$ બે ગણો હોય તો

(a) $A = B$ (b) $A \ne B$ (c) $A \subset B$ (d) $B \subset A$

9. ધારોકે $A_i$ (i = 1,2,3.....60) ગણો છે અને દરેક માં 12 સભ્યો છે અને Bi (i = 1, 2, ....n) એ n ગણો છે જે દરેક 4 સભ્યો ધરાવે છે. જો $\bigcup_{i=1}^{60} Ai = \bigcup_{j=1}^{n} Bj = C$ અને C નો દરેક સભ્ય બરાબર 20 $A_i$ માં અને બરાબર 18 $B_j$ માં આવેલો છે. તો n= ..............

(a) 162 (b) 36 (c) 60 (d) 120

10. જો A ખાલી ગણ હોય તો n[P[P[P(A)]]] = ............

(a) 6 (b) 16 (c) 2 (d) 4

11. A અને B ગણ માટે n (A-B) = 8 + 2x, n (B-A) = 6x અને $n(A \cap B) = x$ છે. જો n(A) = n(B) હોય તો $n(A \cap B) =$ ...........

(a) 26 (b) 50 (c) 24 (d) એકપણ નહી

12. જો $A = \{(a, b) / b = 2a - 5\}$ માટે $(m, 5)$ અને $(6, n)$ એ ગણ A ના સભ્ય હોય તો અનુક્રમે m અને n ........... છે.

(a) 5, 7 (b) 7, 5 (c) 2, 3 (d) 5, 3

13. અહીં સ્થંભ A અને સ્થંભ B ત્રણ-ત્રણ ગણ આપેલા છે.

| A | | B | |
|---|---|---|---|
| (1) | $\{L, A, T\}$ | (A) | $\{x / x \in Z, x^2 < 5\}$ |
| (2) | $\{x \in z, / x^3 - x = 0\}$ | (B) | {x એ LATA શબ્દનો અક્ષર} |
| (3) | $\{-2, -1, 0, 1, 2\}$ | (C) | $\left\{\sin o^\circ, \sin\frac{3\pi}{2}, \tan\frac{5\pi}{4}\right\}$ |

નીચે પૈકી કઈ જોડ યોગ્ય છે ?

(a) 1-(A), 2-(B), 3-(C) (b) 1-(B), 2-(A), 3-(C)

(c) 1-(B), 2-(C), 3-(A) (d) 1-(A), 2-(C), 3-(B)

14. જો $S_1 = \{1, 2, 3...20\}$, $S_2 = \{a, b, c, d\}$ $S_3 = \{b, d, e, f\}$ તો $(S_1 \times S_2) \cup (S_1 \times S_3)$ ના ઘટકોની સંખ્યા = ...........

(a) 100 (b) 120 (c) 140 (d) 40

15. બે ગણો A અને B માટે $(A \cap B) \cup (A \cap B') \cup (A' \cap B)$ નું સરળ સ્વરૂપ ..........

(a) $A \cap B$ (b) $A \cup B$ (c) $A' \cap B'$ (d) $A \cap B'$

16. એક કોલેજમાં 400 વિદ્યાર્થી છે. તેમાંથી દરેક વિદ્યાર્થી 5 વર્તમાનપત્ર વાંચે છે અને દરેક વર્તમાન પત્ર 80 વિદ્યાર્થી વાંચે છે. તો વર્તમાનપત્રની સંખ્યા .......... છે.

(a) 25 (b) વધારેમાં વધારે 20

(c) વધારેમાં વધારે 25 (d) ઓછામાં ઓછી 25

17. જો $A = \{ x / x^2 = 1 \}$ અને $B = \{ x / x^4 = 1 \}$ તો $A \Delta B =$ ________ $(x \in C)$

(a) $\{ -1, 1, i, -i \}$ (b) $\{ -1, 1 \}$ (c) $\{ i, -i \}$ (d) $\{ -1, 1, i \}$

18. જો $A = \{ (x, y) / |x-3| < 1, |y-3| < 1\ x, y \in R \}$ અને

$B = \{ (x, y) / 4x^2 + 9y^2 - 32x - 54y + 109 \le 0,\ x, y \in R \}$

તો નીચેનામાંથી શું સાચુ છે ?

(a) A એ B નો ઉચીત ઉપગણ છે. (b) B એ A નો ઉચીત ઉપગણ છે.

(c) $A = B$ (d) $A' = B$

19. જો $A = \{ n^3 + (n+1)^3 + (n+2)^3, n \in N \}$ અને $B = \{ 9n, n \in N \}$

(a) $A \subset B$ (b) $B \subset A$ (c) $A = B$ (d) $A' = B$

20. જો $U = \{1, 2, 3\}$ અને $A = \{1, 2\}$ તો $[P(A)]' =$............

(a) $\{ \{3\}, \{2,3\}, \{1,3\}, \{1, 2\}, \phi \}$ (b) $\{ \{3\}, \{2,3\} \{1, 3\}, \{1, 2, 3\} \}$

(c) $\{ \{3\}, \{2,3\}, \{1, 3\}, \{1, 2, 3\}, \phi \}$ (d) $\{ \{3\}, \{2,3\}, \{1,3\}, \{1,2\} \}$

21. જો $n(A) = 6$ અને $n(B) = 4$ તો $n(A-B)$ની ઓછામાં ઓછી કિંમત = .............

(a) 2 (b) 7 (c) 6 (d) 4

22. જો $A = \{ x \in R / f(x) = 0 \}$ અને $B = \{ x \in R / g(x) = 0 \}$ તો $A \cap B =$ ............

(a) $\phi$ (b) $\{ x \in R / f(x) = 0 \}$

(c) $\{ x \in R / f(x) + g(x) = 0 \}$ (d) $\{ x \in R / f^2(x) + g^2(x) = 0 \}$

23. જો $n(A) = 3, n(B) = 5$ અને $n(A \cap B) = 2$ તો $n[(A \times B) \cap (B \times A)] =$ ............

(a) 5 (b) 3 (c) 4 (d) 6

24. જો A અને B બે ગણો માટે $B - (B - A) =$..............

(a) $(A - B) - B$ (b) $A - (A - B)$ (c) A (d) B

25. જો $A = \{(x, y) / x^2 + y^2 = 25\}$ અને $B = \{(x, y) / x^2 + 9y^2 = 144\}$ તો $A \cap B$ માં કેટલા સભ્યો હશે ?

(a) બે (b) એક (c) ત્રણ (d) ચાર

26. જો $A = \{1, 3, 5, 7, 9, 11, 13, 15, 17\}$ $B = \{2, 4, \ldots 18\}$ અને N એ સાર્વત્રિક ગણ હોય તો $A' \cup (A \cup (B \cap B')) = \ldots\ldots\ldots\ldots$

(a) A (b) B (c) $A \cup B$ (d) N

27. જો U એ સાર્વત્રિક ગણ હોય અને $A \cup B \cup C = U$ હોય તો

$[(A-B) \cup (B-C) \cup (C-A)]' = \ldots\ldots\ldots\ldots$

(a) $A \cup B \cup C$ (b) $A \cap B \cap C$

(c) $A \cup (B \cap C)$ (d) $A \cap (B \cup C)$

28. ગણ $(A \cup B \cup C) \cap (A \cap B' \cap C')' \cap C'$ બરાબર

(a) $B \cap C'$ (b) $B \cup C'$ (c) $A \cap C$ (d) $A \cup C$

29. જો $A = \{(x, y) : y = e^x \; x \in R\}$ $B = \{(x, y) : y = e^{-x}, x \in R\}$ હોય તો

(a) $A \cap B = \phi$ (b) $A \cap B \neq \phi$

(c) $A \cup B = R$ (d) $A \cup B = A$

30. જો $U = [1, 5]$ અને $A = \{x / x \in N, x^2 - 6x + 5 = 0\}$ માટે $A' = \ldots\ldots\ldots\ldots$

(a) $\{1, 5\}$ (b) $(1, 5)$ (c) $[1, 5]$ (d) $[-1, -5]$

31. જો n સભ્યો ધરાવતા સાન્તગણ A પરનો સ્વવાચક સંબંધ R m ક્રમયુક્ત જોડ ધરાવે છે તો

(a) $m \geq n$ (b) $m \leq n$ (c) $m = n$ (d) એકપણ નહી

32. પ્રાકૃતિક સંખ્યાગણ N પર વ્યાખ્યાયિત સંબંધ $R = \{(1 + x, 1 + x^2) / x \leq 5, x \in N\}$ માટે નીચેનામાંથી શું ખોટું છે ?

(a) $R = \{(2, 2), (3, 5), (4, 10), (5, 17), (6, 25)\}$

(b) R નો પ્રદેશ $= \{2, 3, 4, 5, 6\}$

(c) R નો વિસ્તાર $= \{2, 5, 10, 17, 26\}$

(d) (b) અને (c) સાચા છે.

33. સંખ્યાઓ પર $\leq$ સંબંધ નીચેના ગુણધર્મો ધરાવે છે.

(1) $a \leq a \;\; \forall \; a \in R$ (સ્વવાચકતા)

(2) જો $a \leq b$ અને $b \leq a$ તો $a = b \; \forall \; a, b, \in R$ (અસંમિતતા)

(3) જો $a \le b$ અને $b \le c$ તો $a \le c \ \forall \ a, b \in R$ (પરંપરિતતા)

આમાનો કયો ગુણધર્મ P(A) પરનો સંબંધ $\subset$ ધરાવે છે ?

(a) (i) અને (ii) (b) (i) અને (iii)

(c) (ii) અને (iii) (d) (i), (ii) અને (iii)

34. જો સંબંધ R એ પૂર્ણાંક સંખ્યાગણ I પર નીચે પ્રમાણે વ્યાખ્યાયીત છે $(x, y) \in R$ તો અને તો જ $x^2 + y^2 = 9$ નીચેનામાંથી કયું ખોટું છે.?

(a) $R = \{(0, 3), (0, -3), (3, 0), (-3, 0)\}$ (b) R નો પ્રદેશ $= \{-3, 0, 3\}$

(c) R નો વિસ્તાર $= \{-3, 0, 3\}$ (d) એક પણ નહી

35. R એ વાસ્તવિક સંખ્યારેખા છે. $R \times R$ ના નીચેના ઉપયોગ માટે

$S = \{(x, y) : y = x + 1$ અને $0 < x < 2\}$

$T = \{(x, y) : x - y$ એ પૂર્ણાંક સંખ્યા છે.$\}$

નીચેનામાંથી શું સાચું છે ?

(a) T એ R નો સામ્ય સંબંધ છે પરંતુ S નથી.

(b) S અથવા T એ R પરનો સામ્ય સંબંધ નથી.

(c) S અને T બંને R પરના સામ્ય સંબંધ છે.

(d) S એ R પરનો સામ્ય સંબંધ છે પરંતુ T નથી.

36. જો A એ 8 થી નાની યુગ્મ પ્રાકૃતિક સંખ્યાઓનો ગણ છે અને B એ 7 થી નાની અવિભાજ્ય સંખ્યાઓનો ગણ હોય તો A થી B ના સંબંધોની સંખ્યા = ...........

(a) $2^9$ (b) $9^2$ (c) $3^2$ (d) $2^9 - 1$

37. W એ અંગ્રેજી શબ્દકોષેનો શબ્દ દર્શાવે છે R પર વ્યાખ્યાયિત સંબંધ.

$R = \{(x, y) \in W \times W$ x અને y માં ઓછામાં ઓછો એક અક્ષર સામાન્ય હોય } તો R એ

(a) સ્વવાચક નથી, સંમિત અને પરંપરિત છે.

(b) સ્વવાચક, સંમિત અને પરંપરિત નથી.

(c) સ્વવાચક, સંમિત અને પરંપરિત નથી.

(d) સ્વવાચક, સંમિત નથી અને પરંપરિત છે.

38. જો ગણ A={a, b, c} પર વ્યાખ્યાયિત સંબંધ R = {(a,b), (b,c)} છે. તો R માં ઓછામાં ઓછી કેટલી ક્રમયુક્ત જોડ ઉમેરવી જોઈએ કે જેથી R સામ્ય સંબંધ બને.

(a) 5 (b) 6 (c) 7 (d) 8

39. પ્રાકૃતિક સંખ્યા ગણ N માટે $N \times N$ પર વ્યાખ્યાયિત સંબંધ $(a, b)\ R\ (c, d) \Rightarrow a + d = b + c$ હોય તો R એ ફક્ત _____ છે.

(a) સ્વવાચક (b) સંમિત (c) પરંપરિત (d) સામ્ય સંબંધ

40. નીચેનામાંથી કયો સંબંધ સામ્ય સંબંધ છે ?

(a) $a R_1 b \Leftrightarrow |a| = |b|$ (b) $a R_2 b \Leftrightarrow a \ge b$

(c) $a R_3 b \Leftrightarrow a$ એ $b$ વડે વિભાજ્ય છે. (d) $a R_4 b \Leftrightarrow a < b$

41. $\{(x, y) / x, y \in I, x^2 + y^2 \le 4\}$ એ I પરનો સંબંધ હોય તો R નો પ્રદેશ

(a) $\{0, 1, 2\}$ (b) $\{-2, -1, 0\}$ (c) $\{-2, -1, 0, 1, 2\}$ (d) $\{-2, -1\}$

42. m એ n નો ગુણક હોય એ પ્રકારનો પૂર્ણાંક m નો પૂર્ણાંક n સાથેનો સંબંધ .........

(a) સ્વવાચક અને સંમિત (b) સ્વવાચક અને પરંપરિત

(c) સંમિત અને પરંપરિત (d) સામ્ય સંબંધ

43. z પર વ્યાખ્યાયિત નીચે આપેલામાંથી કયો સંબંધ સામ્ય સંબંધ નથી ?

(a) $(x, y) \in S \Leftrightarrow x \ge y$ (b) $(x, y) \in S \Leftrightarrow x = y$

(c) $(x, y) \in S \Leftrightarrow x - y$ એ 3નો ગુણક હોય (d) જો $|x - y|$ યુગ્મ તો $(x, y) \in S$

44. R પર સંબંધ S આ પ્રમાણે વ્યાખ્યાયિત છે. $(x, y) \in S \Leftrightarrow x \cdot y \ge 0$ તો S એ ...........

(a) સામ્ય સંબંધ છે. (b) ફક્ત સ્વવાચક

(c) ફક્ત સંમિત (d) ફક્ત પરંપરિત

45. ગણ $A = \{1,2,3\}$ પરના $(1,2)$ ને સમાવતા સામ્ય સંબંધોની સંખ્યા ............ હોય.

(a) 1 (b) 2 (c) 3 (d) 8

46. $A = [-1, 1], B = [0, 1], C = [-1, 0]$

$S_1 = \{(x, y) / x^2 + y^2 = 1, x \in A, y \in A\}$

$S_2 = \{(x, y) / x^2 + y^2 = 1, x \in A, y \in B\}$

$S_3 = \{(x, y) / x^2 + y^2 = 1, x \in A, y \in C\}$

$S_4 = \{(x, y) / x^2 + y^2 = 1, x \in B, y \in C\}$ તો.......

(a) $S_1$ વિધેયનો આલેખ નથી. (b) $S_2$ વિધેયનો આલેખ નથી.

(c) $S_3$ વિધેયનો આલેખ નથી. (d) $S_4$ વિધેયનો આલેખ નથી.

47. $m, n \in N$ માટે n/m એટલે કે n એ m નો અવયવ છે તો સંબંધ / એ........છે.

(a) સ્વવાચક અને સંમિત (b) પરંપરિત અને સંમિત

(c) સ્વવાચક, પરંપરિત, સંમિત (d) સ્વવાચ, પરંપરિત અને સંમિત નથી.

48. $A = \{1, 2, 3, 4, 5\}$ પરનો સંબંધ R નીચે મુજબ વ્યાખ્યાયિત છે. $R = \{(x, y) / |x^2 - y^2| < 16\}$ તો R =..........

(a) $\{(1, 1), (2, 1), (3, 1), (4, 1), (2, 3)\}$ (b) $\{(2, 2), (3, 2), (4, 2), (2, 4)\}$

(c) $\{(3, 3), (4, 3), (5, 4), (3, 4)\}$ (d) એકપણ નહિ

49. ગણ N પરનો વ્યાખ્યાયિત સંબંધ $R = \{(x, y)/x+2y=8\}$ નો પ્રદેશ =...........

(a) $\{2, 4, 8\}$ (b) $\{2, 4, 6, 8\}$ (c) $\{2, 4, 6\}$ (d) $\{1, 2, 3, 4\}$

50. જો $f:(-1,1) \to B$ નું વિધેય હોય અને $f(x) = \sin^{-1}\left(\frac{2x}{1+x^2}\right)$ ત્યારે જો f એક-એક અને વ્યાપ્ત હોય તો B= ......... માં છે.

(a) $\left(-\frac{\pi}{4}, \frac{\pi}{4}\right)$ (b) $\left(-\frac{\pi}{2}, \frac{\pi}{2}\right)$ (c) $\left[-\frac{\pi}{4}, \frac{\pi}{4}\right]$ (d) $\left[-\frac{\pi}{2}, \frac{\pi}{2}\right]$

51. જો બહુપદીય વિધેય f(x) એ $f(x)\cdot f\left(\frac{1}{x}\right) = f(x) + f\left(\frac{1}{x}\right)$ નું સમાધાન કરે અને f(3) = 28 હોય તો $f(4) =$ ..........

(a) 65 (b) 17 (c) 63 (d) 15

52. $f(x) = \frac{x^2 + 34x - 71}{x^2 + 2x - 7}$ નો વિસ્તાર = ...........

(a) $[5, 9]$ (b) $(5, 9]$

(c) $(-\infty, 5] \cup [9, \infty)$ (d) $(-\infty, 5) \cup (9, \infty)$

53. વાસ્તવિક વિધેય f(x) એ સમીકરણ $f(x-y) = f(x)f(y) - f(3-x)f(3+y)$ નું સમાધાન કરતું હોય અને $f(0) = 1$ હોય તો $f(6-x) =$ ...........

(a) f(x) (b) f(3) (c) f(3) + f(3-x) (d) -f(x)

54. જો $f(x) = \frac{x}{x-1}$, $x \neq 1$ હોય તો $(f0\,f0\,f.....f)_{૧૭\ વખત}(x) =$ ...........

(a) $\frac{x}{x-1}$ (b) x (c) $\left(\frac{x}{x-1}\right)^{17}$ (d) $\frac{17x}{x-1}$

55. જો [x] એ મહત્તમ પૂર્ણાંક વિધેય હોય તો

$\left[\frac{1}{5} + \frac{1}{1000}\right] + \left[\frac{1}{5} + \frac{2}{1000}\right] + .......... + \left[\frac{1}{5} + \frac{999}{1000}\right]$ ની કિંમત =.........

(a) 199 (b) 201 (c) 202 (d) 200

56. જો $f(2x + 3y, 2x - 3y) = 24xy$ તો $f(x, y) =$ .........

(a) 2xy (b) $2(x^2 - y^2)$ (c) $x^2 - y^2$ (d) એકપણ નહી

57. જો $f : R \to R$ એ $f(x + y) = f(x) + f(y), \forall x, y \in R$ નું સમાધાન કરતું હોય અને $f(1) = \frac{3}{2}$ હોય તો $\sum_{r=1}^{n} f(r) = \dots\dots\dots$

(a) $\frac{3}{2}n(n+1)$ (b) $\frac{3(n+1)}{2}$ (c) $\frac{3n(n+1)}{4}$ (d) $\frac{3n}{4}$

58. જો $f(x) = \begin{vmatrix} 1 & x & (x+1) \\ 2x & x(x-1) & (x+1)x \\ 3x(x-1) & x(x-1)(x-2) & x(x-1)(x+1) \end{vmatrix}$ હોય તો

$f(1) + f(2) + f(3) + \dots + f(100) = \dots\dots\dots$

(a) 5 (b) 8 (c) 0 (d) 10

59. જો વિધેય $f : [1, \infty) \to [1, \infty)$ એ $f(x) = 2^{x(x-1)}$ વડે વ્યાખ્યાયિત હોય તો $f^{-1}(x) = \dots\dots\dots$

(a) $\left(\frac{1}{3}\right)^x$ (b) $\frac{1}{2}\left(1 + \sqrt{1 + 4\log_2 x}\right)$

(c) $\frac{1}{2}\left(1 - \sqrt{1 + 4\log_2 x}\right)$ (d) $2^{\frac{1}{x(x-1)}}$

60. જો $f(x) = \frac{x - [x]}{1 + x - [x]}$ જ્યાં [x] એ મહત્તમ પૂર્ણાંક વિધેય છે. તો f નો વિસ્તાર એ $= \dots\dots\dots$

(a) $[0, 1]$ (b) $\left[0, \frac{1}{2}\right)$ (c) $[0, 1)$ (d) $\left[0, \frac{1}{2}\right]$

61. જો $f(x) = \sec x + \tan x, g(x) = \frac{\tan x}{1 - \sec(x)}$

વિધાન-1 g એ અયુગ્મ વિધેય છે.

વિધાન-2 f એ અયુગ્મ કે યુગ્મ વિધેય નથી.

(a) વિધાન-1 સાચુ છે (b) વિધાન-2 સાચુ છે

(c) વિધાન 1 અને 2 બંને સાચા છે. (d) વિધાન 1 અને 2 બંને ખોટા છે.

62. વિધેય $f(x) = \frac{\sqrt{-\log_{0.3}(x-1)}}{\sqrt{-x^2 + 2x + 8}}$

(a) (2, 4) (b) $(-2, 4)$ (c) [2, 4) (d) [−2,4)

63. જો $f(x)=\frac{x\sin\alpha}{x+1}$ $x\neq -1, f\neq I, f(x)\neq 0$ અને $f(f(x))=x$ હોય તો Sin $\alpha$ ની કિંમત = ...........

(a) $\sqrt{3}$ (b) $\sqrt{2}$ (c) 1 (d) $-1$

64. જો બે વિધેયો $f:R\rightarrow R, g:, R\rightarrow R$ માટે $f(x)=2x-3, g(x)=x^3+5$ હોય તો $(fog)^{-1}(x)=$

(a) $\left(\frac{x+7}{2}\right)^{\frac{1}{3}}$ (b) $\left(x-\frac{7}{2}\right)^{\frac{1}{3}}$ (c) $\left(\frac{x-2}{7}\right)^{\frac{1}{3}}$ (d) $\left(\frac{x-7}{2}\right)^{\frac{1}{3}}$

65. $f(x)=\frac{1}{\sqrt{|\cos x|+\cos x}}$ નો પ્રદેશ = ...........

(a) $\left(\frac{(4n-1)\pi}{2}, \frac{(4n+1)\pi}{2}\right)$ (b) $\left(\frac{(4n+1)\pi}{2}, \frac{(4n-1)\pi}{2}\right)$

(c) $(n\pi, (n+1)\pi)$ (d) $[-2n\pi, 2n\pi]$

66. જો $f(x)=\sin^2 x+\sin^2\left(x+\frac{\pi}{3}\right)+\cos x\cos\left(x+\frac{\pi}{3}\right)$ અને $g\left(\frac{5}{4}\right)=1$ તો $gof(x)=$............

(a) 1 (b) 2 (c) $-2$ (d) $-1$

67. જો $f(x)=\frac{1-x}{1+x}$ તો $f(f(\cos 2\theta))=$ ..........

(a) $\tan 2\theta$ (b) $\sec 2\theta$ (c) $\cos 2\theta$ (d) $\cot 2\theta$

68. જો વિધેય $f(x)=\frac{3^x+3^{-x}}{2}$ આપેલ હોય તો $f(x+y)+f(x-y)=$ ............

(a) $f(x)+f(y)$ (b) $f(x)f(y)$ (c) $\frac{f(x)}{f(y)}$ (d) $\frac{1}{2}f(x)f(y)$

69. વિધેય $f(x)={}_{(5-x)}P_{(x-1)}$ નો વિસ્તાર = ...........

(a) $\{1, 2\}$ (b) $\{1, 2, 3\}$ (c) $\{1, 2, 3, 4, 5\}$ (d) $\{1\}$

70. જો $f:R\rightarrow S$ $f(x)=\sin x-\sqrt{3}\cos x+1$ વડે વ્યાખ્યાયિત હોય અને વ્યાપ્ત હોય તો S એ ......... અંતરાલ છે.

(a) [0, 3] (b) [-1, 1] (c) [0, 1] (d) [-1, 3]

71. $f(x)=\frac{3}{4-x^2}+\log_{10}(x^3-x)$ વડે વ્યાખ્યાયિત વિધેયનો પ્રદેશ.......... છે.

(a) $(-1, 0) \cup (1, 2) \cup (2, \infty)$ (b) $(-1, 0) \cup (1, 0)$

(c) $(-2, 2)$ (d) $(1, 2)\cup(2, \infty)$

72. $\left|\frac{x}{x+1}\right| < 10^{-5}$ શક્ય થવા માટે........

(a) $-10^{-5} < x + 1 < 10^{-4}$ (b) $-(100001)^{-1} < x < (99999)^{-1}$

(c) $\frac{1}{10000} < x < 1$ (d) $(99999)^{-1} < x < (100001)^{-1}$

73. જો વિધેય $f : R \to R$ એ સમીકરણ

$f(x)f(y) - f(xy) = x + y$ દરેક $xy \in R$ અને $f(1) > 0$, નુ સમાધાન કરતું હોય તો

(a) $f(x) = x + \frac{1}{2}$ (b) $f(x) = \frac{1}{2}x + 1$

(c) $f(x) = x + 1$ (d) $f(x) = \frac{1}{2}x - 1$

74. વિધેય $f(x) = \sqrt{\frac{\cos x - \frac{1}{2}}{6 + 35x - 6x^2}}$ એ $[-1, 6]$ અંતરાલ હોય તો તેનો પ્રદેશ = ............

(a) $\left[-\frac{1}{6}, \frac{\pi}{3}\right]$ (b) $\left[\frac{5\pi}{3}, 6\right]$

(c) $\left[-\frac{1}{5}, \frac{\pi}{3}\right] \cup \left[\frac{5\pi}{3}, 6\right]$ (d) $\left(\frac{-1}{6}, \frac{\pi}{3}\right] \cup \left[\frac{5\pi}{3}, 6\right)$

75. જો બે સાન્ત ગણો અનુક્રમે m અને n ઘટકો ધરાવતા હોય. પહેલા ગણના કુલ ઉપગણો એ બીજા ગણના કુલ ઉપગણો કરતાં 48 વધારે હોય અને $f = I_N$ તો $f(m+n)$ = ............

(a) 9 (b) 10 (c) 48 (d) 15

76. $f(x) = \cos^{-1}\left(\log_3 \frac{x}{4}\right)$ નો પ્રદેશ = ............

(a) $[4, 12]$ (b) $[0, 3]$ (c) $\left[\frac{4}{3}, 4\right]$ (d) $\left[\frac{4}{3}, 12\right]$

77. $f(x) = \log_{\frac{x-3}{x+4}} 5$ અને $g(x) = \dfrac{1}{\sqrt{x^2 - 16}}$ બંને વ્યાખ્યાયિત ના હોય તેવા x નો ગણ = ...........

(a) $[-4,3]$ (b) $[-4,4]$ (c) $[0, 3]$ (d) $[0, 4]$

78. જો $f : R \rightarrow R$ એ $f(x) = x^4 + 2$ દ્વારા વ્યાખ્યાયિત વિધેય હોય તો $f^{-1}(83)$ અને $f^{-1}(-2)$ ની કિંમત અનુક્રમે ........... છે.

(a) $\phi, \{3, -3\}$ (b) $\{3, -3\}, \phi$

(c) $\{4, -4\}, \phi$ (d) $\{4, -4\}, \{2, -2\}$

79. વિધેય $f(x) = {}^{21-x}C_{3x-1} + {}_{(25-3x)}P_{(5x-3)}$ નો પ્રદેશ = .........

(a) $\{1, 2, 3\}$ (b) $\{2, 3\}$ (c) $\{2, 3, 4\}$ (d) $\{2, 3, 4, 5\}$

80. જો $x = \{a, b, c, d\}$ તો એવું એક-એક વિધેય $f : X \rightarrow X$ મેળવો કે જેથી $f(a) = a, f(b) \neq b$ $f(d) \neq d$

(i) $\{(a, a), (b, c), (c, d), (d, b)\}$ (iii) $\{(a, a), (b, d), (c, d), (d, c)\}$

(ii) $\{(a, a), (b, d), (c, c), (d, b)\}$

(a) ફક્ત (i) સાચુ (b) (i) અને (ii) સાચા (c) (i), (ii), (iii) સાચા (d) ફક્ત (iii) સાચુ છે.

81. જો $f(x) = \cos(\log x)$ હોય તો $f(x) \cdot f(y) - \dfrac{1}{2}\left[f\left(\dfrac{x}{y}\right) + f(xy)\right]$ ની કિંમત = .........

(a) 1 (b) $-1$ (c) 0 (d) 3

82. સમીકરણ $a^x + a^y = a$ દ્વારા વ્યાખ્યાયિત કરેલ વિધેય f(x) નો પ્રદેશ ........... છે.

(a) $0 \leq x \leq 2$ (b) $0 \leq x \leq 1$ (c) $-\infty \leq x \leq 0$ (d) $-\infty < x < 1$

83. વિધેય $f(x) = \max\{2 - x, 2 + x, 4\}; x \in R$ ......... છે.

(a) $f(x) = \begin{cases} 2-x & x \geq 2 \\ 4 & -2 < x < 2 \\ 2+x & x \leq -2 \end{cases}$ (b) $f(x) = \begin{cases} 2-x & -2 < x < 2 \\ 4 & x \geq 2 \\ 2+x & x \leq -2 \end{cases}$

(c) $f(x) = \begin{cases} 2-x & x \leq -2 \\ 4 & x \geq 2 \\ 2+x & -2 < x < 2 \end{cases}$ (d) $f(x) = \begin{cases} 2-x & x \leq -2 \\ 4 & -2 < x < 2 \\ 2+x & x \geq 2 \end{cases}$

84. $\frac{7^x - 7^{-x}}{7^x + 7^{-x}}$ નું પ્રતિવિધેય = ............

(a) $\frac{1}{2}\log_7 \frac{1+x}{1-x}$ (b) $\log_7 \frac{1-x}{1+x}$

(c) $\log_{\frac{1}{2}} \frac{1-x}{1+x}$ (d) $\frac{1}{2}\log_e \frac{1+x}{1-x}$

85. જો $f(x) = \tan\sqrt{m}\,x$ જ્યાં $m = [P] = P$ અથવા P થી નાના પૂર્ણાંકોમાં સૌથી મોટો પૂર્ણાંક અને f નુ મુખ્ય આવર્તમાન $\pi$ હોય તો P = ..........

(a) $2 \le p \le 3$ (b) $1 \le p \le 2$ (c) $1 \le p < 2$ (d) $3 \le p \le 4$

86. વિધેય $f(x) = 3\sin\left[\sqrt{\frac{\pi^2}{9} - x^2}\right]$ ની કિંમત ધારણ કરતો સૌથી મોટો અંતરાલ (વિસ્તાર) ............

(a) $\left[0, 3\sqrt{3}\right]$ (b) $\left[\frac{-3\sqrt{3}}{2}, \frac{3\sqrt{3}}{2}\right]$ (c) $\left[0, \frac{3\sqrt{3}}{2}\right]$ (d) $\left[\frac{-3\sqrt{3}}{2}, 0\right]$

87. $f(x) = \log_5\left[\log_6\left[\log_8 x\right]\right]$ નો પ્રદેશ

(a) $x > 4$ (b) $x > 8$ (c) $x < 8$ (d) $x < 4$

88. જો $g(x) = 1 + x - [x]$ અને $f(x) = \begin{cases} -1 & x < 0 \\ 0 & x = 0 \\ 1 & x > 0 \end{cases}$

હોય તો દરેક x માટે f(g(x)) = ............

(a) x (b) 1 (c) f(x) (d) g(x)

89. વિધેય $f(x) = \frac{1}{\sqrt{|x| - x}}$ નો પ્રદેશ ...........

(a) $(-\infty, \infty)$ (b) $(0, \infty)$ (c) $(-\infty, 0)$ (d) $(-\infty, \infty) - \{0\}$

90. જો $f(x) = 2x$ અને g એ તદેવ વિધેય હોય તો

(a) $fog(x) = g(x)$ (b) $(g+g)(x) = g(x)$

(c) $(fog)(x) = (g+g)(x)$ (d) $(fog)(x) = (f+f)(x)$

91. જો વિધેય $f(x)=\frac{1}{2}-\tan\left(\frac{\pi x}{2}\right):(-1<x<1)$ અને $g(x)=\sqrt{3+4x-4x^2}$ તો gof નો પ્રદેશ ........

(a) $(-1,1)$ (b) $\left[\frac{-1}{2},\frac{1}{2}\right]$ (c) $\left[-1,\frac{1}{2}\right]$ (d) $\left[-\frac{1}{2},-1\right]$

92. $f(x)=6^x+3^x+6^{-x}+3^{-x}+2$ નો વિસ્તાર........ નો ઉપગણ છે.

(a) $(-\infty,-2)$ (b) $(-2,3)$ (c) $(6,\infty)$ (d) $[6,\infty)$

93. જો f એ $2f(x)+f(1-x)=x^2, x\in R$ નુ સમાધાન કરે તો $f(x)=$.............

(a) $\frac{x^2+2x-1}{6}$ (b) $\frac{x^2+4x-1}{3}$ (c) $\frac{x^2+2x-1}{3}$ (d) $\frac{x^2-3x+1}{6}$

94. જો વિધેય f એ સમીકરણ $3f(x)+2f\left(\frac{x+59}{x-1}\right)=10x+30$, $x\neq 1$ નું સમાધાન કરે તો $f(7)=$ ..............

(a) 8 (b) 4 (c) $-8$ (d) 11

95. જો [x] એ પૂર્ણાંક ભાગ વિધેય હોય અને $\{x\}=x-[x]$ તો $f(x)=[x]+\sum_{r=1}^{100}\frac{\{x+r\}}{100}=$ ..........

(a) 4x (b) 2x (c) $4[x]+100\{x\}$ (d) x

96. $g:R\to R$ $g(x)=3+\sqrt[3]{x}$ અને $f(g(x))=2-\sqrt[3]{x}+x$ તો $f(x)=$................

(a) $x^3-x^2+x-5$ (b) $x^3-9x^2+26x+22$

(c) $x^3+9x^2-26x+5$ (d) $x^3+x^2-x+5$

97. નીચેના પૈકી કયા સંબંધો એક-એક વિધેય છે ?

(a) $R_1=\{(x,y)/x^2+y^2=1, x, y\in R\}$ (b) $R_2=\{(x,y)/y=e^{x^2}, x, y\in R\}$

(c) $R_3=\{(x,y)/y=x^2-3x+3, x, y\in R\}$ (d) એકપણ નહી

98. $f:R\to R$ $f(x)=x^2+1$ તો $f^{-1}(-2)\cup f^{-1}(17)=$..........

(a) $\{\pm 4\}$ (b) $\{\pm 1,\pm 4\}$ (c) $\{4\}$ (d) $\{1, 4\}$

99. $f(x)=\sin^{-1}\left\{4-(x-7)^3\right\}^{\frac{1}{5}}$ તો $f^{-1}(x)=$................

(a) $\{7-\sin^5 x\}^{\frac{1}{3}}$ (b) $7+\{4-\sin^5 x\}^{\frac{1}{3}}$

(c) $7+(4+\sin^5 x)^{\frac{1}{3}}$ (d) $(7+\sin^5 x)^{\frac{1}{3}}$

100. વિભાગ A માં વિધેય અને વિભાગ B માં તેના પ્રતિવિધેય આપેલ છે.

નીચેનામાંથી શું સાચુ છે. ?

| | A | | B |
|---|---|---|---|
| (1) | $f(x) = 1 - 2^{-x}$ | (A) | $f^{-1}(x) = \frac{x}{\sqrt{1-x^2}}$ |
| (2) | $f(x) = \sin(\tan^{-1} x)$ | (B) | $f^{-1}(x) = -\log_2 (1-x)$ |
| (3) | $f(x) = 2x + 3$ | (C) | $f^{-1}(x) = \frac{x-3}{2}$ |

નીચેનામાંથી શું સાચુ છે. ?

(a) (1)A (2)B (3)C

(b) (1)B (2)C (3)A

(c) (1)B (2)A (3)C

(d) (1)C (2)B (3)A

# એકમ - 2

# દ્વિઘાત સમીકરણ

## અગત્યના મુદ્દા

* વ્યાપક દ્વિઘાત સમીકરણ $ax^2 + bx + c = 0$ છે.

  જ્યાં $(a \neq 0)$, a, b, c $\in R$

* દ્વિઘાત સમીકરણનાં બીજ

  $$\alpha = \frac{-b + \sqrt{b^2 - 4ac}}{2a}, \quad \beta = \frac{-b - \sqrt{b^2 - 4ac}}{2a}$$

* વિવેચક ને $\Delta$ અથવા D વડે દર્શાવાય છે.

  જ્યાં $\Delta = b^2 - 4ac$

* બિજોના પ્રકાર

  (i) જો $\Delta > 0$ તથા પૂર્ણવર્ગ હોય તો બીજ સંમેય અને ભિન્ન હોય.

  (ii) જો $\Delta > 0$ પણ પૂર્ણવર્ગ ન હોય તો બીજ ભિન્ન અને અસંમેય હોય.

  (iii) જો $\Delta = 0$ તો બીજ વાસ્તવિક અને સમાન હોય.

  (iv) જો $\Delta < 0$, તો બંને બીજ એકબીજાની અનુબદ્ધ સંકર સંખ્યાઓ હોય.

* બીજોનો સરવાળો અને ગુણાકાર

  જો $\alpha$ અને $\beta$ બિજો હોય તો

  $$\alpha + \beta = \frac{-b}{a} \qquad \alpha\beta = \frac{c}{a}$$

* $\alpha$ અને $\beta$ બીજવાળુ દ્વિઘાત સમીકરણ

  $x^2 - (\alpha + \beta)x + \alpha\beta = 0$

**સામાન્ય બીજ :**

ધારો કે $a_1x^2 + b_1x + c_1 = 0$ અને $a_2x^2 + b_2x + c_2 = 0$ બે ભિન્ન દ્વિઘાત સમીકરણ છે. $(a_1, a_2 \neq 0)$

(i) જો એક બીજ સામાન્ય હોય તો $(c_1a_2 - c_2a_1)^2 = (a_1b_2 - a_2b_1)(b_1c_2 - b_2c_1)$

(ii) જો બંને બીજો સામાન્ય હોય તો $\frac{a_1}{a_2} = \frac{b_1}{b_2} = \frac{c_1}{c_2}$

**સીમાંત કિંમત :**

(i) જો $(x - \alpha)(x - \beta) < 0$ તો $x \in (\alpha, \beta)$

(ii) જો $(x - \alpha)(x - \beta) \leq 0$ તો $x \in [\alpha, \beta]$

(iii) જો $(x-\alpha)(x-\beta) > 0$ તો $x \notin (\alpha, \beta)$

(iv) જો $(x-\alpha)(x-\beta) \geq 0$ તો $x \notin [\alpha, \beta]$

**બીજોનું સ્વરૂપ :**

$ax^2 + bx + c = 0 \; (a \neq 0)$ $a, b, c \in R$ માટે

(i) જો $a + b + c = 0$ તો તેનું એક બીજ 1 હોય.

(ii) જો a અને c અસમચિહ્ન હોય તો બીજ પરસ્પર વિરોધી હોય.

(iii) જો $\alpha = -\beta$ તો $b = 0, ac > 0$

(iv) જો $\alpha = \frac{1}{\beta}$ તો અને તો જ $c = a$

(v) જો $ax^2 + bx + c = 0$ એક બીજ સંકર સંખ્યા $p + iq$ હોય તો બીજુ બીજ $p - iq$ તેની અનુબદ્ધ સંકર સંખ્યા જ હોય.

(vi) જો $ax^2 + bx + c = 0$ a, b અને c સંમેય હોય તથા એક બીજ $p + \sqrt{q}$, હોય તો બીજુ બીજ $p - \sqrt{q}$ જ હોય. જયાં q પૂર્ણવર્ગ નથી.

**ત્રિઘાત સમીકરણ :**

જો $\alpha, \beta, \gamma$ એ ત્રિઘાત સમીકરણ

$ax^3 + bx^2 + cx + d = 0 \; (a \neq 0)$ નાં બીજો હોય તો,

(i) $\alpha + \beta + \gamma = -\frac{b}{a}$

(ii) $\alpha\beta + \beta\gamma + \gamma\alpha = \frac{c}{a}$

(iii) $\alpha\beta\gamma = -\frac{d}{a}$

$\alpha, \beta, \gamma$ બીજવાળુ ત્રિઘાત સમીકરણ

$x^3 - (\alpha + \beta + \gamma)x^2 + (\alpha\beta + \beta\gamma + \gamma\alpha)\, x - \alpha\beta\gamma = 0$

દ્વિઘાત બહુપદીનાં મહત્તમ અને ન્યુનતમ મૂલ્યો

$P(x) = ax^2 + bx + c \; (a \neq 0)$ આપેલ બહુપદી છે.

(i) જો $a > 0$, તો $p(x)$નું ન્યૂનતમ મૂલ્ય $x = \frac{-b}{2a}$ આગળ $\frac{4ac - b^2}{4a}$ મળે.

(ii) જો $a < 0$, તો $p(x)$નું મહત્તમ મૂલ્ય $x = \frac{-b}{2a}$ આગળ $\frac{4ac - b^2}{4a}$ મળે.

## પ્રશ્ન બેન્ક

1. જો સમીકરણ $2x^2+5x-k=0$ નો વિવેચક 81 હોય તો k = ________

(a) 5 (b) 7 (c) -7 (d) 2

2. સમીકરણ $\sqrt{5}x^2-3\sqrt{3}x-2\sqrt{5}=o$ નો વિવેચક ________ છે.

(a) 67 (b) 76 (c) -67 (d) -76

3. k ની કઈ કિંમત માટે સમીકરણ $k\,x^2+1 = k\,x + 3\,x - 11\,x^2$ ના બીજો વાસ્તવિક અને સમાન છે.

(a) {-11,-3} (b) {5,7} (c) {5,-7} (d) {-5,-7}

4. સમીકરણ $ax^2 + bx + c = 0$ ના બીજોનો સરવાળો તેમના વ્યસ્તના વર્ગોના સરવાળા જેટલો હોય તો $bc^2$, $ca^2$, $ab^2$ ________ શ્રેણીમાં છે.

(a) સમાંતર (b) સમગુણોત્તર (c) સ્વરિત (d) એકપણ નહી

5. જો સમીકરણ $x^2 - m(2x-8) - 15=0$ ના બીજો સમાન હોય તો m = ____

(a) 3,-5 (b) -3,5 (c) 3,5 (d) -3,-5

6. સમીકરણ (x+1) (x+2) (x+3) (x+4) = 120 નો ઉકેલ ગણ ________ છે.

(a) $\left\{-6,1\frac{-5\pm\sqrt{39i}}{2}\right\}$ (b) $\left\{6,-1\frac{-5\pm\sqrt{39i}}{2}\right\}$

(c) $\left\{-6,-1\frac{-5\pm\sqrt{39i}}{2}\right\}$ (d) $\left\{6,1\frac{-5\pm\sqrt{39i}}{2}\right\}$

7. સમીકરણ $x^4 - 5x^3 - 4x^2 - 5x + 1 = o$ નો ઉકેલ ગણ ________ છે.

(a) $\left\{3\pm2\sqrt{2},\frac{-1\pm\sqrt{3i}}{2}\right\}$ (b) $\left\{\frac{3\pm2\sqrt{2}}{2},-1\pm\sqrt{3i}\right\}$

(c) $\left\{-3\pm2\sqrt{2},\frac{1\pm\sqrt{3i}}{2}\right\}$ (d) $\left\{\frac{-3\pm2\sqrt{2}}{2},1\pm\sqrt{3i}\right\}$

8. સમીકરણ $\frac{x-a}{x-b}+\frac{x-b}{x-a}=\frac{a}{b}+\frac{b}{a},(a\neq b)$ નો ઉકેલ ગણ ______ છે.

(a) {a-b, O} (b) $\left\{\frac{a}{b},o\right\}$ (c) {a+b, o} (d) {ab, o}

9. જો α & β સમીકરણ $x^2+13x+8 = 0$ ના બીજો હોય તો $\alpha^4+\beta^4$=______

(a) 23281 (b) 23218 (c) 23128 (d) 23182

10. જો બીજોના વર્ગોનો સરવાળો 40 અને તેમના ઘનનો સરવાળો 208 હોય તથા સહગુણકો સંમેય હોય તેવું દ્વિઘાત સમીકરણ ________ છે.

(a) $x^2+4x+12=0$ (b) $x^2-4x-12=0$ (c) $x^2-4x+12=0$ (d) $x^2+4x-12=0$

11. જો સમીકરણ $2x^2 + 16x + 3k = 0$ ના બીજો 4:5 પ્રમાણમાં છે. તો k=____

(a) $\frac{2560}{243}$ (b) $\frac{243}{2560}$ (c) $\frac{-2560}{243}$ (d) $\frac{-243}{2560}$

12. જો $\alpha$ અને $\beta$ સમીકરણ $x^2-x+1 = 0$ ના બીજો હોય તો $\alpha^{2009} + \beta^{2009} =$ ______

(a) -1 (b) 1 (c) -2 (d) 2

13. જો સમીકરણ $ax^2-6x+c+9=0$ ($a, c \in R, a \neq 0$) નું એકબીજ $3-5i$ હોય તો a=___ c=____

(a) 1,25 (b) -1,25 (c) 1,-25 (d) -1,-25

14. જો સમીકરણ $a(b-c)x^2 + b(c-a)x + c(a-b) = 0$ ના બીજો સમાન હોય તો a, b, c ____ શ્રેણીમાં છે.

(a) સમાંતર (b) સમગુણોત્તર (c) સ્વરિત (d) એકપણ નહી

15. જો સમીકરણ $bx^2+cx + a=0$ ના બીજો કાલ્પનિક હોય તો પ્રત્યેક $x \in R$ માટે પદાવલિ $3b^2x^2 + 6bc\,x + 2c^2$ ____

(a) $< 4ab$ (b) $> -4ab$ (c) $< -4ab$ (d) $> 4ab$

16. જો $\alpha$ & $\beta$ સમીકરણ $4x^2 + 3x + 7=0$ ના બીજો હોય તો $\frac{1}{\alpha^3}+\frac{1}{\beta^3}=$ ________

(a) $\frac{-27}{64}$ (b) $\frac{225}{343}$ (c) $\frac{63}{16}$ (d) $\frac{63}{64}$

17. જો સમીકરણ $4x^2-6x+p=0$ નું એકબીજ $q+2i$ હોય જ્યાં $p,q \in R$ તો p+q =_____

(a) 10 (b) 19 (c) -24 (d) -32

18. જો દ્વિઘાત સમીકરણ $(2k+3)x^2 + 2(k+3)x + (k+5) = 0$ $\left(k \in R, k \neq \frac{-3}{2}\right)$ ના બીજો સમાન હોય તો K =_____

(a) 1,6 (b) -1,-6 (c) -1,6 (d) 1, -6

19. $\frac{1}{10-\sqrt{72}}$ અને $\frac{1}{10+6\sqrt{2}}$ ના બીજોવાળુ દ્વિઘાત સમીકરણ ________ છે.

(a) $28x^2 - 20x + 1 = 0$ (b) $20x^2 - 28x + 1 = 0$

(c) $x^2 - 20x + 28 = 0$ (d) $x^2 - 28x + 20 = 0$

20. જો સમીકરણ $a^2x^2+ bx + c = 0$ ના બીજોનો વર્ગો એ સમીકરણ $a^2+x^2+b^2x + c^2= 0$ ના બીજો હોય તો, a,b,c ________ શ્રેણીમાં છે. ($a,b,c, \in R - \{0\}$)

(a) સમગુણોત્તર (b) સ્વરિત (c) સમાંતર (d) એકપણ નહી

21. સમીકરણ $3\left(x^2+\frac{1}{x^2}\right)+16\left(x+\frac{1}{x}\right)+26=0$ નો ઉકેલગણ _____

(a) $\left\{-1,\frac{-1}{3},-3\right\}$ (b) $\left\{1,\frac{1}{3},3\right\}$ (c) $\left\{-1,\frac{1}{3},3\right\}$ (d) $\left\{1,\frac{-1}{3},3\right\}$

22. જો સમીકરણ $x^2-px+q=0$ ના બીજોનો તફાવત 1 હોય તો ______

(a) $p^2+4q^2=(1+2q)^2$ (b) $q^2+4p^2=(1+2q)^2$

(c) $p^2-4q^2=(1+2q)^2$ (d) $q^2+4p^2=(1-2q)^2$

23. જો સમીકરણ $\frac{1}{x+a}+\frac{1}{x+b}=\frac{1}{k}$ ના બીજોનો સરવાળો શૂન્ય હોય તો તેના બીજોનો ગુણાકાર ___________ છે.

(a) $\frac{1}{2}\left(a^2+b^2\right)$ (b) $\frac{-1}{2}\left(a^2+b^2\right)$

(c) $\left(\frac{a+b}{2}\right)^2$ (d) એકપણ નહી

24. સમીકરણ $\ell x^2+mx+n+0$, $\ell\neq o$ માટે જો $\alpha$ અને $\beta$ બીજો હોય તથા $m^3+\ell^2 n+\ell n^2=3\ell mn$ તો

(a) $\alpha=\beta^2$ (b) $\alpha^3=\beta$ (c) $\alpha+\beta=\alpha\beta$ (d) $\alpha\beta=1$

25. જો $b^2=ac$, તથા સમીકરણ $ax^2+2bx+c=0$ અને $dx^2+2ex+f=0$ ના બીજો સામાન્ય હોય તો $\frac{d}{a}$, $\frac{e}{b}$, $\frac{f}{c}$ _______ શ્રેણીમાં હોય.

(a) સમાંતર (b) સમગુણોત્તર (c) સ્વરિત (d) એકપણ નહી

26. a, b, $\in R$, $a\neq b$ સમીકરણ $(a-b)x^2+5(a+b)x-2(a-b)=0$ ના બીજો _______

(a) વાસ્તવિક અને ભિન્ન (b) સંકર સંખ્યા

(c) વાસ્તવિક અને સમાન (d) એકપણ નહી

27. સમીકરણ $x=\sqrt{12+\sqrt{12+\sqrt{12.......upto\infty}}}$ નો ઉકેલ ગણ _______

(a) 4 (b) -4 (c) 3 (d) -3

28. સમીકરણ $\left(5+2\sqrt{6}\right)^{x^2-3}+\left(5-2\sqrt{6}\right)^{x^2-3}=10$ નો ઉકેલ ગણ ________

(a) $\left\{\pm2,\pm\sqrt{2}\right\}$ (b) $\left\{\pm3,\pm\sqrt{3}\right\}$ (c) $\left\{\pm5,\pm\sqrt{5}\right\}$ (d) $\left\{\pm6,\pm\sqrt{6}\right\}$

29. જેમના બીજો સમીકરણ $5x^2-3x+3 = 0$ ના બીજો કરતાં 3 ગણા હોય તો તેવું દ્વિઘાત સમીકરણની રચના કરો.

(a) $5x^2 - 9x + 27 = 0$ (b) $5x^2 + 9x + 27 = 0$

(c) $5x^2 - 9x - 27 = 0$ (d) $5x^2 + 9x - 27=0$

30. સમીકરણ $2x^2 + 16x + 3k = 0$ ના બીજોના વર્ગોનો સરવાળો 10 હોય તો k = ______

(a) 12 (b) 15 (c) 18 (d) 21

31. સમીકરણ $x^2+k^2 = (2k+2)\,x$, $k \in R$ના બીજો કાલ્પનિક હોય તો __________

(a) $k = \frac{-1}{2}$ (b) $k > \frac{-1}{2}$ (c) $k < \frac{-1}{2}$ (d) $\frac{-1}{2} < k < o$

32. જો સમીકરણ $x^2 - 2mx + m^2 - 1 = 0$ ના બંને બીજો -2 કરતાં મોટા અને 4 કરતાં નાના હોય તો m ની કિંમત ........... અંતરાલમાં મળે.

(a) $m > 3$ (b) $-1 < m < 3$ (c) $1 < m < 4$ (d) $-2 < m < o$

33. જો $o < x < \pi$ અને $\cos x + \sin x = \frac{1}{2}$ તો tanx ________

(a) $\frac{4-\sqrt{7}}{3}$ (b) $-\left(\frac{4+\sqrt{7}}{3}\right)$ (c) $\frac{1+\sqrt{7}}{3}$ (d) $\frac{1-\sqrt{7}}{3}$

34. જો સમીકરણ $x^2 + ax + 1 = 0$ ના બીજોનો તફાવત $\sqrt{5}$ કરતાં નાનો હોય તો a ની કિમતનો શક્ય અંતરાલ __________

(a) (-3, 3) (b) $(-3, \infty)$ (c) $(3, \infty)$ (d) $(-\infty, -3)$

35. સમીકરણ $x^2 - 6x + a = 0$ અને $x^2 - cx + 6 = 0$ નું એક બીજ સામાન્ય હોય તથા પ્રથમ અને બીજા સમીકરણના બીજા બીજનો ગુણોત્તર 4:3 ના પ્રમાણમાં હોય તો સામાન્ય બીજ __________ છે.

(a) 1 (b) 4 (c) 3 (d) 2

36. હાર્દિક અને શિવાંગ દ્વિઘાત સમીકરણ ઉકેલે છે. હાર્દિક અચળ પદ લખવામાં ભૂલ કરે છે. અને (4,3) ઉકેલ મેળવીને પૂરો કરે છે. જ્યારે શિવાંગ x નો સહગુણક લખવામાં ભૂલ કરે છે. અને ઉકેલ (3,2) મેળવે તો તે સમીકરણનોના સાચા ઉકેલો __________ છે.

(a) -4, 3 (b) 6, 1 (c) 4, 3 (d) -6, -1

37. જો $\Delta ABC$ માં $m\angle C = \frac{\pi}{2}$ જો $\tan\left(\frac{A}{2}\right)$ અને $\tan\left(\frac{B}{2}\right)$ સમીકરણ $ax^2 + bx + c = 0, a \neq o$ ના બીજો હોય તો __________

(a) b=a+c (b) b=c (c) c=a+b (d) a=b+c

38. બે સંખ્યાનો સમાંતર મધ્યક 9 અને ગુણોત્તર મધ્યક 4 તો તે સંખ્યા જેના બીજ હોય તેવું દ્વિઘાત સમીકરણ _____ છે.

(a) $x^2 + 18x + 16 = 0$ (b) $x^2 - 18x + 16 = 0$

(c) $x^2 + 18x - 16 = 0$ (d) $x^2 - 18x - 16 = 0$

39. જો સમીકરણ $x^2 + px + 12 = 0$ નું એકબીજ 4 છે જ્યારે સમીકરણ $x^2 + px + 1 = 0$ ના બીજો સમાન હોય તો q = _________

(a) $\frac{49}{4}$ (b) 12 (c) 3 (d) 4

40. સમીકરણ $x^2 - 3|x| - 10 = 0$ ના બીજોનો સરવાળો _______ છે.

(a) 3 (b) -3 (c) -10 (d) 0

41. સમીકરણ $x^2 - 5x + 4 = 0$ ના બીજોનો સમાંતર મધ્યક અને ધન સમગુણોત્તર મધ્યક જેમના બીજો હોય તેવું દ્વિઘાત સમીકરણ ________

(a) $x^2 + 9x + 5 = 0$ (b) $2x^2 + 9x + 10=0$

(c) $2x^2 - 9x + 10=0$ (d) $2x^2 - 9x - 10=0$

42. $(x+a)^2 + (x+b)^2 + (x+c)^2$ ની x આગળ ન્યુનત્તમ કિંમત ________

(a) $\frac{a+b+c}{3}$ (b) $-\frac{a+b+c}{3}$ (c) $\sqrt{abc}$ (d) $a^2 + b^2 + c^2$

43. સમીકરણ $3\left(x^2+\frac{1}{x^2}\right) -16\left(x+\frac{1}{x}\right) + 26 = 0$ નું સમાધાન કરતી x વાસ્તવીક કિંમતોની સંખ્યા ________ છે.

(a) 1 (b) 2 (c) 3 (d) 4

44. સમીકરણ $\sqrt{\frac{x}{x+2}} - \sqrt{\frac{x+2}{x}} = \frac{3}{2}$ નું સમાધાન કરતી માત્ર $x$ ની કિંમત ________ છે.

(a) $\frac{8}{3}$ (b) $\frac{-8}{3}$ (c) -4 (d) 4

45. $|x-5|^2 - |x-5| - 6 = 0$ ના બધા બીજોનો સરવાળો _______ છે.

(a) 10 (b) 6 (c) 0 (d) એકપણ નહી

46. જો $\alpha + \beta = 5$, $\alpha^2 = 5\alpha - 3$ અને $\beta^2 = 5\beta - 3$ તો $\frac{\alpha}{\beta}$ and $\frac{\beta}{\alpha}$ બીજોવાળું દ્વિઘાત સમીકરણ _____

(a) $3x^2 - 19x + 3 = 0$ (b) $x^2 + 5x - 3 = 0$

(c) $x^2 - 5x + 3=0$ (d) $3x^2 - 25x + 3 = 0$

47. જો $2a + 3b + 6c = 0$ તો સમીકરણ $ax^2 + bx + c = 0$ નું ઓછામાં ઓછું એકબીજ ______ અંતરાલમાં આવેલું છે.

(a) (2,3) (b) (1, 2) (c) (0, 1) (d) (1, 3)

48. સમીકરણ $x^2 - bx + c = 0$ ના બીજો બે ક્રમિક પૂર્ણાંકો હોય તો $b^2 - 4c$ = __________

(a) -2 (b) -3 (c) 3 (d) 1

49. સમીકરણ $2\ Sin^2 x + 5\ Sin\ x - 3 = 0$ નું સમાધાન કરતી $[0, 3\pi]$ અંતરાલમાં આવતી $x$ ની કિંમતોની સંખ્યા ..........છે.

જો $n \times n$ કક્ષાના ચોરસ શ્રેણિક A માટે $AA^{\theta} = I_n = A^{\theta}A$ તો A ને ઐકિક શ્રેણિક કહેવાય.

(19) હર્મિટીય શ્રેણિક :

જો $n \times n$ કક્ષાના ચોરસ શ્રેણિક A માટે $A^{\theta} = A$ , તો A ને હર્મિટીય શ્રેણિક કહેવાય.

(20) વિષમ-હર્મિટીય શ્રેણિક :

$n \times n$ કક્ષાના ચોરસ શ્રેણિક A માટે, જો $A^{\theta} = -A$ તો A ને વિષમ હર્મિટીય શ્રેણિક કહેવાય.

શ્રેણિકના નિશ્ચાયકના ગુણધર્મો

(i) $|A^T| = |A|$

(ii) $|AB| = |A||B|$

$|ABC| = |A||B||C|$

(iii) $|kA| = k^n |A|$ (જ્યાં A એ $n \times n$ શ્રેણિક છે.)

(iv) $|I| = 1$

કેટલાક નિશ્ચાયકોના મૂલ્યો

(i) સંમિત નિશ્ચાયક :

$$\begin{vmatrix} x & p & q \\ p & y & r \\ q & r & z \end{vmatrix} = xyz + 2pqr - xp^2 - yq^2 - zr^2$$

(ii) અયુગ્મ કક્ષા ધરાવતો વિસંમિત નિશ્ચાયક

$$\begin{vmatrix} o & x & y \\ -x & o & z \\ y & z & o \end{vmatrix} = 0$$

(iii) વૃત્તિય નિશ્ચાયક :

$$\begin{vmatrix} x & y & z \\ y & z & x \\ z & x & y \end{vmatrix} = -\left(x^3 + y^3 + z^3 - 3xyz\right)$$

ત્રિકોણનું ક્ષેત્રફળ :

જો ત્રિકોણના શિરોબિંદુના યામ $(x_1, y_1)$, $(x_2, y_2)$ અને $(x_3, y_3)$ હોય

તો, તે ત્રિકોણનું ક્ષેત્રફળ $= \Delta = \frac{1}{2} | D |$ , જ્યાં $D = \begin{vmatrix} x_1 & y_1 & 1 \\ x_2 & y_2 & 1 \\ x_3 & y_3 & 1 \end{vmatrix}$

ઉગમબિંદુનું સ્થાનાંતર એ $\Delta$ ને અસર કરતું નથી.

જો $D = 0 \Leftrightarrow$ ત્રણેય બિંદુઓ સમરેખ છે.

જો ત્રિકોણની બાજુઓ $a_1x + b_1y + c_1 = 0$

$a_2x + b_2y + c_2 = 0$

$a_3x + b_3y + c_3 = 0$

$\therefore$ ત્રિકોણનું ક્ષેત્રફળ $= \frac{\Delta^2}{2 | C_1 C_2 C_3 |}$ , જ્યાં $C_1, C_2, C_3$ અનુક્રમે $c_1, c_2, c_3$ ના સહ અવયવ છે.

અને $\Delta = \begin{vmatrix} a_1 & b_1 & c_1 \\ a_2 & b_2 & c_2 \\ a_3 & b_3 & c_3 \end{vmatrix}$

બિંદુઓ $(x_1, y_1)$ અને $(x_2, y_2)$ માંથી પસાર થતી રેખાનું કાર્તેઝિય સમીકરણ $\Rightarrow \begin{vmatrix} x & y & 1 \\ x_1 & y_1 & 1 \\ x_2 & y_2 & 1 \end{vmatrix} = 0$

નિશ્ચાયકના ગુણધર્મો ($D =$ નિશ્ચાયક નું મૂલ્ય )

(1) જો કોઈ એક હાર (સ્તંભ)ના બધા જ ઘટકો શૂન્ય હોય (શૂન્ય સદિશ), તો $D = 0$

(2) જો બે હાર (સ્તંભ)ના અનુરૂપ ઘટકો સમાન હોય, તો $D = 0$

(3) જો કોઈપણ બે હાર (સ્તંભ)ની અદલાબદલી કરતાં D વિરોધી સંખ્યા - D થાય છે.

(4) જો કોઈપણ બે હાર (સ્તંભ)ની અદલાબદલી કરતા D ન બદલાય તો $|A^T| = |A|$ થાય.

(5) $\begin{vmatrix} ka_1 & kb_1 & kc_1 \\ a_2 & b_2 & c_2 \\ a_3 & b_3 & c_3 \end{vmatrix} = k \begin{vmatrix} a_1 & b_1 & c_1 \\ a_2 & b_2 & c_2 \\ a_3 & b_3 & c_3 \end{vmatrix}$

(6) $\begin{vmatrix} a_1 + d_1 & b_1 + e_1 & c_1 + f_1 \\ a_2 & b_2 & c_2 \\ a_3 & b_3 & c_3 \end{vmatrix} = \begin{vmatrix} a_1 & b_1 & c_1 \\ a_2 & b_2 & c_2 \\ a_3 & b_3 & c_3 \end{vmatrix} + \begin{vmatrix} d_1 & e_1 & f_1 \\ a_2 & b_2 & c_2 \\ a_3 & b_3 & c_3 \end{vmatrix}$

(7) બધી જ હારને અનુરૂપ સ્તંભમાં ફેરવતા D ન બદલાય.

(8) કોઈપણ હારના (સ્તંભના) પ્રત્યેક ઘટકને $k \in R (k \neq 0)$ વડે ગુણીને અન્ય હાર (સ્તંભ)ના અનુરૂપ ઘટકમાં

ઉમેરતાં D ન બદલાય.

$$\begin{vmatrix} a_1 & b_1 & c_1 \\ a_2 & b_2 & c_2 \\ a_3 & b_3 & c_3 \end{vmatrix} = \begin{vmatrix} a_1+ka_2 & b_1+kb_2 & c_1+kc_2 \\ a_2 & b_2 & c_2 \\ a_3 & b_3 & c_3 \end{vmatrix}$$

(9) નિશ્ચાયકોનો ગુણાકાર શ્રેણિકોના ગુણાકારની રીત પ્રમાણે જ થાય છે.

$$|AB| = |A|\,|B| = |BA| = |AB^T| = |A^TB| = |A^TB^T|$$

(10) $D = \begin{vmatrix} f_1 & g_1 & h_1 \\ f_2 & g_2 & h_2 \\ f_3 & g_3 & h_3 \end{vmatrix}$, જ્યાં $f_r, g_r, h_r$ એ x ના વિધેયો છે, r = 1, 2, 3

$$\therefore \frac{dD}{dx} = \begin{vmatrix} f_1' & g_1' & h_1' \\ f_2 & g_2 & h_2 \\ f_3 & g_3 & h_3 \end{vmatrix} + \begin{vmatrix} f_1 & g_1 & h_1 \\ f_2' & g_2' & h_2' \\ f_3 & g_3 & h_3 \end{vmatrix} + \begin{vmatrix} f_1 & g_1 & h_1 \\ f_2 & g_2 & h_2 \\ f_3' & g_3' & h_3' \end{vmatrix}$$

(11) જેના ઘટકો બહુપદી સ્વરૂપના હોય તેવો તૃતિય કક્ષાનો નિશ્ચાયક D(x) લેતાં,

જો D(m) ની કોઈપણ બે હાર (સ્તંભ)ના અનુરૂપ ઘટકો સમાન હોય, તો D(x) નો એક અવયવ x - m થાય.

જો D(m) ની ત્રણેય હાર (સ્તંભ)ના અનુરૂપ ઘટકો સમાન હોય, તો $(x - m)^2$ એ D(x) ના અવયવ થાય.

- **ઉપનિશ્ચાયક**

$$A = \left[a_{ij}\right]_{3\times3} = \begin{bmatrix} a_{11} & a_{12} & a_{13} \\ a_{21} & a_{22} & a_{23} \\ a_{31} & a_{32} & a_{33} \end{bmatrix} \text{ લેતાં,}$$

A માં ઘટક $a_{ij}$ (i, j = 1, 2, 3) નો ઉપનિશ્ચાયક = $M_{ij}$ = ઘટક $a_{ij}$ ને સમાવતી $i^{મી}$ હાર અને $j^{મા}$ સ્તંભને દૂર કર્યા પછી A માંથી મળતા નિશ્ચાયક ને $a_{ij}$ નો ઉપનિશ્ચાયક કહે છે.

A માં ઘટક $a_{ij}$ (i, j = 1, 2, 3) નો સહઅવયવ

$= A_{ij} = (-1)^{i+j}(M_{ij})$

ત્રિહાર નિશ્ચાયકમાં કોઈપણ હાર (સ્તંભ)ના ઘટકોને અનુરૂપ સહઅવયવો વડે ગુણીને ઉમેરતાં નિશ્ચાયકનું મૂલ્ય મળે છે.

ત્રિહાર નિશ્ચાયકમાં કોઈપણ હાર (સ્તંભ)ના ઘટકોને અન્ય હાર (સ્તંભ)ના અનુરૂપ ઘટકોના સહઅવયવો વડે ગુણી ને ઉમેરતાં મળતો સરવાળો શૂન્ય થાય છે.

$$\sum_{j=1}^{3} a_{ij} A_{kj} = \begin{cases} A & \text{જો } i = k = 1, 2, 3 \\ 0 & \text{જો } i \neq k = 1, 2, 3 \end{cases}$$

$$\sum_{i=1}^{3} a_{ij} A_{ik} = \begin{cases} A & \text{જો} \quad j = k = 1, 2, 3 \\ O & \quad\quad j \neq k = 1, 2, 3 \end{cases}$$

સહઅવયવજ શ્રેણિક :

A નો સહઅવયવજ શ્રેણિક = A ના સહઅવયવોનો પરિવર્ત શ્રેણિક

$$= \text{adj}A = \begin{bmatrix} A_{11} & A_{21} & A_{31} \\ A_{12} & A_{22} & A_{32} \\ A_{13} & A_{23} & A_{33} \end{bmatrix} = \left[A_{ji}\right]_{3 \times 3}$$

જો $A = \left[a_{ij}\right]_{n \times n}$, તો $\text{adj}A = \left[A_{ji}\right]_{n \times n}$

$2 \times 2$ શ્રેણિકનો સહઅવયવજ શ્રેણિક મેળવવા માટે, મુખ્ય વિકર્ણના ઘટકોની અદલબદલ કરવાની તથા પ્રતિવિકર્ણના ઘટકોની નિશાની બદલવાની હોય છે.

સહઅવયવજ શ્રેણિકના ગુણધર્મો

જો A એ $n \times n$ ચોરસ શ્રેણિક છે, તો

(1) $A(\text{adj}A) = (\text{adj}A)A = |A|I_n$

(2) $\text{adj } I_n = I_n$

(3) $\text{adj}(kI_n) = k^{n-1} I_n$, k અચળ છે.

(4) $\text{adj } A^T = (\text{adj } A)^T$

(5) $\text{adj}(kA) = k^{n-1} \text{ adj}A$, k અચળ છે.

(6) $\text{adj }(AB) = (\text{adj } B)(\text{adj } A)$

(7) $\text{adj }(ABC) = (\text{adj } C)(\text{adj } B)(\text{adj } A)$

(8) વિકર્ણ શ્રેણિકનો સહઅવયવજ વિકર્ણ શ્રેણિક છે.

(9) ત્રિકોણિય શ્રેણિકનો સહઅવયવજ ત્રિકોણિય શ્રેણિક છે.

(10) સંમિત શ્રેણિકનો સહઅવયવજ સંમિત શ્રેણિક છે.

(11) હર્મિટીય શ્રેણિકનો સહઅવયવજ હર્મિટીય શ્રેણિક છે.

જો $|A| = 0$ તો A અસામાન્ય શ્રેણિક કહેવાય.

જો $|A| \neq 0$ તો A સામાન્ય શ્રેણિક કહેવાય.

(12) $|\text{adj}A| = |A|^{n-2} A$

(13) $|\text{adj}(\text{adj}A)| = |A|^{n-2} A$

(14) $|\text{adj}(\text{adj}A)| = |A|^{(n-1)^2}$

વ્યસ્ત શ્રેણિક :

જો ચોરસ શ્રેણિક A ને સંગત બીજો ચોરસ શ્રેણિક B એવો મળે કે જેથી AB = I = BA થાય, તો B(A) ને A(B) નો વ્યસ્ત શ્રેણિક કહે છે. A ના વ્યસ્તશ્રેણિકને $A^{-1}$ વડે દર્શાવાય છે.

$$\therefore\ A^{-1} = \frac{1}{|A|}\text{adj } A$$

જો A ને વ્યસ્ત શ્રેણિક હોય તો તે અનન્ય છે.

ચોરસ શ્રેણિક A સામાન્ય હોય

$\Leftrightarrow |A| \neq 0$

$\Leftrightarrow A^{-1}$ અસ્તિત્વ ધરાવે.

કેટલાક અગત્યનાં પરિણામો

(i) $\left|A^{-1}\right| = |A|^{-1}$

(ii) $(AB)^{-1} = B^{-1}A^{-1}$

(iii) $\left(A^{T}\right)^{-1} = \left(A^{-1}\right)^{T}$

(iv) $\left(A^{k}\right)^{-1} = \left(A^{-1}\right)^{k}, k \in Z$

(v) $A = \text{diag}\left[a_{11}\ \ a_{22}\ \ a_{33}\ \ldots\ a_{nn}\right]$ અને $a_{11} \cdot a_{22} \cdot a_{33} \ldots q_{nn} \neq 0$ તો

$A^{-1} = \text{diag}\left[{a_{11}}^{-1}\ \ {a_{22}}^{-1}\ \ {a_{33}}^{-1}\ \ldots\ {a_{nn}}^{-1}\right]$

(vi) સંમિત શ્રેણિકનો વ્યસ્ત સંમિત શ્રેણિક હોય છે.

શ્રેણિકના પ્રાથમિક પરિવર્તનો

(1) હાર (સ્તંભ) ની અદલાબદલી

(2) કોઈપણ હાર (સ્તંભ) ના પ્રત્યેક ઘટકને શૂન્યેતર અદિશ વડે ગુણવા

(3) કોઈપણ હાર (સ્તંભ) ના પ્રત્યેક ઘટકને શૂન્યેતર અદિશ વડે ગુણી અન્ય હાર (સ્તંભ) ના અનુરૂપ ઘટકમાં ઉમેરવા (બાદ કરવા)

- **સુસંગતતા કસોટી**

  જો સમીકરણ સંહતિ ઓછામાં ઓછો એક ઉકેલ ગણ ધરાવે (ઉકેલગણ ખાલી ગણ ન હોય), તો તેને સુસંગત સમીકરણોની સંહતિ કહે છે.

  જો સમીકરણ સંહતિ ને ઉકેલ ન મળે (ઉકેલગણ ખાલીગણ), તો તેને અસંગત સમીકરણોની સંહતિ કહે છે.

- **દ્વિચલ/ત્રિચલ સુરેખ સમીકરણની સંહતિનો ઉકેલ :**
- **દેખીતો ઉકેલ :**

  આપેલા બધાં જ ચલની કિંમત શૂન્ય હોય

જેમકે $x = 0, y = 0, z = 0$

- **દેખીતો ન હોય તેવો ઉકેલ**

ઓછામાં ઓછા એક ચલની કિંમત શૂન્યેતર હોય.

- **સમઘાત સુરેખ સમીકરણ :**

જે સુરેખ સમીકરણમાં અચળ પદ શૂન્ય હોય

જેમ કે $ax + by = 0$ અથવા $ax + by + cz = 0$ તેવા સમીકરણ ને સમઘાત સુરેખ સમીકરણ કહેવાય છે.

- **સમઘાત સુરેખ સમીકરણનો ઉકેલ :**

ત્રણ ચલ માટે

$$a_{11}x + a_{12}y + a_{13}z = 0$$

$$a_{21}x + a_{22}y + a_{23}z = 0$$

$$a_{31}x + a_{32}y + a_{33}z = 0$$

$$\begin{bmatrix} a_{11} & a_{12} & a_{13} \\ a_{21} & a_{22} & a_{23} \\ a_{31} & a_{32} & a_{33} \end{bmatrix} \begin{bmatrix} x \\ y \\ z \end{bmatrix} = \begin{bmatrix} 0 \\ 0 \\ 0 \end{bmatrix}$$

$AX = O$ કહો

બે ચલ માટે

$$a_{11}x + a_{12}y = 0$$

$$a_{21}x + a_{22}y = 0$$

$$\begin{bmatrix} a_{11} & a_{12} \\ a_{21} & a_{22} \end{bmatrix} \begin{bmatrix} x \\ y \end{bmatrix} = \begin{bmatrix} 0 \\ 0 \end{bmatrix}$$

$AX = O$ કહો

(1) જો $|A| \neq 0$ તો આપેલ સંહતિ સુસંગત થશે અને તેને ફક્ત દેખીતો (અનન્ય) ઉકેલ મળે.

(2) જો $|A| = 0$ તો આપેલ સંહતિ સુસંગત થશે અને તેને દેખીતો ન હોય તેવો (અનંત) ઉકેલ મળે.

- **વિષમઘાત સુરેખ સમીકરણનો ઉકેલ**

ત્રણ સમીકરણો

$$a_1x + b_1y + c_1z = d_1$$

$$a_2x + b_2y + c_2z = d_2$$

$$a_3x + b_3y + c_3z = d_3$$

વ્યસ્ત શ્રેણિકના ઉપયોગની પદ્ધતિ :

સમીકરણ સંહતિને $AX = B$ પ્રમાણે લખી શકાય જ્યાં,

$$A = \begin{bmatrix} a_1 & b_1 & c_1 \\ a_2 & b_2 & c_2 \\ a_3 & b_3 & c_3 \end{bmatrix}, X = \begin{bmatrix} x \\ y \\ z \end{bmatrix} \text{ અને } B = \begin{bmatrix} d_1 \\ d_2 \\ d_3 \end{bmatrix}$$

જો $|A| \neq 0$ (A સામાન્ય શ્રેણિક) હોય, તો $A^{-1}$ નું અસ્તિત્વ છે અને ઉકેલ $X = A^{-1}B$ પ્રમાણે મળે.

**ક્રેમરનું સૂત્ર**

$$x = \frac{D_1}{D}, y = \frac{D_2}{D}, z = \frac{D_3}{D}$$

જયાં

$$D_1 = \begin{vmatrix} d_1 & b_1 & c_1 \\ d_2 & b_2 & c_2 \\ d_3 & b_3 & c_3 \end{vmatrix}, D_2 = \begin{vmatrix} a_1 & d_1 & c_1 \\ a_2 & d_2 & c_2 \\ a_3 & d_3 & c_3 \end{vmatrix}, D_3 = \begin{vmatrix} a_1 & b_1 & d_1 \\ a_2 & b_2 & d_2 \\ a_3 & b_3 & d_3 \end{vmatrix} \quad D = \begin{vmatrix} a_1 & b_1 & c_1 \\ a_2 & b_2 & c_2 \\ a_3 & b_3 & c_3 \end{vmatrix}$$

(1) જો $D \neq 0$ તો સમીકરણની સંહતિ સુસંગત કહેવાય અને તેને અનન્ય ઉકેલ મળે.

(2) જો $D = 0$ અને $D_1 = D_2 = D_3 = 0$ તો સમીકરણની સંહતિ સુસંગત કહેવાય અને તેને અનંત ઉકેલ મળે.

(3) જો $D = 0$ અને $D_1$ , $D_2$ કે $D_3$ માંથી ઓછામાં ઓછો એક શૂન્યેતર હોય, તો સમીકરણની સંહતિ અસંગત થાય અને તેને ઉકેલ ન મળે (ઉકેલ ખાલીગણ)

ઉપરની બંને પદ્ધતિ બે ચલના બે સુરેખ સમીકરણના ઉકેલ માટે પણ સત્ય છે.

**શ્રેણિકનું લાક્ષણિક સમીકરણ :**

$A = [a_{ij}]_{n \times n}$ હોય તો શ્રેણિક $A - \lambda I$ ને લાક્ષણિક શ્રેણિક કહે છે. સમીકરણ $|A - \lambda I| = 0$ ને A નું લાક્ષણિક સમીકરણ કહે છે.

$|A - \lambda I| = 0$ તો સમઘાત સમીકરણની સંહતિને દેખીતો ન હોય તેવો ઉકેલ મળે છે.

દરેક ચોરસ શ્રેણિક A તેના લાક્ષણિક સમીકરણ $|A - \lambda I| = 0$ નું સમાધાન કરે છે.

# પ્રશ્ન બેન્ક

1. જો સમીકરણોની સંહતી $x + ky + 3z = 0$, $3x + ky - 2z = 0$ , $2x + 3y - 4z = 0$ ને દેખીતો ઉકેલ ન હોય, તો $\frac{xy}{z^2} = \ldots$)

(a) $\frac{5}{6}$ (b) $-\frac{5}{6}$ (c) $\frac{6}{5}$ (d) $-\frac{6}{5}$

2. $\begin{vmatrix} n & {}_nP_n & {}_nC_n \\ n+1 & {}_{n+1}P_{n+1} & {}_{n+1}C_{n+1} \\ n+2 & {}_{n+2}P_{n+2} & {}_{n+2}C_{n+2} \end{vmatrix} = \ldots$

(a) $(n^2 + n + 1)n!$ (b) $n(n+1)!$ (c) $(n+1)n!$ (d) $(n+2)n!$

3. $b(a+c) \neq 0$ થાય તેવા a, b, c લેતાં,

જો $\begin{vmatrix} a & a+1 & a-1 \\ -b & b+1 & b-1 \\ c & c-1 & c+1 \end{vmatrix} + \begin{vmatrix} a+1 & b+1 & c-1 \\ a-1 & b-1 & c+1 \\ (-1)^{n+2}a & (-1)^{n+1}b & (-1)^n c \end{vmatrix} = 0$ તો n એ ... છે.

(a) શૂન્ય (b) કોઈપણ યુગ્મ પૂર્ણાંક

(c) કોઈપણ અયુગ્મ પૂર્ણાંક (d) કોઈપણ પૂર્ણાંક

4. $\begin{vmatrix} \sin(x+p) & \sin(x+q) & \sin(x+r) \\ \sin(y+p) & \sin(y+q) & \sin(y+r) \\ \sin(z+p) & \sin(z+q) & \sin(z+r) \end{vmatrix} = \cdots$

(a) $\sin(x+y+z)$ (b) $\sin(p+q+r)$ (c) 1 (d) 0

5. જો $\begin{vmatrix} 3x-8 & 3 & 3 \\ 3 & 3x-8 & 3 \\ 3 & 3 & 3x-8 \end{vmatrix} = 0$, તો $x = \ldots$

(a) $\frac{3}{2}, \frac{3}{11}$ (b) $\frac{3}{2}, \frac{11}{3}$ (c) $\frac{2}{3}, \frac{11}{3}$ (d) $\frac{2}{3}, \frac{3}{11}$

6. જો $\begin{vmatrix} (b+c)^2 & a^2 & a^2 \\ b^2 & (c+a)^2 & b^2 \\ c^2 & c^2 & (a+b)^2 \end{vmatrix} = k\,(abc)\,(a+b+c)^3$, તો $k = \ldots$

(a) 1 (b) -1 (c) -2 (d) 2

7. જો $\begin{vmatrix} \frac{a^2+b^2}{c} & c & c \\ a & \frac{b^2+c^2}{a} & a \\ b & b & \frac{c^2+a^2}{b} \end{vmatrix} = kbc,$ તો $k = \ldots$

(a) 4 (b) 3 (c) 2 (d) 1

8. જો સદિશો $(1, a, a^2), (1, b, b^2), (1, c, c^2)$ અસમતલીય અને $\begin{vmatrix} a & a^2 & 1+a^3 \\ b & b^2 & 1+b^3 \\ c & c^2 & 1+c^3 \end{vmatrix} = 0$, હોય તો $abc = \ldots$

(a) 0 (b) 2 (c) -1 (d) 1

9. $\begin{vmatrix} \sqrt{11}+\sqrt{3} & \sqrt{20} & \sqrt{5} \\ \sqrt{15}+\sqrt{22} & \sqrt{25} & \sqrt{10} \\ 3+\sqrt{55} & \sqrt{15} & \sqrt{25} \end{vmatrix} = \ldots$

(a) $5\left(5\sqrt{3}-3\sqrt{2}\right)$ (b) $5\left(3\sqrt{2}+5\sqrt{3}\right)$ (c) $-5\left(5\sqrt{3}+3\sqrt{2}\right)$ (d) $5\left(3\sqrt{2}-5\sqrt{3}\right)$

10. જો $2s = a + b + c$ અને $A = \begin{bmatrix} a^2 & (s-a)^2 & (s-a)^2 \\ (s-b)^2 & b^2 & (s-b)^2 \\ (s-c)^2 & (s-c)^2 & c^2 \end{bmatrix}$ તો $|A| = \ldots$

(a) $2s^2(s-a)(s-b)(s-c)$ (b) $2s^3(s-a)(s-b)(s-c)$

(c) $2s(s-a)^2(s-b)^2(s-c)^2$ (d) $2s^2(s-a)^2(s-b)^2(s-c)^2$

11. સમઘાત સુરેખ સમીકરણની સંહતિ

$$\begin{bmatrix} \alpha & \alpha+\beta+\gamma+\delta & \alpha\beta+\gamma\delta \\ \alpha+\beta+\gamma+\delta & 2(\alpha+\beta)(\gamma+\delta) & \alpha\beta(\gamma+\delta)+\gamma\delta(\alpha+\beta) \\ \alpha\beta+\gamma\delta & \alpha\beta(\gamma+\delta)+\gamma\delta(\alpha+\beta) & 2\alpha\beta\gamma\delta \end{bmatrix}\begin{bmatrix} x \\ y \\ z \end{bmatrix} = O$$

ને દેખીતો ન હોય તેવો ઉકેલ ક્યારે હોય ?

(a) $\alpha+\beta+\gamma+\delta = 0))))$ (b) કોઈપણ $\alpha, \beta, \gamma, \delta$ માટે

(c) $\alpha\beta+\gamma\delta = 0$ (d) $\alpha\beta(\gamma+\delta)+\gamma\delta(\alpha+\beta)$

12. $A = \begin{bmatrix} 4 & 4k & k \\ 0 & k & 4k \\ 0 & 0 & 4 \end{bmatrix}$ જો $|A^2| = 16$, તો $|k| = \dots$

(a) 1 (b) $\frac{1}{4}$ (c) 4 (d) $4^2$

13. જો $1, \omega, \omega^2$ એ 1 ના ઘનમૂળ હોય, તો $\begin{vmatrix} a & a^2 & a^3-1 \\ a^{\omega} & a^{2\omega} & a^{3\omega}-1 \\ a^{\omega^2} & a^{2\omega^2} & a^{3\omega^2}-1 \end{vmatrix} = \dots$

(a) 0 (b) a (c) $a^2$ (d) $a^3$

14. જો $a_1, a_2, a_3, \dots$ એ સમગુણોત્તર શ્રેણીમાં હોય, તો

$$\begin{vmatrix} \log a_n & \log a_{n+1} & \log a_{n+2} \\ \log a_{n+3} & \log a_{n+4} & \log a_{n+5} \\ \log a_{n+6} & \log a_{n+7} & \log a_{n+8} \end{vmatrix} = \cdots$$

(a) 0 (b) 1 (c) 2 (d) 4

15. જો $P = \begin{bmatrix} \frac{\sqrt{3}}{2} & \frac{1}{2} \\ -\frac{1}{2} & \frac{\sqrt{3}}{2} \end{bmatrix}$, $A = \begin{bmatrix} 1 & 1 \\ 0 & 1 \end{bmatrix}$ અને $Q = PAP^T$, તો $P^TQ^{2013}P = \dots$

(a) $\begin{bmatrix} 1 & 2013 \\ 0 & 1 \end{bmatrix}$ (b) $\begin{bmatrix} 4+2013\sqrt{3} & 6039 \\ 2013 & 4-2013\sqrt{3} \end{bmatrix}$

(c) $\frac{1}{4}\begin{bmatrix} 2+\sqrt{3} & 1 \\ -1 & 2+\sqrt{3} \end{bmatrix}$ (d) $\frac{1}{4}\begin{bmatrix} 2012 & 2-\sqrt{3} \\ 2+\sqrt{3} & 2012 \end{bmatrix}$

16. $\overline{A} = \begin{bmatrix} -1 & 2-3i & 3+4i \\ 2+3i & 5 & 1+i \\ 3-4i & 1-i & 4 \end{bmatrix}$, તો $|A|$એ … છે.

(a) શુદ્ધ વાસ્તવિક સંખ્યા (b) શુદ્ધ કાલ્પનિક સંખ્યા

(c) સંકર સંખ્યા (d) શૂન્ય

17. $\begin{vmatrix} \log_3 1024 & \log_8 3 \\ \log_3 8 & \log_4 9 \end{vmatrix} \times \begin{vmatrix} \log_2 3 & \log_4 3 \\ \log_3 4 & \log_3 4 \end{vmatrix} = \ldots$

(a) 6 (b) 9 (c) 10 (d) 12

18. જો $A = \begin{bmatrix} i & 0 & 0 \\ 0 & i & 0 \\ 0 & 0 & i \end{bmatrix}, i = \sqrt{-1}$, તો $A^n = I$ જ્યારે $n = \ldots$ જ્યાં I એ એકમ શ્રેણિક છે.

(a) 4p + 1 (b) 4p + 3 (c) 4p (d) 4p + 2

19. જો $A = \begin{bmatrix} k & 3 \\ 3 & k \end{bmatrix}$ અને $|A^3| = 343$, તો k કિંમત ... છે.

(a) $\pm 1$ (b) $\pm 2$ (c) $\pm 3$ (d) $\pm 4$

20. જો $A = \begin{bmatrix} 1 & 0 \\ 1 & 1 \end{bmatrix}$, તો $A^n + (n-1)I = \ldots$

(a) $2^{n-1} A$ (b) - nA (c) nA (d) (n + 1)A

21. જો $\begin{vmatrix} x^2+x & x+1 & x-2 \\ 2x^2+3x-1 & 3x & 2x-3 \\ x^2+2x+3 & 2x-1 & 2x-1 \end{vmatrix} = 24x + B$, તો B = ...

(a) $-12$ (b) 12 (c) 24 (d) $-8$

22. $\begin{vmatrix} \tan^2 x & -\sec^2 x & 1 \\ -\sec^2 x & \tan^2 x & 1 \\ -10 & 12 & 2 \end{vmatrix} = \cdots$

(a) $12\tan^2 x - 10\sec^2 x$ (b) $12\sec^2 x - 10\tan^2 x - 2$

(c) 0 (d) $\tan^2 x \cdot \sec^2 x$

23. જો $f(x) = \begin{vmatrix} \sec x & \cos x & \sec^2 x + \cos x.\operatorname{cosec}^2 x \\ \cos^2 x & \cos^2 x & \operatorname{cosec}^2 x \\ 1 & \cos^2 x & \operatorname{cosec}^2 x \end{vmatrix}$, તો $\int_0^{\frac{\pi}{2}} f(x)\,dx = \ldots$

(a) $\frac{1}{3} - \frac{\pi}{3}$ (b) $\frac{1}{3} - \frac{\pi}{4}$ (c) $\frac{2}{3} + \frac{\pi}{3}$ (d) $\frac{4}{3} - \frac{\pi}{4}$

24. જો $f(x)=\begin{vmatrix} x & e^{x^2} & \sec x \\ \sin x & 2 & \cos x \\ \operatorname{cosec} x & x^2 & 5 \end{vmatrix}$, તો $\int_{-\frac{\pi}{2}}^{\frac{\pi}{2}} f(x)\,dx = \ldots$

(a) 0 (b) $5e^{\pi}$ (c) $1-\frac{\pi}{2}$ (d) 34

25. જો $A=\begin{bmatrix} a & b & c \\ b & c & a \\ c & a & b \end{bmatrix}$, જ્યાં $a,b,c \in R^{+}$, $abc = 1$ અને $|A| > 0$, $A^{T}A = I$ તો $a^3 + b^3 + c^3 = \ldots$

(a) 12 (b) 4 (c) - 8 (d) 28

26. જો $f(x)=\begin{vmatrix} x^n & \sin x & \cos x \\ n! & \sin\left(\frac{n\pi}{2}\right) & \cos\left(\frac{n\pi}{2}\right) \\ p & p^2 & p^3 \end{vmatrix}$, તો $\left[\frac{d^n}{dx^n} f(x)\right]_{x=0} = \ldots$ જ્યાં p એ અચળ છે.

(a) p (b) $p + p^2$ (c) $p^3$ (d) p પર આધારીત નથી

27. નિશ્ચાયક $\begin{vmatrix} \cos^2\left(x+\frac{\pi}{2}\right) & \cos^2\left(\frac{3\pi}{2}+x\right) & \cos^2\left(\frac{5\pi}{2}+x\right) \\ \cos\left(\frac{\pi}{2}+x\right) & \cos\left(\frac{3\pi}{2}+x\right) & \cos\left(\frac{5\pi}{2}+x\right) \\ \cos\left(\frac{\pi}{2}-x\right) & \cos\left(\frac{3\pi}{2}-x\right) & \cos\left(\frac{5\pi}{2}-x\right) \end{vmatrix}$ નું મુલ્ય … છે.

(a) 0 (b) $\cos^2\left(3x-\frac{9\pi}{2}\right)$ (c) $\sin^2\left(\frac{3\pi}{2}+x\right)$ (d) $\cos^2\left(\frac{15\pi}{2}-x\right)$

28. જો $\Delta(x)=\begin{vmatrix} x^2-5x+3 & 2x-5 & 3 \\ 3x^2+x+4 & 6x+1 & 9 \\ 7x^2-6x+9 & 14x-6 & 21 \end{vmatrix} = ax^3+bx^2+cx+d$, તો $d = \ldots$

(a) 156 (b) 187 (c) 119 (d) 141

29. જો $A=\begin{bmatrix} 3a & b & c \\ b & 3c & a \\ c & a & 3b \end{bmatrix}$, $a,b,c \in R$, $abc=1$, $AA^{T} = 64I$ અને $|A| > 0$, તો $\left(a^3+b^3+c^3\right)^3 = \ldots$

(a) 343 (b) 729 (c) 256 (d) 512

30. જો P એ સામાન્ય શ્રેણિક હોય અને $1 + P + P^2 + ... + P^n = O$, જ્યાં O એ શૂન્ય શ્રેણિક છે, તો $P^{-1} = ...$

(a) O (b) P (c) $P^n$ (d) I

31. $\begin{bmatrix} a-b-c & 2a & 2a \\ 2b & b-c-a & 2b \\ 2c & 2c & c-a-b \end{bmatrix}$ ને અસામાન્ય શ્રેણિક થવા માટે ... થવું જોઈએ.

(a) $a-b=0$ (b) $a+b=0$ (c) $a+b+c=0$ (d) $a=0$

32. $\begin{vmatrix} x+1 & x+3 & x+4 \\ x+4 & x+6 & x+8 \\ x+8 & x+10 & x+14 \end{vmatrix} = ...$

(a) 2 (b) $-2$ (c) 4 (d) $-4$

33. જો a, b, c એ ભિન્ન ધન સંખ્યાઓ હોય, તો નિશ્ચાયક $\begin{vmatrix} a & b & c \\ b & c & a \\ c & a & b \end{vmatrix}$ નુ મૂલ્ય ... થાય.

(a) $>0$ (b) $\geq 0$ (c) $<0$ (d) $\leq 0$

34. $\begin{vmatrix} 1 & a & a^2-bc \\ 1 & b & b^2-ca \\ 1 & c & c^2-ab \end{vmatrix} = ...$

(a) 0 (b) $(a^2-bc)(b^2-ca)(c^2-ab)$

(c) $(a-b)(b-c)(c-a)$ (d) $-1$

35. જો સમીકરણો y + z = - ax, z + x = -by, x + y = -cz ને દેખીતો ન હોય તેવો ઉકેલ મળે, તો $\frac{1}{1-a}+\frac{1}{1-b}+\frac{1}{1-c} = ...$

(a) 1 (b) 2 (c) -1 (d) -2

36. જો સમીકરણો a(y + z) = x, b(z + x) = y, c(x + y) = z ને દેખિતો ન હોય તેવો ઉકેલ મળે, તો $\frac{1}{1+a}+\frac{1}{1+b}+\frac{1}{1+c} = ...$

(a) 1 (b) 2 (c) -1 (d) -2

37. જો સમીકરણો $x-2y+3z=0, -2x+3y+2z=0, -8x+\lambda y=0$ ને દેખીતો ન હોય તેવો ઉકેલ મળે, તો $\lambda = ...$

(a) 18 (b) 13 (c) -10 (d) 4

38. જો સમીકરણો x + 3y + z = 0, 2x - y - z = 0, kx + 2y + 3z = 0 ને દેખીતો ન હોય તેવો ઉકેલ મળે, તો k = ...

(a) $\frac{13}{2}$ (b) $\frac{9}{2}$ (c) $-\frac{15}{2}$ (d) $-\frac{13}{2}$

39. જો સમીકરણો ax + by + cz = 0, 4x + 3y + 2z = 0 x + y + z = 0 ને દેખીતો ઉકેલ ન હોય તેવા સમયે a, b, c એ ... માં હોય.

(a) સમાંતર શ્રેણી (b) સમગુણોત્તર શ્રેણી (c) વધતી શ્રેણી (d) ઘટતી શ્રેણી

40. જો સમીકરણ સંહતિ x + ay = 0, az + y = 0, ax + z = 0 ને અનંત ઉકેલ હોય, તો a = ...

(a) 0 (b) 1 (c) -1 (d) -2

41. સમીકરણ $\begin{vmatrix} 1 & 4 & 20 \\ 1 & -2 & 5 \\ 1 & 2x & 5x^2 \end{vmatrix} = 0$ નો ઉકેલ ગણ ... છે.

(a) $\{1, 2\}$ (b) $\{-1, -2\}$

(c) $\{1, -2\}$ (d) $\{-1, 2\}$

42. સમીકરણો x + 2y + 3z = 1, 2x + y + 3z = 2, 5x + 5y + 9z = 4 ને ...

(a) ઉકેલ નથી. (b) અનન્ય ઉકેલ છે.

(c) અનંત ઉકેલો છે. (d) ઉકેલ વિશે કંઈજ ન કહી શકાય.

43. જો $A = \begin{bmatrix} 3 & -3 & 4 \\ 2 & -3 & 4 \\ 0 & -1 & 1 \end{bmatrix}$, તો $A^{-1} = \dots$

(a) A (b) $A^2$ (c) $A^3$ (d) $A^4$

નીચેનો ફકરો કાળજીપૂર્વક વાંચો અને પ્રશ્નો 44, 45 અને 46 ના ઉત્તરો આપો.

જો $A = \begin{bmatrix} 1 & 0 & 0 \\ 2 & 1 & 0 \\ 3 & 2 & 1 \end{bmatrix}$ અને $U_1$, $U_2$ અને $U_3$ એ સ્તંભ શ્રેણિકો છે કે જેથી

$AU_1 = \begin{bmatrix} 1 \\ 0 \\ 0 \end{bmatrix}, AU_2 = \begin{bmatrix} 2 \\ 3 \\ 0 \end{bmatrix}, AU_3 = \begin{bmatrix} 2 \\ 3 \\ 1 \end{bmatrix}$ અને $U_1, U_2, U_3$ એ $3 \times 3$ શ્રેણિક U ના સ્તંભો હોય, તો

44. $|U|$ નું મૂલ્ય ... છે.

(a) 3 (b) -3 (c) $\frac{3}{2}$ (d) 2

45. શ્રેણિક $U^{-1}$ ના ઘટકોનો સરવાળો ... છે.

(a) -1 (b) 0 (c) 1 (d) 3

46. $[3\ 2\ 0]\ U \begin{bmatrix} 3 \\ 2 \\ 0 \end{bmatrix}$ ના નિશ્ચાયક નું મૂલ્ય ... છે.

(a) 5 (b) $\frac{5}{2}$ (c) 4 (d) $\frac{3}{2}$

47. જો $A = \begin{bmatrix} 0 & 1 & 2 \\ 1 & 2 & 3 \\ 3 & a & 1 \end{bmatrix}$, $A^{-1} = \begin{bmatrix} \frac{1}{2} & -\frac{1}{2} & \frac{1}{2} \\ -4 & 3 & c \\ \frac{5}{2} & -\frac{3}{2} & \frac{1}{2} \end{bmatrix}$, તો...

(a) $a = 2, c = -\frac{1}{2}$ (b) $a = 1, c = -1$

(c) $a = -1, c = 1$ (d) $a = \frac{1}{2}, c = \frac{1}{2}$

48. જો $A = \begin{bmatrix} -1 & -2 & -2 \\ 2 & 1 & -2 \\ 2 & -2 & 1 \end{bmatrix}$, તો $\text{adj}A = \dots$

(a) A (b) $A^T$ (c) 3A (d) $3A^T$

49. જો $A = \begin{bmatrix} 1 & 1 & 3 \\ 5 & 2 & 6 \\ -2 & -1 & -3 \end{bmatrix}$, તો $A^3 = \dots$

(a) I (b) $A^T$ (c) O (d) $A^{-1}$

50. જો $A = \begin{bmatrix} \frac{-1+i\sqrt{3}}{2i} & \frac{-1-i\sqrt{3}}{2i} \\ \frac{1+i\sqrt{3}}{2i} & \frac{1-i\sqrt{3}}{2i} \end{bmatrix}$, $i=\sqrt{-1}$ અને $f(x) = x^2 + 2$, તો $f(A) = \dots$

(a) $\begin{bmatrix} 1 & 0 \\ 0 & 1 \end{bmatrix}$ (b) $\left(\frac{3-i\sqrt{3}}{2}\right)\begin{bmatrix} 1 & 0 \\ 0 & 1 \end{bmatrix}$ (c) $\left(\frac{5-i\sqrt{3}}{2}\right)\begin{bmatrix} 1 & 0 \\ 0 & 1 \end{bmatrix}$ (d) $\left(2+i\sqrt{3}\right)\begin{bmatrix} 1 & 0 \\ 0 & 1 \end{bmatrix}$

51. જો $A = \begin{bmatrix} 2 & -2 & -4 \\ -1 & 3 & 4 \\ 1 & -2 & x \end{bmatrix}$ એ સ્વયંઘાતી શ્રેણિક હોય, તો $x = \dots$

(a) -1 (b) -5 (c) -4 (d) -3

52. જો a, b, c એ ધન વાસ્તવિક સંખ્યાઓ હોય, તો x, y અને z ની સમીકરણ સંહતિ ...
$\frac{x^2}{a^2} - \frac{y^2}{b^2} - \frac{z^2}{c^2} = 1$, $-\frac{x^2}{a^2} + \frac{y^2}{b^2} - \frac{z^2}{c^2} = 1$, $-\frac{x^2}{a^2} - \frac{y^2}{b^2} + \frac{z^2}{c^2} = 1$ ને

(a) અનન્ય ઉકેલ છે. (b) ઉકેલ નથી.

(c) એકથી વધુ સાન્ત ઉકેલો છે. (d) અનંત ઉકેલો છે.

53. જો $A = \begin{bmatrix} 3 & -4 \\ 1 & -1 \end{bmatrix}$, તો $A^n = \dots$

(a) $\begin{bmatrix} 3n & -4n \\ n & -n \end{bmatrix}$ (b) $\begin{bmatrix} 2+n & 5-n \\ n & -n \end{bmatrix}$

(c) $\begin{bmatrix} 3^n & (-4)^n \\ 1^n & (-1)^n \end{bmatrix}$ (d) $\begin{bmatrix} 2n+1 & -4n \\ n & 1-2n \end{bmatrix}$

54. શ્રેણિક A એ સમીકરણ $A^2 - 5A + 7I = O$ નું સમાધાન કરે છે. જો $A^5 = aA + bI$, તો $2a - 3b$ નું મૂલ્ય ... છે.

(a) 4135 (b) 1435 (c) 1453 (d) 3135

55. $\Delta ABC$ માં, જો $\begin{vmatrix} 1 & a & b \\ 1 & c & a \\ 1 & b & c \end{vmatrix} = 0$, તો $64\left(\sin^2 A + \sin^2 B + \sin^2 C\right) = \dots$

(a) 64 (b) 144 (c) 128 (d) 0

56. ò u$A = \begin{bmatrix} 1 & 1 \\ 1 & 1 \end{bmatrix}$, તો $A^{2013} = \ldots$

(a) $2^{2012}A$ (b) $2^{1006}A$ (c) $-2^{2013}A$ (d) I

57. જો $A = \begin{bmatrix} 1 & 1 & 1 \\ 1 & 1 & 1 \\ 1 & 1 & 1 \end{bmatrix}$, તો $A^{2013} = \ldots$

(a) $3^{2014}A$ (b) $-3^{2013}A$ (c) $3^{2012}A$ (d) $3^{1007}A$

58. જો $A = \begin{bmatrix} 1 & -1 & 1 \\ 0 & 2 & -3 \\ 2 & 1 & 0 \end{bmatrix}$ અને $B = \text{adj}A$, $C = 5A$, તો $\dfrac{|\text{adj } B|}{|C|} = \ldots$

(a) 5 (b) 1 (c) 3 (d) $\dfrac{1}{5}$

59. જો $A = \begin{bmatrix} 1 & 0 & 0 \\ 0 & \cos\alpha & -\sin\alpha \\ 0 & \sin\alpha & \cos\alpha \end{bmatrix}$, તો $|(\text{adj}(\text{adj}(\text{adj}(\text{adj} A))))| = \ldots$

(a) 1 (b) 2 (c) $2^4$ (d) $2^{12}$

60. જો $A_r = \begin{vmatrix} r & r-1 \\ r-1 & r \end{vmatrix}$, જ્યા r એ પ્રાકૃતિક સંખ્યા દર્શાવે છે, તો $\sqrt{\left(\sum_{r=1}^{2013} A_r\right)} = \ldots$

(a) 1 (b) 40 (c) 2012 (d) 2013

61. જો z એ સંકર સંખ્યા અને $a_1, a_2, a_3, b_1, b_2, b_3$ એ બધી જ વાસ્તવિક સંખ્યાઓ હોય, તો

$$\begin{vmatrix} a_1z+b_1\bar{z} & a_2z+b_2\bar{z} & a_3z+b_3\bar{z} \\ b_1z+a_1\bar{z} & b_2z+a_2\bar{z} & b_3z+a_3\bar{z} \\ b_1z+a_1 & b_2z+a_2 & b_3z+a_3 \end{vmatrix} = \cdots$$

(a) $|\bar{z}|^2$ (b) $(a_1a_2a_3+b_1b_2b_3)^2|z|^2$ (c) 3 (d) 0

62. જો $D = \begin{vmatrix} 1 & 3\cos\theta & 1 \\ \sin\theta & 1 & 3\cos\theta \\ 1 & \sin\theta & 1 \end{vmatrix}$, તો D નું મહત્તમ મૂલ્ય … છે.

(a) 9 (b) 1 (c) 10 (d) 16

63. $\begin{bmatrix} \cos^2\theta & \cos\theta\sin\theta \\ \cos\theta\cdot\sin\theta & \sin^2\theta \end{bmatrix}\begin{bmatrix} \cos^2\phi & \cos\phi\sin\phi \\ \cos\phi\cdot\sin\phi & \sin^2\phi \end{bmatrix}=\begin{bmatrix} 0 & 0 \\ 0 & 0 \end{bmatrix}$

એ શક્ય થવા માટે $\theta-\phi=\dots,\ n\in Z$

(a) $n\pi$ (b) $(2n+1)\frac{\pi}{2}$ (c) $\frac{n\pi}{2}$ (d) $2n\pi$

64. જો P, Q અને R એ લઘુકોણ ત્રિકોણના ખૂણાઓ હોય અને P, Q, R માંથી કોઈપણ બે ખૂણા સમાન ન હોય તો

$\begin{vmatrix} 1 & 1+\cos P & \cos P(1+\cos P) \\ 1 & 1+\cos Q & \cos Q(1+\cos Q) \\ 1 & 1+\cos R & \cos R(1+\cos R) \end{vmatrix}$ એ ...

(a) ધન છે. (b) શૂન્ય છે.

(c) ઋણ છે. (d) નક્કી ન કરી શકાય.

65. જો $0\le[x]<2,\ -1\le[y]<1,\ 1\le[z]<3$ ( $[\cdot]$ એ પૂર્ણાંક ભાગ વિધેય દર્શાવે છે), તો નિશ્ચાયક

$D=\begin{vmatrix} [x]+1 & [y] & [z] \\ [x] & [y]+1 & [z] \\ [x] & [y] & [z]+1 \end{vmatrix}$ નું મહત્તમ મૂલ્ય ... છે.

(a) 6 (b) 2 (c) 4 (d) 8

66. જો $A=\begin{bmatrix} 1 & \tan x \\ -\tan x & 1 \end{bmatrix}$, તો $A^T A^{-1}=\dots$

(a) $\begin{bmatrix} -\cos 2x & \sin 2x \\ -\sin 2x & \cos 2x \end{bmatrix}$ (b) $\begin{bmatrix} \cos 2x & -\sin 2x \\ \sin 2x & \cos 2x \end{bmatrix}$

(c) $\begin{bmatrix} \sin 2x & \cos 2x \\ \cos 2x & \sin 2x \end{bmatrix}$ (d) $\begin{bmatrix} \tan x & 1 \\ -1 & \tan x \end{bmatrix}$

67. $f(x)=\begin{bmatrix} \cos x & 0 & \sin x \\ 0 & 1 & 0 \\ -\sin x & 0 & \cos x \end{bmatrix},\ g(y)=\begin{bmatrix} \cos y & -\sin y & 0 \\ \sin y & \cos y & 0 \\ 0 & 0 & 1 \end{bmatrix}$

(i) $f(x)\,.\,f(y)=\dots$

(a) $f(xy)$ (b) $f\left(\frac{x}{y}\right)$ (c) $f(x+y)$ (d) $f(x-y)$

(ii) નીચેનામાંથી કયું વિધાન ખરૂ છે ?

(a) $[f(x)]^{-1} = \frac{1}{f(x)}$ (b) $[f(x)]^{-1} = -f(x)$ (c) $[f(x)]^{-1} = f(-x)$ (d) $[f(x)]^{-1} = -f(-x)$

(iii) $[f(x)g(y)]^{-1} = \ldots$

(a) $f(x^{-1})g(y^{-1})$ (b) $g(y^{-1})f(x^{-1})$ (c) $f(-x)g(-y)$ (d) $g(-y)f(-x)$

68. જો $D_1 = \begin{vmatrix} x & a & a \\ a & x & a \\ a & a & x \end{vmatrix}$ અને $D_2 = \begin{vmatrix} x & a \\ a & x \end{vmatrix}$, તો ...

(a) $D_1 = 3(D_2)^{\frac{3}{2}}$ (b) $D_1 = 3D_2^2$

(c) $\frac{d}{dx}(D_1) = 3D_2^2$ (d) $\frac{d}{dx}(D_1) = 3D_2$

69. જો $\alpha, \beta$ એ સમીકરણ $x^2 + bx + c = 0$ ના બે બીજ હોય , તો

$$\begin{vmatrix} 3 & 1+\alpha+\beta & 1+\alpha^2+\beta^2 \\ 1+\alpha+\beta & 1+\alpha^2+\beta^2 & 1+\alpha^3+\beta^3 \\ 1+\alpha^2+\beta^2 & 1+\alpha^3+\beta^3 & 1+\alpha^4+\beta^4 \end{vmatrix} = \ldots$$

(a) $(1+b+c)^2(b^2-4c)$ (b) $(1-b-c)^2(b^2-4c)$

(c) $(1-b+c)^2(b^2-4c)$ (d) $(1+b-c)^2(b^2-4c)$

70. જો $x^a y^b = e^m, x^c y^d = e^n$ , $D_1 = \begin{vmatrix} m & b \\ n & d \end{vmatrix}$, $D_2 = \begin{vmatrix} a & m \\ c & n \end{vmatrix}$ અને $D = \begin{vmatrix} a & b \\ c & d \end{vmatrix}$, તો $x = \ldots$ અને $y = \ldots$

(a) $\log\left(\frac{D_1}{D}\right), \log\left(\frac{D_2}{D}\right)$ (b) $\frac{D_1}{D}, \frac{D_2}{D}$

(c) $e^{\frac{D_1}{D}}, e^{\frac{D_2}{D}}$ (d) $\frac{D_2}{D_1}, \frac{D}{D_1}$

71. $\begin{vmatrix} \sqrt{6} & 2i & 3+\sqrt{6} \\ \sqrt{12} & \sqrt{3}+\sqrt{8}i & 3\sqrt{2}-\sqrt{6}i \\ \sqrt{18} & \sqrt{2}+\sqrt{12}i & \sqrt{27}+2i \end{vmatrix}$ નું મુલ્ય એ ...

(a) વાસ્તવિક સંખ્યા છે. (b) સંમેય સંખ્યા છે.

(c) અસંમેય સંખ્યા છે. (d) સંકર સંખ્યા છે.

72. યોગ્ય જોડી બનાવો.

| | સ્તંભ-I | | સ્તંભ-II |
|---|---|---|---|
| 1. | ચોરસ શ્રેણિક A એવો છે કે જેથી $A^2 = A$ | A | A એ શૂન્યભાવી (Nilpotent) શ્રેણિક છે. |
| 2. | ચોરસ શ્રેણિક A એવો છે કે જેથી $A^m = O$ | B | A એ સમુત્ક્રમી (Involutary) શ્રેણિક છે. |
| 3. | ચોરસ શ્રેણિક A એવો છે કે જેથી $A^2 = I$ | C | A એ સંમતિ શ્રેણિક છે. |
| 4. | ચોરસ શ્રેણિક A એવો છે કે જેથી $A^T = A$ | D | A એ સ્વયંઘાતી શ્રેણિક છે. |

(a) 1-D, 2-A, 3-C, 4-B (b) 1-D, 2-A, 3-B, 4-C

(c) 1-A, 2-C, 3-D, 4-B (d) 1-B, 2-D, 3-C, 4-A

73. જો $f(x) = \begin{vmatrix} 2\cos^2 x & \sin 2x & -\sin x \\ \sin 2x & 2\sin^2 x & \cos x \\ \sin x & -\cos x & 0 \end{vmatrix}$, તો $\int_0^{\frac{\pi}{2}} \left(f(x) + f'(x)\right) dx = \dots$

(a) 1 (b) $\pi$ (c) 0 (d) $\frac{1}{3} - \frac{\pi}{2}$

74. જો $f(x) = \begin{vmatrix} x & \sin x & \cos x \\ x^2 & -\tan x & -x^3 \\ 2x & \sin 2x & 5x \end{vmatrix}$, તો $\lim_{x \to 0} \frac{f'(x)}{x} = \dots$

(a) 0 (b) 1 (c) 2 (d) 4

75. પ્રાકૃતિક સંખ્યા ગણ N નુ એવી રીતે વિભાજન કરવામાં આવે છે કે તેનાથી હાર અને સ્તંભોની ગોઠવણવાળા શ્રેણિકો મળે. જેમકે $M_1 = [1], M_2 = \begin{bmatrix} 2 & 3 \\ 4 & 5 \end{bmatrix}, M_3 = \begin{bmatrix} 6 & 7 & 8 \\ 9 & 10 & 11 \\ 12 & 13 & 14 \end{bmatrix}, \dots\ M_n = \begin{bmatrix} \\ \dots\dots \end{bmatrix}$; તો $M_6$ ના વિકર્ણના ઘટકોનો સરવાળો શોધો.

(a) 144 (b) 441 (c) 321 (d) 461

76. જો $\begin{vmatrix} 1+x & x & x^2 \\ x & 1+x & x^2 \\ x^2 & x & 1+x \end{vmatrix} = ax^5 + bx^4 + cx^3 + dx^2 + ex + f$, તો નીચેના સ્તંભોમાં યોગ્ય જોડ બનાવો.

| | સ્તંભ-I | | સ્તંભ-II |
|---|---|---|---|
| 1. | f ની કિંમત | A. | 0 |
| 2. | e ની કિંમત | B. | 1 |

3. a + c ની કિંમત C. -1

4. b + d ની કિંમત D. 3

(a) 1-C, 2-D, 3-A, 4-B (b) 1-A, 2-B, 3-B, 4-C

(c) 1-B, 2-D, 3-C, 4-B (d) 1-D, 2-C, 3-D, 4-A

77. જો $f(x) = \begin{vmatrix} (1+3x)^m & (1+5x)^n & 1 \\ 1 & (1+3x)^m & (1+5x)^n \\ (1+5x)^n & 1 & (1+3x)^m \end{vmatrix}$, જ્યાં a અને b એ ઘન પૂર્ણાંકો છે, તો અચળપદ અને x ના સહગુણક નો સરવાળો ... થાય.

(a) 5 (b) -8 (c) 1 (d) 0

78. નિશ્ચાયક $\begin{vmatrix} 1+\sin^2 x & \cos^2 x & \sin 2x \\ \sin^2 x & 1+\cos^2 x & \sin 2x \\ \sin^2 x & \cos^2 x & 1+\sin 2x \end{vmatrix}$ ની મહત્તમ અને ન્યૂનતમ કિંમતો અનુક્રમે M અને m હોય, તો નીચેના સ્તંભોમાં યોગ્ય જોડ બનાવો.

| સ્તંભ-I | | સ્તંભ-II | |
|---|---|---|---|
| 1. | $M^2 + m^{2013} =$ | A. | $k \in N$ માટે હંમેશા અયુગ્મ |
| 2. | $M^3 - m^3 =$ | B. | ત્રિકોણની ત્રણ બાજુઓના માપ દર્શાવે છે. |
| 3. | $M^{2k} - m^{2k} =$ | C. | 10 |
| 4. | $2M - 3m, M + m, M + 2m$ | D. | 4 |
| | | E. | $k \in N$ માટે હંમેશા યુગ્મ |
| | | F. | તે માપની ત્રિકોણની બાજુઓ શક્ય નથી. |
| | | G | 26 |

(a) 1-D, 2-G, 3-A, 4-B (b) 1-G, 2-D, 3-A, 4-E

(c) 1-C, 2-G, 3-E, 4-B (d) 1-D, 2-C, 3-E, 4-F

79. જો [x] એ x નું પૂર્ણાંકભાગ વિધેય દર્શાવે તો નીચેના શ્રેણિકના નિશ્ચાયકનું મૂલ્ય ... છે.

$$\begin{bmatrix} [e] & [\pi] & [\pi^2 - 6] \\ [\pi] & [\pi^2 - 6] & [e] \\ [\pi^2 - 6] & [e] & [\pi] \end{bmatrix}$$

(a) 8 (b) 0 (c) 1 (d) -8

80. નિશ્ચાયક $\begin{vmatrix} \cos 2x & \sin^2 x & \cos 4x \\ \sin^2 x & \cos 2x & \cos^2 x \\ \cos 4x & \cos^2 x & \cos 2x \end{vmatrix}$ નું વિસ્તરણ sin x ની ઘાતમાં કરવામાં આવે ત્યારે આ વિસ્તરણમા અચળપદનું મૂલ્ય ... થાય.

(a) 0 (b) -1 (c) 2 (d) 1

81. નિશ્ચાયક $\begin{vmatrix} \sin\theta & \cos\theta & \sin 2\theta \\ \sin\left(\theta+\frac{2\pi}{3}\right) & \cos\left(\theta+\frac{2\pi}{3}\right) & \sin\left(2\theta+\frac{4\pi}{3}\right) \\ \sin\left(\theta-\frac{2\pi}{3}\right) & \cos\left(\theta-\frac{2\pi}{3}\right) & \sin\left(2\theta-\frac{4\pi}{3}\right) \end{vmatrix}$ નું મૂલ્ય ... છે.

(a) 0 (b) $2\sin\theta$ (c) $-\sin 2\theta$ (d) $-2\cos\theta$

82. જો $A=\begin{bmatrix} \alpha & 0 \\ 1 & 1 \end{bmatrix}$ અને $B=\begin{bmatrix} 1 & 0 \\ 5 & 1 \end{bmatrix}$, તો $A^2 = B$ માટે

(a) $\alpha = 4$ (b) $\alpha = 1$ (c) $\alpha = -1$ (d) $\alpha$ ન મળે

83. જો $A = \begin{bmatrix} \alpha & 0 \\ 2 & 3 \end{bmatrix}$ અને $I = \begin{bmatrix} 1 & 0 \\ 0 & 1 \end{bmatrix}$, તો $A^2 = 9I$ માટે

(a) $\alpha = 4$ (b) $\alpha = 3$ (c) $\alpha = -3$ (d) $\alpha$ ન મળે

84. જો $A = \begin{bmatrix} 3 & 1 \\ -9 & -3 \end{bmatrix}$, તો $I + 2A + 3A^2 + ... \infty = ...$

(a) $\begin{bmatrix} 9 & 1 \\ -9 & 0 \end{bmatrix}$ (b) $\begin{bmatrix} 4 & 1 \\ -9 & -1 \end{bmatrix}$ (c) $\begin{bmatrix} 7 & 2 \\ -18 & -5 \end{bmatrix}$ (d) $\begin{bmatrix} 7 & 2 \\ -5 & -18 \end{bmatrix}$

85. જો M એ $3 \times 3$ શ્રેણિક હોય, જ્યાં $M^T M = I$ અને $\det M = 1$ તો $\det(M - I) = ...$

(a) 0 (b) -1 (c) 4 (d) -3

86. જો $\lambda$ અને $\alpha$ વાસ્તવિક સંખ્યાઓ હોય, અને નીચેની સમીકરણ સંહતિ

$\lambda x + (\sin\alpha)y + (\cos\alpha)z = 0$

$x + (\cos\alpha)y + (\sin\alpha)z = 0$

$-x + (\sin\alpha)y - (\cos\alpha)z = 0$ ને દેખીતો ઉકેલ હોય, તો

(i) $\lambda$ નો વિસ્તારગણ ... છે.

(a) $\left[-\sqrt{3}, \sqrt{3}\right]$ (b) $\left[-\sqrt{2}, \sqrt{2}\right]$ (c) $[-1, 1]$ (d) $\left[0, \frac{\pi}{2}\right]$

(ii) જો $\lambda = 1$, તો $\alpha = \ldots$

(a) $n\pi, n\pi - \frac{\pi}{4}$ (b) $2n\pi, n\pi - \frac{\pi}{4}$

(c) $n\pi, n\pi + \frac{\pi}{4}$ (d) $-\pi, \frac{-3\pi}{4}$

87. જો $A = \begin{bmatrix} 1 & 0 \\ -1 & 7 \end{bmatrix}$ અને $A^2 = 8A + kI_2$, તો $k = \ldots$

(a) 1 (b) -1 (c) 7 (d) -7

88. શ્રેણિકોના ગુણાકારને સાપેક્ષ સમુહ

$$M = \left\{ \begin{bmatrix} x & x & x \\ x & x & x \\ x & x & x \end{bmatrix} / x \in R, x \neq 0 \right\}$$ નો એકમ ઘટક … છે.

(a) $\begin{bmatrix} \frac{1}{3} & \frac{1}{3} & \frac{1}{3} \\ \frac{1}{3} & \frac{1}{3} & \frac{1}{3} \\ \frac{1}{3} & \frac{1}{3} & \frac{1}{3} \end{bmatrix}$ (b) $\begin{bmatrix} \frac{1}{2} & \frac{1}{2} & \frac{1}{2} \\ \frac{1}{2} & \frac{1}{2} & \frac{1}{2} \\ \frac{1}{2} & \frac{1}{2} & \frac{1}{2} \end{bmatrix}$ (c) $\begin{bmatrix} 1 & 1 & 1 \\ 1 & 1 & 1 \\ 1 & 1 & 1 \end{bmatrix}$ (d) $\begin{bmatrix} 1 & 1 & 0 \\ 0 & 1 & 0 \\ 0 & 0 & 1 \end{bmatrix}$

89. શ્રેણિકોના ગુણાકારને સાપેક્ષ સમુહ

$$M = \left\{ \begin{bmatrix} x & x & x \\ x & x & x \\ x & x & x \end{bmatrix} / x \in R, x \neq 0, I = \frac{1}{3} \begin{bmatrix} 1 & 1 & 1 \\ 1 & 1 & 1 \\ 1 & 1 & 1 \end{bmatrix} \right\}$$ માં ઘટક $\begin{bmatrix} y & y & y \\ y & y & y \\ y & y & y \end{bmatrix}$ નો વ્યસ્ત ઘટક ….. છે.

(a) $\begin{bmatrix} \frac{1}{y} & \frac{1}{y} & \frac{1}{y} \\ \frac{1}{y} & \frac{1}{y} & \frac{1}{y} \\ \frac{1}{y} & \frac{1}{y} & \frac{1}{y} \end{bmatrix}$ (b) $\begin{bmatrix} \frac{1}{3y} & \frac{1}{3y} & \frac{1}{3y} \\ \frac{1}{3y} & \frac{1}{3y} & \frac{1}{3y} \\ \frac{1}{3y} & \frac{1}{3y} & \frac{1}{3y} \end{bmatrix}$ (c) $\begin{bmatrix} \frac{1}{6y} & \frac{1}{6y} & \frac{1}{6y} \\ \frac{1}{6y} & \frac{1}{6y} & \frac{1}{6y} \\ \frac{1}{6y} & \frac{1}{6y} & \frac{1}{6y} \end{bmatrix}$ (d) $\begin{bmatrix} \frac{1}{9y} & \frac{1}{9y} & \frac{1}{9y} \\ \frac{1}{9y} & \frac{1}{9y} & \frac{1}{9y} \\ \frac{1}{9y} & \frac{1}{9y} & \frac{1}{9y} \end{bmatrix}$

90. જો $A = \begin{bmatrix} 1 & 2 \\ -2 & -1 \end{bmatrix}$ અને $\phi(x) = (1+x)(1-x)^{-1}$, તો $\phi(A) = \ldots$

(a) $\begin{bmatrix} 1 & 0 \\ 0 & 1 \end{bmatrix}$ (b) $\begin{bmatrix} 0 & 1 \\ -1 & -1 \end{bmatrix}$ (c) $\begin{bmatrix} 1 & 1 \\ -1 & 0 \end{bmatrix}$ (d) $\begin{bmatrix} 0 & 1 \\ 1 & 0 \end{bmatrix}$

91. વિસંમિત શ્રેણિક $A = \begin{bmatrix} 0 & -2 \\ 2 & 0 \end{bmatrix}$ હોય, તો … લંબશ્રેણિક થાય.

(a) $\begin{bmatrix} \frac{-3}{5} & \frac{-4}{5} \\ \frac{4}{5} & \frac{-3}{5} \end{bmatrix}$ (b) $\begin{bmatrix} \frac{3}{5} & \frac{4}{5} \\ \frac{4}{5} & \frac{3}{5} \end{bmatrix}$ (c) $\begin{bmatrix} \frac{4}{5} & \frac{3}{5} \\ \frac{3}{5} & \frac{4}{5} \end{bmatrix}$ (d) $\begin{bmatrix} -\frac{4}{5} & -\frac{3}{5} \\ -\frac{3}{5} & -\frac{4}{5} \end{bmatrix}$

92. વિસંમિત શ્રેણિક $A = \begin{bmatrix} 0 & -2 & 1 \\ 2 & 0 & -5 \\ -1 & 5 & 0 \end{bmatrix}$ ના ઉપયોગથી મળતો લંબશ્રેણિક … છે.

(a) $\frac{1}{31}\begin{bmatrix} 21 & 6 & 22 \\ 14 & 21 & 6 \\ 18 & 14 & 21 \end{bmatrix}$ (b) $\frac{1}{31}\begin{bmatrix} 21 & 6 & 22 \\ 14 & -27 & -6 \\ 18 & 14 & -21 \end{bmatrix}$ (c) $\frac{1}{31}\begin{bmatrix} 21 & 6 & 22 \\ 6 & 14 & 18 \\ 22 & 18 & 7 \end{bmatrix}$ (d) $\frac{1}{31}\begin{bmatrix} 21 & -6 & 22 \\ 6 & 14 & -18 \\ -22 & 18 & 7 \end{bmatrix}$

93. જો $A = \begin{bmatrix} 2 & 2 & 1 \\ 1 & 3 & 1 \\ 1 & 2 & 2 \end{bmatrix}$, તો $A^3 - 7A^2 + 10A = \ldots$

(a) $5I - A$ (b) $5I + A$ (c) $A - 5I$ (d) $7I$

94. જો $A = \begin{bmatrix} 1 & 2 \\ 3 & 4 \end{bmatrix}$, તો $8A^{-4} = \ldots$

(a) $145A^{-1} - 27I$ (b) $27I - 145A^{-1}$ (c) $29A^{-1} + 9I$ (d) $145A^{-1} + 27I$

95. સમીકરણ સંહિત ને એક દેખીતો ઉકેલ હોય, તો $\lambda = \ldots$

$x_1 + 2x_2 + 3x_3 = \lambda x_1$

$3x_1 + x_2 + 2x_3 = \lambda x_2$

$2x_1 + 3x_2 + x_3 = \lambda x_3$

(a) 1 (b) 2 (c) 3 (d) 6

96. સુરેખ સમીકરણોની સંહતિ

$x \sec^2 \alpha - y \tan^2 x + z = 2$

$x \cos^2 \alpha + y \sin^2 \alpha = 1$

$x + y = 2$ નો ઉકેલ (x, y, z) = ... જ્યાં $\alpha$ એ અચળ છે.

(a) (1,1,1) (b) (1,2,2) (c) (2,1,2) (d) (1,0,1)

97. k ની કઈ કિંમત માટે નીચેની સુરેખ સમીકરણોની સંહતિ ને દેખીતો ઉકેલ હોય

$x + 2y - z = 0$

$3x + (k+7)y - 3z = 0$

$2x + 4y + (k - 3) z = 0$

(a) 1 (b) 0 (c) 2 (d) -2

98. નીચે આપેલા સ્તંભોમાં યોગ્ય જોડી રચો.

| સ્તંભ-I | સ્તંભ-II |
|---|---|
| 1. લિબ્નીટ્ઝ | A. $e^{i\theta}$ |
| 2. યુલર | B. ગાણિતીય તર્ક |
| 3. કેલી-હેમિલ્ટન | C. કલનશાસ્ત્ર |
| 4. જ્યોર્જ બૂલ | D. $(e^{i\theta})^n = e^{i(n\theta)}$ |
| 5. ડી મોર્વે | E. શ્રેણિક |

(a) 1-D, 2-A, 3-E, 4-B, 5-A (b) 1-B, 2-D, 3-A, 4-C, 5-E

(c) 1-C, 2-A, 3-D, 4-B, 5-E (d) 1-C, 2-A, 3-E, 4-B, 5-D

99. $A = \begin{bmatrix} 4 & 6 & 6 \\ 1 & 3 & 2 \\ -1 & -5 & -2 \end{bmatrix}$ તથા $AX = \lambda X$ જ્યા $\lambda$ એ અદિશ છે અને X એ સ્તંભ સદિશ છે. જો બે સ્તંભ સદિશો X વચ્ચેનો ખૂણો $\theta$ હોય, તો $\tan\theta =$ ..........

(a) $\frac{7}{\sqrt{202}}$ (b) $\frac{\sqrt{3}}{19}$ (c) $\sqrt{\frac{3}{202}}$ (d) $\frac{7}{19}$

100. જો ત્રણ અંકોની સંખ્યા A28, 3B9 અને 62C, એ કોઈ નિશ્ચિત પૂર્ણાંક k વડે વિભાજ્ય છે જ્યાં A, B, C એ 0 થી 9 વચ્ચેની કોઈ પૂર્ણાંક સંખ્યા છે, તો નિશ્ચાયક $\begin{vmatrix} A & 3 & 6 \\ 8 & 9 & C \\ 2 & B & 2 \end{vmatrix}$ નું મૂલ્ય ... વડે વિભાજ્ય છે.

(a) 3k (b) $k^3$ (c) k (d) $\frac{k}{3}$

101. જો $A = \begin{bmatrix} -2 & 3 \\ -1 & 1 \end{bmatrix}$, તો $I + A + A^2 + \ldots \infty = \ldots$

(a) $\begin{bmatrix} 0 & 3 \\ 1 & 3 \end{bmatrix}$ (b) $\frac{1}{3}\begin{bmatrix} 0 & -3 \\ -1 & 3 \end{bmatrix}$ (c) $\frac{1}{3}\begin{bmatrix} 0 & 3 \\ -1 & 3 \end{bmatrix}$ (d) અવ્યાખ્યાયિત

102. જો $A = \begin{bmatrix} -2 & 3 \\ -1 & 1 \end{bmatrix}$, તો $A^3 = \ldots$

(a) I (b) O (c) - A (d) A + I

103. જો $\begin{vmatrix} \binom{x}{r} & \binom{x+1}{r+1} & \binom{x+2}{r+2} \\ \binom{y}{r} & \binom{y+1}{r+1} & \binom{y+2}{r+2} \\ \binom{z}{r} & \binom{z+1}{r+1} & \binom{z+2}{r+2} \end{vmatrix} = \lambda \begin{vmatrix} \binom{x}{r} & \binom{x}{r+1} & \binom{x}{r+2} \\ \binom{y}{r} & \binom{y}{r+1} & \binom{y}{r+2} \\ \binom{z}{r} & \binom{z}{r+1} & \binom{z}{r+2} \end{vmatrix}$, તો $\lambda = \ldots$

(a) 0 (b) 1 (c) -1 (d) 2

104. આપેલી સમીકરણોની સંહતિ માટે $\lambda$ અને $\mu$ મેળવો તથા નીચેના સ્તંભોમાં યોગ્ય જોડી રચો.

$x + 2y + 3z = 6$

$x + 3y + 5z = 9$

$2x + 5y + \lambda z = \mu$

| સ્તંભ-I | સ્તંભ-II |
|---|---|
| 1. $\lambda = 8, \mu \neq 15$ | A. અનંત ઉકેલો મળે |
| 2. $\lambda \neq 8, \mu \in R$ | B. ઉકેલ ન મળે |
| 3. $\lambda = 8, \mu = 15$ | C. અનન્ય ઉકેલ મળે |

(a) 1-A, 2-B, 3-C (b) 1-B, 2-C, 3-A

(c) 1-C, 2-A, 3-B (d) 1-C, 2-B, 3-A

105. જો શ્રેણિક $A = \begin{bmatrix} 0 & 2\beta & \gamma \\ \alpha & \beta & \gamma \\ \alpha & -\beta & \gamma \end{bmatrix}$ લંબ શ્રેણિક હોય તો $\alpha, \beta, \gamma$ ના મૂલ્યો અનુક્રમે ... છે.

(a) $\pm\frac{1}{\sqrt{2}}, \pm\frac{1}{\sqrt{6}}, \pm\frac{1}{\sqrt{2}}$ (b) $\pm\frac{1}{\sqrt{3}}, \pm\frac{1}{\sqrt{2}}, \pm\frac{1}{\sqrt{6}}$

(c) $\pm\frac{1}{\sqrt{2}}, \pm\frac{1}{\sqrt{6}}, \pm\frac{1}{\sqrt{3}}$ (d) $\pm\frac{1}{\sqrt{2}}, \pm\frac{1}{\sqrt{2}}, \pm\frac{1}{\sqrt{2}}$

# સૂચનો

1. $\begin{vmatrix} 1 & k & 3 \\ 3 & k & -2 \\ 2 & 3 & -4 \end{vmatrix} = 0 \Rightarrow k = \frac{33}{2}$

k ની કિંમત આપેલા સમીકરણોમાં મૂકી તેને ઉકેલતાં, ક્રેમરની રીતે $\frac{x}{15} = \frac{y}{-2} = \frac{z}{6} \Rightarrow \frac{xy}{z^2} = -\frac{30}{36} = \frac{-5}{6}$

2. $D = \begin{vmatrix} n & n! & 1 \\ n+1 & (n+1)! & 1 \\ n+2 & (n+2)! & 1 \end{vmatrix}$

$= n! \begin{vmatrix} n & 1 & 1 \\ n+1 & n+1 & 1 \\ n+2 & (n+2)(n+1) & 1 \end{vmatrix}$ $\qquad \because C_2\left(\frac{1}{n!}\right)$

$= n! \begin{vmatrix} n & 1 & 1 \\ 1 & n & 0 \\ 1 & (n+1)^2 & 0 \end{vmatrix}$ $\qquad \because R_{23}(-1), R_{12}(-1)$

$= (n^2 + n + 1)n!$ $\qquad \because C_2$ પ્રત્યે વિસ્તરણ કરતાં

3. બીજો નિશ્ચાયક $\quad D_2 = \begin{vmatrix} a+1 & b+1 & c-1 \\ a-1 & b-1 & c+1 \\ (-1)^n a & -(-1)^n b & (-1)^n c \end{vmatrix}$

$= (-1)^n \begin{vmatrix} a+1 & b+1 & c-1 \\ a-1 & b-1 & c+1 \\ a & -b & c \end{vmatrix}$

$= (-1)\, D_1$ $\qquad \because R_{13}, R_{23}$ અને તેનો પરિવર્ત શ્રેણિક લેતાં,

$\therefore (1 + (-1)^n)D_1 = 0$ કોઈપણ અયુગ્મ પૂર્ણાંક માટે જ્યાં $D_1 \neq 0$ કારણકે $b(a + c) \neq 0$ આપેલું છે.

4. આપેલ નિશ્ચાયક એ બે નિશ્ચાયકોનો ગુણાકાર છે.

$$\begin{vmatrix} \sin x & \cos x & 0 \\ \sin y & \cos y & 0 \\ \sin z & \cos z & 0 \end{vmatrix} \begin{vmatrix} \cos p & \cos q & \cos r \\ \sin p & \sin q & \sin r \\ 0 & 0 & 0 \end{vmatrix} = 0 \times 0 = 0$$

5. $$\begin{vmatrix} 3x-2 & 3 & 3 \\ 3x-2 & 3x-8 & 3 \\ 3x-2 & 3 & 3x-8 \end{vmatrix} = 0 \qquad \because C_{21}(1), C_{31}(1)$$

$\therefore (3x-2)(3x-11)^2 = 0 \qquad \because c_1\left(\frac{1}{3x-2}\right)$ અને $R_1$ પ્રત્યે વિસ્તરણ કરતાં,

$\therefore x = \frac{2}{3}, \frac{11}{3}$

6. $a = 1, b = -1, c = 2$ લેતાં,

$$\begin{vmatrix} 1 & 1 & 1 \\ 1 & 9 & 1 \\ 4 & 4 & 0 \end{vmatrix} = k(-2)(2)^3$$

$\therefore -32 = -16k$

$\therefore k = 2$

7. $a = 1, b = -1, c = 2$ લેતાં,

$$\begin{vmatrix} 1 & 2 & 2 \\ 1 & 5 & 1 \\ -1 & -1 & -5 \end{vmatrix} = k(1)(-1)(2)$$

$\therefore -8 = -2k$

$\therefore k = 4$

8. $$\begin{vmatrix} a & a^2 & 1 \\ b & b^2 & 1 \\ c & c^2 & 1 \end{vmatrix} + \begin{vmatrix} a & a^2 & a^3 \\ b & b^2 & b^3 \\ c & c^2 & c^3 \end{vmatrix} = 0$$

$$\therefore \begin{vmatrix} 1 & a & a^2 \\ 1 & b & b^2 \\ 1 & c & c^2 \end{vmatrix} + abc \begin{vmatrix} 1 & a & a^2 \\ 1 & b & b^2 \\ 1 & c & c^2 \end{vmatrix} = 0$$

$$\therefore (1+abc)\begin{vmatrix} 1 & a & a^2 \\ a & b & b^2 \\ 1 & c & c^2 \end{vmatrix} \Rightarrow abc = -1, \quad \text{જ્યાં} \begin{vmatrix} 1 & a & a^2 \\ 1 & b & b^2 \\ 1 & c & c^2 \end{vmatrix} \neq 0$$

9. $$D = (\sqrt{5})(\sqrt{5})\begin{vmatrix} \sqrt{11}+\sqrt{3} & 2 & 1 \\ \sqrt{15}+\sqrt{22} & \sqrt{5} & \sqrt{2} \\ \sqrt{55}+3 & \sqrt{3} & \sqrt{5} \end{vmatrix} \qquad \because C_2\left(\frac{1}{\sqrt{5}}\right), C_3 = \left(\frac{1}{\sqrt{5}}\right)$$

$$= 5\begin{vmatrix} -\sqrt{3} & 2 & 1 \\ 0 & \sqrt{5} & \sqrt{2} \\ 0 & \sqrt{3} & \sqrt{5} \end{vmatrix} \because C_{21}(-\sqrt{3}), C_{31}(-\sqrt{11})$$

$= 5\left(3\sqrt{2} - 5\sqrt{3}\right)$ $\quad \because R_1$ પ્રત્યે વિસ્તરણ કરતાં,

10. જો $s = 0$ તો $\det A = a^2b^2c^2\begin{vmatrix} 1 & 1 & 1 \\ 1 & 1 & 1 \\ 1 & 1 & 1 \end{vmatrix} = 0 \qquad \because R_1 = R_2 = R_3$

$\therefore s^2$ એ $\det A$ નો અવયવ થાય ($\because$ ત્રણ હાર સમાન)

હવે $s = a$ લેતાં,

$$\therefore \det A = \begin{vmatrix} a^2 & 0 & 0 \\ (a-b)^2 & b^2 & (a-b)^2 \\ (a-c)^2 & (a-c)^2 & c^2 \end{vmatrix} = \begin{vmatrix} a^2 & 0 & 0 \\ c^2 & b^2 & c^2 \\ b^2 & b^2 & c^2 \end{vmatrix} = 0 \qquad (\because b + c = a)$$

$\therefore (s-a)$ એ $\det A$ નો અવયવ થાય.

તેવી જ રીતે $(s-b)$ અને $(s-c)$ પણ અવયવો છે.

પણ $\det A$ એ છ ઘાતવાળી બહુપદી છે.

$\therefore$ છઠ્ઠો અવયવ $k(a+b+c)$ સ્વરૂપમાં હોય.

$\therefore \det A = k\,(a+b+c)\,s^2\,(s-a)(s-b)(s-c)$

હવે, $a = b = 0$, $c = 2$ લેતા $s = 1$ થાય.

$$\therefore \det A = \begin{vmatrix} 0 & 1 & 1 \\ 1 & 0 & 1 \\ 1 & 1 & 4 \end{vmatrix} = -2k \Rightarrow k = 1$$

$\therefore \det A = 2s^3\ (s-a)(s-b)(s-c)$

11\. સહગુણક શ્રેણિકનો નિશ્ચાયક એ બે નિશ્ચાયકોના ગુણાકાર સ્વરૂપે છે.

$$\begin{vmatrix} 1 & 1 & 0 \\ \alpha+\beta & \gamma+\delta & 0 \\ \alpha\beta & \gamma\delta & 0 \end{vmatrix}\begin{vmatrix} 1 & \gamma+\delta & \gamma\delta \\ 1 & \alpha+\beta & \alpha\beta \\ 0 & 0 & 0 \end{vmatrix} = 0 \times 0 = 0$$

કોઈપણ $\alpha, \beta, \gamma, \delta$ માટે

12\. $\det\left(A^2\right) = (\det A)^2 = \begin{vmatrix} 4 & 4k & k \\ 0 & k & 4k \\ 0 & 0 & 4 \end{vmatrix}^2 = 16$

$\Rightarrow (16k)^2 = 16$

$\Rightarrow k^2 = \dfrac{1}{16}$

$\Rightarrow |\,k\,| = \dfrac{1}{4}$

13\. $D = \begin{vmatrix} a & a^2 & a^3 \\ a^w & a^{2w} & a^{3w} \\ a^{w^2} & a^{2w^2} & a^{3w^2} \end{vmatrix} - \begin{vmatrix} a & a^2 & 1 \\ a^w & a^{2w} & 1 \\ a^{w^2} & a^{2w^2} & 1 \end{vmatrix}$

$= a.a^w.a^{w^2} \begin{vmatrix} 1 & a & a^2 \\ a & a^w & a^{2w} \\ 1 & a^{w^2} & a^{2w^2} \end{vmatrix} + \begin{vmatrix} 1 & a^2 & a \\ 1 & a^{2w} & a^w \\ 1 & a^{2w^2} & a^{w^2} \end{vmatrix}$

$= 0 \qquad \because 1 + w + w^2 = 0$

14\. $a_n = a_1 r^{n-1}$ નો ઉપયોગ કરતાં,

$\therefore \log a_n = \log a_1 + (n-1)\log r$

$\begin{vmatrix} \log a_n & \log a_{n+1} & \log a_{n+2} \\ 3\log r & 3\log r & 3\log r \\ 6\log r & 6\log r & 6\log r \end{vmatrix} = 0 \qquad \because R_{12}(-1), R_{13}(-1)$ અને પછી $R_2 = R_3$

15\. P એ લંબશ્રેણિક છે $\therefore PP^T = P^TP = I$

$Q^{2013} = \left(PAP^T\right)\left(PAP^T\right)\ldots\left(PAP^T\right)$ 2013 વખત

$= PA^{2013}P^T$

$P^TQ^{2013}P = A^{2013}$

$A^2 = A\cdot A = \begin{bmatrix}1 & 2\\0 & 1\end{bmatrix}, A^3 = \begin{bmatrix}1 & 3\\0 & 1\end{bmatrix}, \ldots A^{2013} = \begin{bmatrix}1 & 2013\\0 & 1\end{bmatrix}$

16. $\det\overline{A} = \det\left(\overline{A}\right)^T = \det A$

$\Rightarrow \overline{\det A} = \det\overline{A} = \det A$

$\Rightarrow$ det Aએ શુદ્ધ વાસ્તવિક સંખ્યા છે.

17. $D = \begin{vmatrix}\log_3 2^{10} & \log_{2^3} 3\\ \log_3 2^3 & \log_{2^2} 3^2\end{vmatrix}\begin{vmatrix}\log_2 3 & \log_{2^2} 3\\ \log_3 2^2 & \log_3 2^2\end{vmatrix}$

$= \begin{vmatrix}10\log_3 2 & \frac{1}{3}\log_2 3\\ 3\log_3 2 & \frac{2}{2}\log_2 3\end{vmatrix}\begin{vmatrix}\log_2 3 & \frac{1}{2}\log_2 3\\ 2\log_3 2 & 2\log_3 2\end{vmatrix}$

$= (10-1)(2-1) = 9$

18. $A = iI$

$A^n = i^nI^n = i^n\ I = I$ જો $n = 4p$

19. $|A^3| = 7^3$

$\Rightarrow |A^3| = 7^3 \Rightarrow |A| = 7$

$\Rightarrow k^2 - 9 = 7 \Rightarrow k \pm 4$

20. $A^2 = \begin{bmatrix}1 & 0\\2 & 1\end{bmatrix}, A^3 = \begin{bmatrix}1 & 0\\3 & 1\end{bmatrix}, \ldots, A^n = \begin{bmatrix}1 & 0\\n & 1\end{bmatrix}$

$\therefore A^n + (n-1)I = \begin{bmatrix}n & 0\\n & n\end{bmatrix} = nA$

21. નિશ્ચાયકમાં $x = 0$ મુકતાં

$\begin{vmatrix}0 & 1 & -2\\-1 & 0 & -3\\3 & -1 & -1\end{vmatrix} = B \Rightarrow B = -12$

22. $D = \begin{bmatrix} 1 & 1 & 2 \\ -\sec^2 x & \tan^2 x & 1 \\ -10 & 12 & 2 \end{bmatrix} \quad \because R_{21}(1)$

$= \begin{vmatrix} 1 & 2 & 2 \\ -\sec^2 x & 1 & 1 \\ -10 & 2 & 2 \end{vmatrix} = 0 \qquad \because C_{12}(1)$ અને $C_2 = C_3$

23. $f(x) = \begin{vmatrix} \sec & \cos x & \sec^2 x + \cos x \cdot \operatorname{cosec}^2 x \\ \cos^2 x & \cos^2 x & \operatorname{cosec}^2 x \\ \sin^2 x & 0 & 0 \end{vmatrix} \qquad \because C_{23}(-1)$

$= \cos x - \sin^2 x - \cos^3 x$

$= \sin^2 x \cdot \cos x - \sin^2 x$

$\int_0^{\frac{\pi}{2}} f(x) = \int_0^{\frac{\pi}{2}} \sin^2 x \cdot \cos x \, dx - \int_0^{\frac{\pi}{2}} \sin^2 x \, dx ,$ $\sin x = t$ આદેશ લેતા,

$= \left[ \frac{t^3}{3} \right]_0^1 - \frac{1}{2} \left[ x - \frac{1}{1} \sin 2x \right]_0^{\pi/2} = \frac{1}{3} - \frac{\pi}{4}$

24. સ્પષ્ટ છે કે $f(-x) = -f(x)$ વિધેય અયુગ્મ છે.

$\therefore \int_{-\pi/2}^{\pi/2} f(x) dx = 0$

25. આપેલું છે કે $A^T A = I \Rightarrow A^2 = I$ ($\because A^T = A$ સ્પષ્ટ છે)

$\therefore \begin{bmatrix} a & b & c \\ a & b & c \\ a & b & c \end{bmatrix} \begin{bmatrix} a & b & c \\ a & b & c \\ a & b & c \end{bmatrix} = \begin{bmatrix} 1 & 0 & 0 \\ 0 & 1 & 0 \\ 0 & 0 & 1 \end{bmatrix}$

$\therefore a^2 + b^2 + c^2 = 1, \quad ab + bc + ca = 0$

$\therefore (a+b+c)^2 = 1 \Rightarrow a+b+c = 1$

$a^3 + b^3 + c^3 - 3abc = (a+b+c)(a^2 + b^2 + c^2 - ab - bc - ca)$

$\therefore a^3 + b^3 + c^3 = 3(1) + 1 = 4 \qquad (\because abc = 1)$

26. $\frac{d^n}{dx^n} f(x) = \begin{vmatrix} n! & \sin\left(x+\frac{n\pi}{2}\right) & \cos\left(x+\frac{n\pi}{2}\right) \\ n! & \sin\left(\frac{n\pi}{2}\right) & \cos\left(\frac{n\pi}{2}\right) \\ p & p^2 & p^3 \end{vmatrix}$

$\therefore \frac{d^n}{dx^n} f(0) = f^n(0) = 0 \qquad \because R_1 = R_2$

27. $R_{32}(1)$ પ્રક્રિયાથી $R_2$ ના બધાં જ ઘટકો શૂન્ય થાય છે. $\therefore D = 0$

28. $\Delta'(x) = \begin{vmatrix} 2x-5 & 2x-5 & 3 \\ 6x+1 & 6x+1 & 9 \\ 14x-6 & 14x-6 & 21 \end{vmatrix} + \begin{vmatrix} x^2-5x+3 & 2 & 3 \\ 3x^2+x+4 & 6 & 9 \\ 7x^2-6x+9 & 14 & 21 \end{vmatrix}$

$= 0\ (\because c_1 - c_2) + 0\ (\because c_2 = c_3) = 0$

$\therefore \Delta(x)$ અચળ છે.

$\therefore a = 0,\ b = 0,\ c = 0$

$\Delta(x)$માં બંને બાજુ $x = 0$ મુકતાં,

$\Delta(0) = \begin{vmatrix} 3 & -5 & 3 \\ 4 & 1 & 9 \\ 9 & -6 & 21 \end{vmatrix} = 141$

29. સ્પષ્ટ છે કે $A^T = A \Rightarrow AA^T = 64I$

$\Rightarrow A^2 = 64I$

$\Rightarrow |A| = 8$

$\Rightarrow \begin{vmatrix} 3a & b & c \\ b & 3c & a \\ c & a & 3b \end{vmatrix} = 8$

$\Rightarrow 29abc - 3\left(a^3 + b^3 + c^3\right) = 8$

$\Rightarrow a^3 + b^3 + c^3 = 7 \qquad (\because abc = 1)$

$\Rightarrow \left(a^3 + b^3 + c^3\right)^3 = 343$

30. $P^{-1}\left(1+P+P^2+...+P^n\right)=P^{-1}O$

$\therefore P^{-1}+I+IP+...+IP^{n-1}=O$

$\therefore P^{-1}+I\left(1+P+...+P^{n-1}\right)=O$

$\therefore P^{-1}+I\left(-P^n\right)=O$

$\therefore P^{-1}=P^n$

31. નિશ્ચાયક $\begin{vmatrix} a+b+c & a+b+c & a+b+c \\ 2b & b-c-a & 2b \\ 2c & 2c & c-a-b \end{vmatrix}$ $\because R_{21}(1), R_{31}(1)$

$=(a+b+c)\begin{vmatrix} 1 & 0 & 0 \\ 2b & -(a+b+c) & 0 \\ 2c & 0 & (-a+b+c) \end{vmatrix}$ $\because R_1\left(\frac{1}{a+b+c}\right), C_{12}(-1), C_{13}(-1)$

$=(a+b+c)^3$ $\because C_2\left(\frac{1}{a+b+c}\right), C_3\left(\frac{1}{a+b+c}\right)$ અને વિસ્તરણ કરતાં,

$=0$ જો $a+b+c=0$

32. $D=\begin{vmatrix} x+1 & x+3 & x+4 \\ 3 & 3 & 4 \\ 4 & 4 & 6 \end{vmatrix}$ $\because R_{23}(-1), R_{12}(-1)$

$=\begin{vmatrix} x+1 & 2 & 1 \\ 3 & 0 & 1 \\ 4 & 0 & 2 \end{vmatrix}$ $\because C_{23}(-1), C_{12}(-1)$

$=-4$ $C_2$ પ્રત્યે વિસ્તરણ કરતા

33. $\begin{vmatrix} a & b & c \\ b & c & a \\ c & a & b \end{vmatrix}=3abc-a^3-b^3-c^3$

$=-(a+b+c)\left(a^2+b^2+c^2-ab-bc-ca\right)$

$=-\frac{1}{2}(a+b+c)\left[(a-b)^2+(b-c)^2+(c-a)^2\right]<0$ ઋણ

34. $D = \begin{vmatrix} 1 & a & a^2 \\ 1 & b & b^2 \\ 1 & c & c^2 \end{vmatrix} - \begin{vmatrix} 1 & a & bc \\ 1 & b & ca \\ 1 & c & ab \end{vmatrix}$

$= (a-b)(b-c)(c-a) - (a-b)(b-c)(c-a)$

$= 0$

35. સમીકરણો $ax + y + z = 0$

(20) પ્રત્યેક $n \in N$ માટે $10^{2n-1} + 1$ એ ....... વડે વિભાજ્ય છે.

**(a) 11** (b) 13 (c) 9 (d) આમાંથી એક પણ નહી

(21) પ્રત્યેક $n \in N$ માટે, $2.4^{2n+1} + 3^{3n+1}$ એ ....... વડે વિભાજ્ય છે.

(a) 2 (b) 9 (c) 3 **(d) 11**

(22) જો $P(n): n^2 + n + 1$ એ અયુગ્મ પૂર્ણાંક છે અને $P(k)$ સત્ય છે $\Rightarrow P(k+1)$ સત્ય હોય તો $P(n)$ ..... માટે સત્ય છે.

(a) $n>1$ માટે (b) પ્રત્યેક $n \in N$ માટે

(c) $n>2$ માટે **(d) આમાંથી એક પણ નહી**

(23) જો $P(n): 3^n < n!$, $n \in N$ હોય તો $P(n)$ ...... માટે સત્ય થાય.

(a) $n \geq 6$ માટે **(b) $n \geq 7$ માટે**

(c) $n \geq 3$ માટે (d) પ્રત્યેક $n \in N$ માટે

(24) જો $P(n): 1+3+5+.......+(2n-1) = n^2$ એ ......... માટે સત્ય છે.

(a) $n>1$ માટે સત્ય છે. **(b) પ્રત્યેક $n \in N$ માટે સત્ય છે.**

(c) કોઈ પણ n માટે સત્ય નથી. (d) આમાંથી એક પણ નહી

(25) જો પ્રત્યેક $n \in N$ માટે, $P(n)$ એ એવું વિધાન છે કે જેથી $k \in N$ માટે,

P(k) સત્ય છે $\Rightarrow$ P(k+1) સત્ય હોય તો P(n) એ........ સત્ય છે.

(a) પ્રત્યેક $n>1$ માટે (b) પ્રત્યેક $n \in N$ માટે

(c) પ્રત્યેક $n>2$ માટે **(d) કંઇ પણ કહી શકાય નહીં**

(26) જો $P(n) : 1+3+5+ \dots + (2n-1) = 3 + n^2$ નીચેનામાંથી કયું સાચું થાય ?

(a) P(1) સત્ય છે. **(b) P(k) સત્ય છે $\Rightarrow$ P(k+1) સત્ય છે.**

(c) P(k) સત્ય હોય તો P(k+1) સત્ય નથી. (d) બંને (a) અને (b) સત્ય છે.

(27) જો શ્રેણિકો $A = \begin{bmatrix} 1 & 0 \\ 1 & 1 \end{bmatrix}$ અને $I = \begin{bmatrix} 1 & 0 \\ 0 & 1 \end{bmatrix}$, $n \in N$ માટે નીચેનામાંથી સાચું થાય ?

(ગણિતીય અનુમાનના સિધ્ધાંનો ઉપયોગ કરો)

**(a) $A^n = n.A - (n-1) I$** (b) $A^n = 2^{n-1}.A + (n-1) I$

(c) $A^n = n.A + (n-1) I$ (d) $A^n = 2^{n-1}.A - (n-1) I$

(28) જો $S_n = 2.7^n + 3.5^n - 5$, $n \in N$ એ .... ના ગુણિત દ્વારા વિભાજ્ય છે.

(a) 5 (b) 7 **(c) 24** (d) આમાંથી એક પણ નહીં

(29) $10^n + 3(4^{n+2}) + 5$ એ .... દ્વારા વિભાજ્ય છે. જ્યાં $n \in N$

(a) 7 (b) 5 **(c) 9** (d) 17

(30) પ્રત્યેક $n \in N$ માટે, $(3+5^{1/2})^n + (3-5^{1/2})^n$ એ .... સંખ્યા છે.

**(a) યુગ્મ પ્રાકૃતિક સંખ્યા** (b) અયુગ્મ પ્રાકૃતિક સંખ્યા

(c) કોઇ પણ પ્રાકૃતિક સંખ્યા (d) અસંમેય સંખ્યા

(31) $5^{99}$ ને 13 વડે ભાગતાં શેષ .... રહે.

(a) 6 **(b) 8** (c) 9 (d) 10

(32) પ્રત્યેક ધન પૂર્ણાંક n માટે, $3^{3n} - 2n + 1$ એ ... વડે વિભાજ્ય છે.

**(a) 2** (b) 4 (c) 8 (d) 12

P(k) સત્ય છે $\Rightarrow$ P(k+1) સત્ય હોય તો P(n) એ........ સત્ય છે.

(a) પ્રત્યેક $n>1$ માટે (b) પ્રત્યેક $n\in N$ માટે

(c) પ્રત્યેક $n>2$ માટે **(d) કંઇ પણ કહી શકાય નહીં**

(26) જો $P(n): 1+3+5+\ldots+(2n-1) = 3+n^2$ નીચેનામાંથી કયું સાચું થાય ?

(a) P(1) સત્ય છે. **(b) P(k) સત્ય છે $\Rightarrow$ P(k+1) સત્ય છે.**

(c) P(k) સત્ય હોય તો P(k+1) સત્ય નથી. (d) બંને (a) અને (b) સત્ય છે.

(27) જો શ્રેણિકો $A = \begin{bmatrix} 1 & 0 \\ 1 & 1 \end{bmatrix}$ અને $I = \begin{bmatrix} 1 & 0 \\ 0 & 1 \end{bmatrix}$, $n \in N$ માટે નીચેનામાંથી સાચું થાય ?

(ગણિતીય અનુમાનના સિધ્ધાંતની ઉપયોગ કરો)

**(a) $A^n = n.A - (n-1)I$** (b) $A^n = 2^{n-1}.A + (n-1)I$

(c) $A^n = n.A + (n-1)I$ (d) $A^n = 2^{n-1}.A - (n-1)I$

(28) જો $S_n = 2.7^n + 3.5^n - 5, n\in N$ એ .... ના ગુણિત દ્વારા વિભાજ્ય છે.

(a) 5 (b) 7 **(c) 24** (d) આમાંથી એક પણ નહી

(29) $10^n + 3(4^{n+2}) + 5$ એ .... દ્વારા વિભાજ્ય છે. જ્યાં $n\in N$

(a) 7 (b) 5 **(c) 9** (d) 17

(30) પ્રત્યેક $n\in N$ માટે, $(3+5^{1/2})^n + (3-5^{1/2})^n$ એ .... સંખ્યા છે.

**(a) યુગ્મ પ્રાકૃતિક સંખ્યા** (b) અયુગ્મ પ્રાકૃતિક સંખ્યા

(c) કોઇ પણ પ્રાકૃતિક સંખ્યા (d) અસંમેય સંખ્યા

(31) $5^{99}$ ને 13 વડે ભાગતાં શેષ .... રહે.

(a) 6 **(b) 8** (c) 9 (d) 10

(32) પ્રત્યેક ધન પૂર્ણાંક n માટે, $3^{3n} - 2n + 1$ એ ... વડે વિભાજ્ય છે.

**(a) 2** (b) 4 (c) 8 (d) 12

# જવાબો:-

(1) **(d) 2304** (2) (d) 24 (3) (a) 60 (4) **(b) $n \geq 5$**

(5) **(c) $n^4 < 10^n$** (6) (d) 7 (7) **(d) $n \geq 2, n \in N$**

**(8) (a) $\sin 2^n\theta / 2^n \sin\theta$** (9) **(b) $n(n+3) / 4(n+1)(n+2)$**

**(10) (a) 19** (11) **(a) 6** **(12) (c) a – b** (13) **(a)** ધન પૂર્ણાંક

**(14) (a) $n > 2$** **(15) (b) 2** **(16) (a) 120** (17) **(c)** પ્રત્યેક **$n \in N$**

**(18) (a) 8** (19) **(c) 49** (20) **(a) 11** (21) **(d) 11**

**(22) (d)** આમાંથી એક પણ નહી **(23) (b) $n \geq 7$** માટે

(24) **(b)** પ્રત્યેક **$n \in N$** માટે સત્ય છે. **(25) (d)** કંઇ પણ કહી શકાય નહી

**(26) (b) P(k)** સત્ય છે **$\Rightarrow$ P(k+1)** સત્ય છે. (27) **(a) $A^n - nA - (n-1)I$**

**(28) (c) 24**

**(29) (c) 9** **(30) (a)** યુગ્મ પ્રાકૃતિક સંખ્યા **(31) (b) 8**

**(32) (a) 2** **(33) (c) 133** **(34) (b) $n > 2$**

# સૂચનો

(1)

$P(1): 0 = 0 \times 2304$ $\quad P(2): 2304 = 1 \times 2304$ $\therefore$ $P(1)$ અને $P(2)$ સત્ય છે. --(1)

ધારોકે $P(k): 7^{2k} - 48k - 1 = m \times 2304$ , $m \in N$ અને

$P(k+1): 7^{2k+2} - 48(k+1) - 1 = m'(2304)$ , $m' \in N$ સત્ય છે. ------- (2)

હવે, $P(k+2): 7^{2k+4} - 48(k+2) - 1 = 49 \times 7^{2k+2} - 48(k+1) - 49$

$= 49 \times 7^{2k+2} - 48(k+1) - 49 = 49(7^{2k+2} - 1) - 48(k+1)$

$= 49(2304m' + 48k + 48) - 48k - 48$ $\quad$ ( .... (2) )

$= 49 \times 2304m' + 49 \times 48k + 49 \times 48 - 48k - 48$

$= 49 \times 2304m' + 48 \times 48k + 48 \times 48 = 2304(49m' + k + 1)$

$= 2304 \times m''$ , જ્યાં $m'' = 49m' + k + 1$ ધન પૂર્ણાંક છે.

$\therefore$ Ans. (d) 2304

(2)

$\forall n \in N$ માટે $P(n): 2.7^n + 3.5^n - 5$

$P(1): 24$ , $P(2): 98 + 75 - 5 = 168 = 7 \times 24$

Ans. (a) 24

(3)

પ્રત્યેક ધન પૂર્ણાંક $n > 2$ , $P(n): n^2(n^4 - 1)$

$P(2): 4 \times 15 = 60$, $P(3): 9 \times 80 = 60 \times 12$

$\therefore$ વિકલ્પો પરથી, Ans. (a) 60

(4) $n \in N$ માટે, $P(n): 10^{n-2} > 81n$

P(1) : 0.1 > 81 સત્ય નથી, P(2): 1> 162 સત્ય નથી , P(3):10 > 243 સત્ય નથી, તેવી જ રીતે P(4) સત્ય નથી , પરંતુ P(5): 1000 > 405 સત્ય છે અને P(6): 10000 > 486 સત્ય છે $\therefore$ Ans. (b) $n \geq 5$

(5)

અહીં $n = 1$ માટે, $2^n < n$ સત્ય નથી,

$n^2 > 2^n$ સત્ય નથી,

$n^4 < 10^n$ સત્ય છે,

$n^{3n} > 7n + 1$ સત્ય નથી,

Ans. (c) $n^4 < 10^n$

(6)

$n = 2$ માટે, $a_2 = 2^{2^2} + 1 = 17 = 10 + 7$

ધારોકે $a_k = 2^{2^k} + 1 = 10m + 7$ સત્ય છે, જ્યાં $k > 1, m \in N$ ... (1)

હવે, $a_{k+1} = 2^{2^{k+1}} + 1 = \left(2^{2^k}\right)^2 + 1 = (10m + 6)^2 + 1$ ((1) પરથી)

$= 10(10m^2 + 12m + 3) + 7$

$\therefore$ $a_n$ ની એકમના સ્થાનનો અંક 7 છે.

$\therefore$ Ans. (c) 7

( 7)

P(n): $4^n/(n+1) < (2n)!/(n!)^2$ , $n \in N$

P(1) સત્ય નથી અને $n < 0$ શક્ય નથી.

$\therefore$ (a), (b), (c) વિકલ્પો શક્ય નથી. $\therefore$ Ans. **(d) $n \geq 2$,** $n \in N$

(8) n=1માટે, P(n):$\cos\theta \cos2\theta \cos4\theta \ldots \cos[(2^{n-1})\theta]$ પરથી,

$\therefore P(1): \cos\theta$

વિકલ્પ (a) માં n = 1 લેતાં, $\cos\theta$ મળે.. $\therefore$ Ans. **(a) $\sin 2^n\theta / 2^n \sin\theta$**

**(9)**

n = 1માટે,

$1/(1.2.3) = 1/6$

હવે n = 1માટે, ફક્ત વિકલ્પ **(b) $n(n+3)/4(n+1)(n+2)$** માંથી કિંમત 1/6

$\therefore$ Ans. **(b) $n(n+3)/4(n+1)(n+2)$**

**(10)**

n = 1માટે, $P(1): 5^{2+1} + 3^{1+2}.2^{1-1}$

$= 125 + 27 = 152 = 19 \times 8$

ધારોકે $P(k) = 5^{2k+1} + 3^{k+2}.2^{k-1} = 19m, m \in N$ ---- (1)

$P(k+1) = 5^{2k+3} + 3^{k+3}.2^{k} = 5^2.5^{2k+1} + 3.3^{k+2}.2.2^{k-1}$

$= 25(19m - 3^{k+2}.2^{k-1}) + 6.3^{k+2}.2^{k-1}$ ( by (1) )

$= 25.19m - 19.3^{k+2}.2^{k-1}$

$= 19(25m - 3^{k+2}.2^{k-1})$

$= 19m'$

$\therefore$ Ans. (a) 19

(11)

ત્રણ ક્રમિક પ્રાકૃતિક સંખ્યાઓનો ગુણાકાર $P(n): n(n+1)(n+2)$ લઇએ.

$P(1) = 6$ જે 6 વડે વિભાજ્ય છે.

P(2) = 24 જે 6 વડે વિભાજ્ય છે.

∴ Ans. (a) 6

(12)

પ્રત્યેક $n \in N$, $P(n) : a^n - b^n$

$P(1) = a - b$ અને $P(2) = a^2 - b^2 = (a-b)(a+b)$

∴ Ans. (c) $a - b$

(13)

$P(n): x^{2n-1} + y^{2n-1} = \lambda(x+y)$ જ્યાં λ એ બહુપદી છે.

$P(1) : x + y$ એ $x+y$ વડે વિભાજ્ય છે.

$P(2): x^3 + y^3 = (x+y)(x^2 - xy + y^2)$

∴ Ans. **(a) ધન પૂર્ણાંક**

(14)

$P(n): n! > 2^{n-1}$

હવે, P(1) અને P(2) સત્ય નથી, પણ P(3) સત્ય છે.

ધારોકે $P(k): k! > 2^{k-1}$, $k>2$ સત્ય છે.

$P(k+1):(k+1)! > 2^k$

L.H.S of $P(k+1) = (k+1)! = k!(k+1)$

$> 2^{k-1}(k+1) = 2^k.(k+1)/2$

$> 2^k$

∴ Ans. (a) $n > 2$

(15) નાનામાં નાના ધન પૂર્ણાંક n માટે, $P(n):n! < \{(n+1)/2\}^n$,

P(1):1 < 1 સત્ય નથી, P(2):2 < 9/4 સત્ય છે. P(3):6<8 સત્ય છે. P(4) સત્ય છે.

$\therefore$ **Ans. (b) 2**

(16)

**∀n∈N માટે, (n+2)(n+3)(n+4)(n+5)(n+6) એ કયા મોટામાં મોટા ધન પૂર્ણાંક વડે વિભાજ્ય છે ?**

P(n): (n+2)(n+3)(n+4)(n+5)(n+6), n∈N

P(1) = 3.4.5.6.7 = 120.21 P(2) = 4.5.6.7.8 = 120.56

P(3) = 5.6.7.8.9 = 120.126 P(4) = 6.7.8.9.10 =120.252

P(5) = 7.8.9.10 = 120.42 P(6) = 8.9.10.11.12 = 120.99.13

$\therefore$ Ans. **(a) 120**

(17)

$$P(n) : x( x^{n-1} - n\alpha^{n-1}) + \alpha^{n} (n-1) = g(x).(x - \alpha)^{2}$$

$$P(1) = 0$$

$$P(k) : x( x^{k-1} - k\alpha^{k-1}) + \alpha^{k} (k-1) = g(x).(x - \alpha)^{2}$$

$$P(k+1) : x( x^{k} - (k+1)\, \alpha^{k}) + \alpha^{k+1} (k) = g'(x).(x - \alpha)^{2}$$

$$L.H.S. = x[kx\alpha^{k-1} - (k-1)\, \alpha^{k} + g(x).(x - \alpha)^{2} - (k+1)\, \alpha^{k}] + \alpha^{k+1}k$$

$$= kx^{2}\alpha^{k-1} - 2kx\alpha^{k} + g(x).x.(x - \alpha)^{2} + k\, \alpha^{k+1}$$

$$= g(x).x.(x - \alpha)^{2} + (x^{2} - 2x\alpha + \alpha^{2})k\, \alpha^{k-1}$$

$$= (x - \alpha)^{2} [g(x).x + k\, \alpha^{k-1}]$$

$$= g'(x).(x - \alpha)^{2}$$

= R.H.S.

$\therefore$ Ans. **(c) all n∈N**

**(18)** પ્રત્યેક $n \in N$, $P(n) : 3^{2n} - 1$

$P(1) = 8,$ $P(2) = 80 = 10.8$ $\therefore$ Ans.**(a) 8**

(19)

પ્રત્યેક $n \in N$, , $P(n) : 2^{3n} - 7n - 1$

$P(1) = 0$ $P(2) = 49$ $P(3) = 512 - 21 - 1 = 490 = 49.10$

$\therefore$ Ans. **(c) 49**

(20)

પ્રત્યેક $n \in N$, , $P(n) : 10^{2n-1} + 1$

$P(1) = 11,$

$P(2) = 1001 = 11.91$

$\therefore$ Ans. **(a) 11**

(21)

$\forall n \in N$, $P(n) : 2.4^{2n+1} + 3^{3n+1}$

$P(1) = 209 = 11.19$

$P(2) = 11.385$

$\therefore$ Ans. **(d) 11**

(22) $P(n) : n^2 + n + 1 = n(n+1) + 1$

$P(1) : 3$ જે સત્ય છે.

$P(n) : n^2 + n + 1 = n(n+1) + 1$ જે હંમેશાં અયુગ્મ સંખ્યા છે.

$\therefore$ Ans. **(b) $\forall n \in N$**

(23) $P(n) : 3^n < n!$ , $n \in N$

$P(1) : 3^1 < 1$ જે સત્ય નથી. $P(3) : 3^3 < 3!$ જે સત્ય નથી.

$P(6) : 3^6 < 6!$ જે સત્ય નથી.

$P(7) : 3^7 < 7!$ જે સત્ય છે. $\therefore$ Ans. **(b) $n \geq 7$**

(24)

$P(1):1 = 1$

$P(k):1+3+5+.......+(2k-1) = k^2.$

$P(k+1):1+3+5+.......+(2k-1) + (2k+1) = (k+1)^2.$

$L.H.S. = 1+3+5+.......+(2k-1) + (2k+1)$

$= k^2 + 2k + 1 = (k+1)^2 = R.H.S.$

$\therefore$ Ans. **(b) પ્રત્યેક $n \in N$ માટે સત્ય છે.**

(25)

P(1) સત્યાર્થતા ચકાસી શકાતી નથી કારણકે વિધાન P(n) આપેલ નથી.

$\therefore$ Ans. **(d) કંઇ પણ કહી શકાય નહી**

(26)

$P(1) : 1 = 4$ જે સત્ય નથી.

ધારોકે $P(k) : 1+3+5+ \dots + (2k - 1) = 3 + k^2$ સત્ય છે.

$P(k+1) = 1+3+5+ \dots + (2k - 1)+(2k+1)$

$= 3 + k^2 +2k+1 = (k+1)^2 +3 = R.H.S.$

$\therefore$ Ans.**(b) P(k)** સત્ય છે $\Rightarrow$ **P(k+1)** સત્ય છે.

(27)

$A = \begin{bmatrix} 1 & 0 \\ 1 & 1 \end{bmatrix}, I = \begin{bmatrix} 1 & 0 \\ 0 & 1 \end{bmatrix}$

$P(1):A = A - (1-1) I = A$ $\therefore$ P(1) સત્ય છે.

P(k) સત્ય છે $\Rightarrow$ **P(k+1)** સત્ય છે, **k** $\in N$

$\therefore$ Ans. (a) $A^n = n.A-(n-1)I$

(28)

$S_n = 2.7^n + 3.5^n - 5, n \in N$

$S_1 = 2.7^1 + 3.5^1 - 5 = 24, n \in N$

$S_2 = 2.7^2 + 3.5^2 - 5 = 168 = 24.7$

$\therefore$ Ans.**(c) 24**

(29)

$P(n) : 10^n + 3(4^{n+2}) + 5, \ n \in N$

$P(1) : 10^1 + 3(4^{1+2}) + 5 = 207 = 9.23,$

$P(2) = 9.97$

$\therefore$ Ans.**(c) 9**

(30)

પ્રત્યેક $n \in N$ માટે, $P(n):(3+5^{1/2})^n+(3-5^{1/2})^n$

$P(1): (3+5^{1/2})^1+(3-5^{1/2})^1$

= 6 જે યુગ્મ છે.

$P(2)= (3+5^{1/2})^2+(3-5^{1/2})^2$

=16 જે યુગ્મ છે.

$\therefore$ Ans. **(a) યુગ્મ પ્રાકૃતિક સંખ્યા**

(31)

$5^{99} = 5(5^2)^{49} = 5(25)^{49} = 5(26-1)^{49}$

= 5( ધન પૂર્ણાંક સંખ્યા) – 5 or 26×5(ધન પૂર્ણાંક સંખ્યા –1 ) + 13.9 + 8

$\therefore$ શેષ – 5 અથવા 8

$\therefore$ Ans.**(b) 8**

(32)

$\forall n \in N,\ P(n): 3^{3n} - 2n + 1$

$P(1) : 26 = 2 \times 13$

$P(2) : 726 = 2 \times 343$

$P(3) : 19683 - 6 + 1 = 19678 = 2 \times 9839$

$\therefore$ Ans.**(a) 2**

(33)

$\forall n \in N,\ P(n) = 11^{n+2} + 12^{2n+1}$

$P(1) : 11^{1+2} + 12^{2+1} = 133 \times 23,$

$P(2) : 11^{2+2} + 12^{4+1} = 14641 + 248832 = 263473 = 133 \times 1981$

$\therefore$ Ans. **(c) 133**

(34)

For $n \in N,\ P(n) = 2^n (n-1)! < n^n$

$P(1) : 2 < 1$ સત્ય નથી.

$P(2) : 4 < 4$ સત્ય નથી.

$P(3) : 16 < 27$ સત્ય છે.

તેવી જ રીતે $P(4)$ સત્ય છે.

$\therefore$ Ans. **(b) $n > 2$**

# એકમ - 6
# દ્વિપદી પ્રમેય
## <u>અગત્યના મુદ્દા</u>

- $C_r = nCr = \binom{n}{r} = \frac{n!}{(n-r)!r!}$
- $x, y \in$ R તથા $n \in N$ માટે,

  $(x+y)^n = nC_0 x^n y^0 + nC_1 x^{n-1} y + nC_2 x^{n-2} y^2 + ... + nC_n x^0 y^n$

  $= \sum_{r=0}^{n} nC_r x^{n-r} y^r$

  $e.g. \sum_{r=0}^{10} 10C_r 2^{10-r} (-5)^r = (2-5)^{10} = 3^{10}$
- $(x + y)^n$ ના વિસ્તરણમાં r + 1 મું પદ.

  $T_{r+1} = nC_r x^{n-r} y^r$
- x, y $\in$ R તથા n $\in$ N માટે

  $(x-y)^n = nC_0 x^n y^0 - nC_1 x^{n-1} y^1 + nC_2 x^{n-2} y^2 + .... + (-1)^n\ nC_n x^0 y^n.$

  $= \sum_{r=0}^{n} (-1)^r nC_r x^{n-2} y^r$

  $(x - y)^n$ ના વિસ્તરણમાં r + 1 મું પદ,

  $T_{r+1} = (-1)^r nCr\, x^{n-r} y^r$
- $(x + y)^n$ કે $(x - y)^n$ ના વિસ્તરણમાં પદોની કુલ સંખ્યા = n + 1.

  કોઈપણ પદમાં x અને y ની ઘાતનો સરવાળો n જ થાય.
- મધ્યમ પદ

  ★ જો n યુગ્ય હોય તો $\frac{n+2}{2}$ મું પદ મધ્યમપદ થાય.

  $r+1 = \frac{n+2}{2} \Rightarrow r = \frac{n}{2}$ લેતાં મધ્યમપદ = $nC_{n/2}\, x^{n/2}\, y^{n/2}$

  ★ જો n અયુગ્મ હોય તો $\frac{n+1}{2}$ મું પદ અને $\frac{n+3}{2}$ મું પદ મધ્યમપદ થાય.

  $r = \frac{n-1}{2}$ લેતાં મધ્યમપદ $nC_{\frac{n-1}{2}} x^{\frac{n-1}{2}} y^{\frac{n+1}{2}}$

  $r = \frac{n+1}{2}$ લેતાં મધ્યમપદ $nC_{(n+1)/2}\, x^{(n+1)/2} y^{(n-1)/2}$

- **મોટામાં મોટો સહગુણક**

  ★ જો n યુગ્મ હોય તો $(x + y)^n$ ના વિસ્તરણમાં સૌથી મોટો સહગુણક $nC_{n/2}$

  ★ જો n અયુગ્મ હોય તો $(x + y)^n$ ના વિસ્તરણમાં સૌથી મોટો સહગુણક $nC_{(n-1)/2}$ અને $nC_{(n+1)/2}$ થાય.

- **મોટામાં મોટું પદ**

  $(x + y)^n, x > 0, y > 0, n \in N$ ના વિસ્તરણમાં મોટામાં મોટું પદ શોધવા માટે $K = \dfrac{(n+1)y}{x+y}$ શોધો.

  જો k પૂર્ણાંક હોય તો k મું અને k + 1 મું પદ, અને જો k અપૂર્ણાંક હોય તો $\alpha = [K]$ શોધો. આ સંજોગોમાં $\alpha + 1$ મું પદ મોટામાં મોટું થાય.

- $(x+y)^n + (x-y)^n = 2[nC_0x^ny^0 + nC_2x^{n-2}y^2 + nC_4x^{n-4}y^4 + ... + \left[\dfrac{n}{2}\right] + 1$ પદ સુધી.

  $(x+y)^n - (x-y)^n = 2\{nC_1x^{n-1}y + nC_3x^{n-3}y^3 + ... + \left[\dfrac{n+1}{2}\right]$ પદ સુધી}

  $e.g.\ (1+\sqrt{2}x)^9 + (1-\sqrt{2}x)^9$ ના વિસ્તરણમાં શૂન્યેતર પદોની સંખ્યા = $\left[\dfrac{9}{2}\right] + 1 = 5$

- $(1 + x)^n = nC_0x^0 + nC_1x^1 + nC_2x^2 + .... + nC_nx^n; n \in N$

  $(1 + x)^n$ ના વિસ્તરણમાં $x^r$ નો સહગુણક $\begin{pmatrix} n \\ r \end{pmatrix} = nC_r$ કૌંસની

  ઘાત x ની ઘાત

  $(1 + x)^n$ ના વિસ્તરણમાં r + 1 માં પદ નો સહગુણક= $nC_r$

- $(a_1 + a_2 + ... + a_m)^n = \sum \dfrac{n!}{n_1!n_2!...n_m!}.a_1^{n_1} a_2^{n_2} a_3^{n_3}...a_m^{n_m}$

  જ્યાં $n_1, n_2, n_3... n = \in N$

  તથા $n_1 + n_2 + n_3 + ... + n_m = n$.

  આ વિસ્તરણમાં પદોની સંખ્યા = $(n + m - 1)\ C_{(m-1)}$

  e.g. $(x + y + z)^n$ ના વિસ્તરણમાં પદોની સંખ્યા = $\dfrac{1}{2}(n+1)(n+2)$

  $(x + y + z)^n$ ના સહગુણકોનો સરવાળો = $3^n$

- **સહગુણકો સંબંધિત પરિણામો**

  (1) $nC_0 + nC_1 + nC_2 + ....\ nC_n = 2^n$

  (2) $nC_0 + nC_2 + nC_4 + .... = 2^{n-1}$

  (3) $nC_1 + nC_3 + nC_5 + .... = 2^{n-1}$

(4) જો $a_0, a_1, a_2, .... a_n$ સમાંતરણ શ્રેણીમાં હોય તો

$$a_0nC_0 + a_1nC_1 + a_2nC_2 + ... + a_nnC_n = (a_0 + a_n)2^{n-1}$$

(5) $nC_0 - nC_1 + nC_2 - .... + (-1)^n nC_n = 0$

(6) $(x + y)^n$, $n \in N$ ના વિસ્તરણમાં r માં, r + 1 માં, r + 2 માં પદના સહગુણકો સમાંતરણ શ્રેણીમાં હોય તો $r = \frac{1}{2}\left[n + \sqrt{n+2}\right]$.

(7) $(1 + x)^{2n}$ માં $x^n$ નો સહગુણક = 2 $\{(1 + x)^{2n-1}$ માં $x^n$ નો સહગુણક$\}$

(8) $(1 + x)^n (1+\frac{1}{x})^n$ ના વિસ્તરણમાં $\frac{1}{x}$ નો સહગુણક $\frac{(2n)!}{(n-1)!(n+1)!}$

- $x^n$ ને y વડે ભાગવાથી મળતી શેષ શોધવા x કે x ની અન્ય ઘાતવાળા પદને $ky \pm 1$ સ્વરૂપમાં દર્શાવી દ્વિપદી પ્રમેયનો ઉપયોગ કરવો.

# પ્રશ્ન બેન્ક

(1) જો $\left(2+\frac{x}{3}\right)^n$ ના વિસ્તરણમાં $x^7$ અને $x^8$ ના સહગુણકો સમાન હોય તો n = .........

(a) 55 (b) 56 (c) 54 (d) 58

(2) $\left(\frac{3x^2}{2}-\frac{1}{3x}\right)^9, x \neq 0$ ના વિસ્તરણમાં અચળ પદ ........... છે.

(a) $\frac{5}{18}$ (b) $\frac{7}{18}$ (c) $\frac{5}{17}$ (d) $\frac{7}{17}$

(3) $\left(2-\frac{x^3}{3}\right)^7$ ના વિસ્તરણમાં મધ્યમપદના સહગુણકો ........... છે.

(a) $-\frac{560}{27},-\frac{280}{81}$ (b) $\frac{560}{27},-\frac{280}{81}$ (c) $-\frac{560}{27},\frac{280}{81}$ (d) $\frac{560}{27},\frac{280}{81}$

(4) $\left(\frac{2}{x}-3xy\right)^{12}$ ના વિસ્તરણમાં મધ્યમપદ ............ છે.

(a) 14370048 $y^6$ (b) 14370024 $y^6$
(c) 43110144 $y^6$ (d) 43110124 $y^6$

(5) $\left(x+\frac{1}{x}\right)^{12}$ ના વિસ્તરણમાં મધ્યમપદ $kx^m$ હોય તો m = ...........

(a) -2 (b) -1 (c) 0 (d) 1

(6) $\left(x-\frac{x^3}{5}\right)^8$ ના વિસ્તરણમાં મધ્યમપદનો સહગુણક ............ છે.

(a) $\frac{14}{625}$ (b) $\frac{70}{625}$ (c) $\frac{14}{125}$ (d) $\frac{70}{125}$

(7) $\left(1+a+\frac{a^2}{4}\right)^n$ ના વિસ્તરણમાં મધ્યમપદનો ક્રમ ............ છે.

(a) $\frac{n}{2}+1$ (b) $\frac{n+1}{2}$ (c) n + 1 (d) $\frac{n+3}{2}$

(8) $(x + y)^{13}$ ના વિસ્તરણમાં ત્રીજા અને ............ મા પદનો સહગુણક સમાન છે.

(a) 12 (b) 11 (c) 8 (d) 13

(9) $(x - y)^{10}$ ના વિસ્તરણમાં ($x^7 y^3$ નો સહગુણક) - ($x^3 y^7$ નો સહગુણક) = ............

(a) $10C_7$ (b) $2 \cdot 10C_7$ (c) $10C_7 + 10C_1$ (d) 0

(10) $\left(a^{\frac{2}{3}} + b^{\frac{1}{3}}\right)^{35}$, $a \neq b$ ના વિસ્તરણમાં a અને b ની ઘાત પૂર્ણાંક હોય તેવા પદોની સંખ્યા ............ છે.

(a) 1 (b) 2 (c) 3 (d) 4

(11) જો $\left(\frac{1}{x^{\frac{8}{3}}} + x^2 \log_{10} x\right)^8$ ના વિસ્તરણમાં છઠ્ઠું પદ 5600 હોય તો x=...........

(a) 2 (b) $\sqrt{5}$ (c) $\sqrt{10}$ (d) 10

(12) જો P અને Q એ $(1 + x)^{2n}$ અને $(1 + x)^{2n-1}$ ના વિસ્તરણમાં $x^n$ ના સહગુણકો હોય તો ............

(a) P = Q (b) P = 2Q (c) 2P = Q (d) P + Q = 0

(13) $\left(\frac{x+1}{x^{2/3} - x^{1/3} + 1} - \frac{x-1}{x - x^{1/2}}\right)^{10}$ ના વિસ્તરણમાં અચળપદ ............ છે.

(a) 210 (b) 105 (c) 70 (d) 35

(14) જો $w \neq 1$ એ 1 નું ઘનમૂળ હોય તો $\sum_{r=0}^{100} 100C_r \left(2 + w^2\right)^{100-r} . W^r$

(a) -1 (b) 0 (c) 1 (d) 2

(15) $(1 - x + x^2)^5$ ના વિસ્તરણમાં $x^3$ નો સહગુણક.............છે.

(a) -30 (b) -20 (c) -10 (d) 30

(16) $(1-\lambda x)^8$ અને $(1-\lambda x)^6$ ના મધ્યમપદના સહગુણકો સમાન હોય તો $\lambda$ = ...........

(a) $\frac{2}{7}$ (b) - $\frac{2}{7}$ (c) - $\frac{3}{7}$ (d) એકપણ નહિં.

(17) $(1 - x)^m (1 + x)^n = 1 + a_1 x + a_2 x^2 + .....$; $m, n \in N$ તથા $a_1 = a_2 = 10$ તો (m ,n) ............

(a) (45, 35) (b) (35, 20) (c) (35, 45) (d) (20, 45)

(18) $(x+\sqrt{x^3-1})^5 + (x-\sqrt{x^3-1})^5$ નું વિસ્તરણ એ ............ કક્ષાની બહુપદી છે.

(a) 5 (b) 6 (c) 7 (d) 8

(19) $S = (x + 3)^{n-1} + (x + 3)^{n-2} (x + 2) + (x + 3)^{n-3}. (x + 2)^2 + ...... + (x + 2)^{n-1}$ ના વિસ્તરણમાં $x^r$ નો સહગુણક ............ છે.

(a) $nC_r(3^r - 2^r)$ (b) $nC_r(3^{n-r} - 2^{n-r})$

(c) $3^{n-r} - 2^{n-r}$ (d) $3^{n-r} + 2^{n-r}$

(20) $(\sqrt{x}+\sqrt{y})^{10} + (\sqrt{x}-\sqrt{y})^{10}$ ના વિસ્તરણમાં પદોની સંખ્યા ............ છે.

(a) 5 (b) 6 (c) 7 (d) 8

(21) $(2x - 3y)^4$ માં મધ્યમપદનો સહગુણક ............ છે.

(a) -96 (b) 216 (c) -216 (d) 96

(22) $\left(1+\frac{x}{2}-\frac{2}{x}\right)^4$ ના વિસ્તરણમાં અચળપદ ........... થાય.

(a) 5 (b) -5 (c) 4 (d) -4

(23) $(\sqrt{2}+1)^5+(\sqrt{2}-1)^5 =$ ..........

(a) 58 (b) $58\sqrt{2}$ (c) -58 (d) $-58\sqrt{2}$

(24) $(x + a)^n$ ના વિસ્તરણમાં યુગ્ય પદોના સરવાળા ને E વડે અને અયુગ્મ પદોના સરવાળા ને O વડે દર્શાવીએ તો $O^2 - E^2 =$ ..........

(a) $x^2 - a^2$ (b) $(x^2 - a^2)^n$ (c) $x^{2n} - a^{2n}$ (d) એકપણ નહિં.

(25) $\sum_{r=0}^{n} nC_r 4^r =$ ............

(a) $4^n$ (b) $5^n$ (c) $4^{-n}$ (d) $5^{-n}$

(26) $(10.1)^5 =$ ...........

(a) 105101.501 (b) 105101.0501

(c) 105101.00501 (d) 105101.05001

(27) $a, b \in N, a \neq b$ તો all $n \in N$ માટે $a^n - b^n$ એ ........... વડે વિભાજ્ય છે.

(a) a - b (b) b - a (c) a and b both (d) એકપણ નહિં.

(28) $(1.1)^{10000}$ ........... 1000.

(a) > (b) < (c) = (d) એકપણ નહિં.

(29) $\left(2x^2+\frac{1}{x^2}\right)^{25}$ ના વિસ્તરણમાં 10મું પદ ........... છે.

(a) $\frac{1760}{x^2}$ (b) $\frac{1760}{x^3}$ (c) $\frac{880}{x^2}$ (d) $\frac{880}{x^3}$

(30) $\left(2x+\frac{1}{x^2}\right)^{25}$ ના વિસ્તરણમાં છેલ્લેથી 11મું પદ ........... છે.

(a) $25C_{15}\frac{2^{10}}{x^{20}}$ (b) $-25C_{15}\frac{2^{10}}{x^{20}}$

(c) $-25C_{14}\frac{2^{11}}{x^{11}}$ (d) $25C_{14}\frac{2^{11}}{x^{11}}$

(31) $(2 + x)^{40}$ ના વિસ્તરણમાં 16મું અને 17મું પદ સમાન હોય તો x = ...........

(a) $\frac{17}{24}$ (b) $\frac{17}{12}$ (c) $\frac{34}{13}$ (d) $\frac{34}{15}$

(32) $\left(\frac{1}{x}+x^{\log_{10} x}\right)^5$ ના વિસ્તરણમાં ત્રીજું પદ 1000 હોય તો x = ...........

(a) 10 (b) 100 (c) 1000 (d) એકપણ નહિં.

(33) $\left\{x^{\sqrt{\frac{1}{\log x+1}}}+x^{\frac{1}{12}}\right\}^6$ ના વિસ્તરણમાં ચોથું પદ 200 હોય તથા x > 1 તો x = ...........

(a) 10 (b) 100 (c) 1000 (d) એકપણ નહિ.

(34) $\left\{3^{\log_3 \sqrt{25^{x-1}+7}}+3^{-\frac{1}{8}\log_3(5^{x-1}+1)}\right\}^{10}$ ના વિસ્તરણનું 9 મું પદ 180 હોય તો x = ...........

(a) 1 (b) 2 (c) 3 (d) 0

(35) $\left(a-\frac{3}{a^2}\right)^m, m \in N, a \neq 0$ વિસ્તરણના પ્રથમ ત્રણ પદોના સહગુણકોનો સરવાળો 559 હોય તો m = ...........

(a) 10 (b) 11 (c) 12 (d) 13

(36) $(1 + 2x)^6 (1 - x)^7$ ના વિસ્તરણમાં $x^5$ નો સહગુણક છે.

(a) 150 (b) 171 (c) 192 (d) 161

(37) $\left(\frac{x+1}{x^{2/3}-x^{1/3}+1}-\frac{x-1}{x-x^{1/2}}\right)^{10}$ ના વિસ્તરણમાં અચળ પદ શોધો.

(a) 190 (b) 200 (c) 210 (d) 220

(38) $(1 + x)^n$ ના વિસ્તરણમાં ત્રણ ક્રમિક પદોના સહગુણકોનો ગુણોત્તર 1:7:42 હોય તો n = ...........

(a) 35 (b) 45 (c) 55 (d) 65

(39) જો n યુગ્મ પ્રાકૃતિક સંખ્યા હોય તો $\left(x+\frac{1}{x}\right)^n$ ના વિસ્તરણમાં મધ્યમપદ ........... છે.

(a) $\frac{n!}{\left(\frac{n}{2}!\right)}$ (b) $\frac{n!}{\left(\frac{n}{2}!\right)^2}$ (c) $\frac{2(n!)}{\left(\frac{n}{2}!\right)^2}$ (d) $\frac{(n!)}{2\left(\frac{n}{2}!\right)^2}$

(40) $5^{20}$ ને 48 વડે ભાગવાથી મળતી શેષ ........... થાય.

(a) 46 (b) 47 (c) 48 (d) 49

(41) $2^{3n} - 7n + 4$ ને 49 વડે ભાગતાં મળતી શેષ ........... છે.

(a) 0 (b) 1 (c) 4 (d) 5

(42) $nC_0 + 2nC_1 + 3nC_2 + ... + (n+1). nC_n$ = ...........

(a) $(n + 1)2^{n-1}$ (b) $(n + 2)2^{n-1}$

(c) $(n + 1)2^n$ (d) $(n + 1) 2^{n-1}$

(43) $17^{30}$ ને 5 વડે ભાગતાં મળતી ન્યૂનતમ ધન શેષ ........... છે.

(a) 2 (b) 4 (c) 3 (d) 1

(44) $nC_1 - nC_2 + nC_3 + ...... - (-1)^n nC_n = $ ...........

(a) 0 (b) -1 (c) n (d) 1

(45) $13C_1 + 13C_2 + ... + 13C_6 = $ ..........

(a) $2^{13}-1$ (b) $2^{13}$ (c) $2^{12}-1$ (d) $2^{14}-1$

(46) $10C_1 + 10C_2 + 10C_3 + ... + 10C_9 = $ ...........

(a) 512 (b) 1024 (c) 2048 (d) 1023

(47) $(m^2x^2 + 2mx + 1)^{31}$ ના વિસ્તરણમાં સહગુણકોનો સરવાળો શૂન્ય હોય તો m = ...........

(a) 1 (b) -1 (c) 2 (d) -2

(48) $(1 - x + x^2)^n = a_0 + a_1x + a_2x^2 + ... + a_{2n}x^{2n}$ તો $a_0 + a_2 + a_4 + ... + a_{2n} = $ ...........

(a) $\frac{3^n-1}{2}$ (b) $\frac{1-3^n}{2}$ (c) $\frac{3^n+1}{2}$ (d) $\frac{3^{n+1}}{2}$

(49) $(1 + x)^{29}$ ના વિસ્તરણમાં છેલ્લા 15 પદોના સહગુણકોનો સરવાળો ........... થાય.

(a) $2^{15}$ (b) $2^{30}$ (c) $2^{29}$ (d) $2^{28}$

(50) $2^{2000}$ ને 17 વડે ભાગતાં મળતી શેષ ........... છે.

(a) 1 (b) 2 (c) 8 (d) 12

(51) $\sum_{r=0}^{100} 100C_r (x-5)^{100-r}.4^r$ માં $x^{53}$ નો સહગુણક ........... છે.

(a) $100\ C_{53}$ (b) $100\ C_{48}$ (c) $-100\ C_{53}$ (d) $100\ C_{51}$

(52) $(1 + x)^{2n}$ ના વિસ્તરણમાં મોટામાં મોટા સહગુણકવાળું પદ મોટામાં મોટું મૂલ્ય ધરાવતું હોય તો $x \in$ ........... ; $x > 0$.

(a) $\left(\frac{n-1}{n}, \frac{n}{n-1}\right)$ (b) $\left(\frac{n}{n+1}, \frac{n+1}{n}\right)$ (c) $\left(\frac{n}{n+2}, \frac{n+2}{n}\right)$ (d) એકપણ નહિં.

(53) $nC_1 + 2.nC_2 + 3.nC_3 + ... + n.nC_n = $ ..........

(a) $n.2^{n-1}$ (b) $(n-1)2^{n-1}$ (c) $(n+1)2^{n-1}$ (d) $(n-1)2^n$

(54) $x > -1$ માટે $(1 + x)^n > 1 + nx$ એ નીચેના પૈકી કયા વિકલ્પ માટે સાચું છે ?

(a) $\forall n \in N$ (b) $\forall n > 1$ (c) $\forall n > 1$ અને $x \neq 0$ (d) $\forall n \in R$

(55) $(1+x)^n = nC_0 + nC_1x + nC_2x^2 + ... + nC_nx^n$ અને

$\frac{nC_1}{nC_0} + 2.\frac{nC_2}{nC_1} + 3\frac{nC_3}{nC_2} + ... + n\frac{nC_n}{nC_{n-1}} = \frac{1}{k}n(n+1)$ તો k = ...........

(a) 3 (b) 6 (c) 2 (d) 12

(56) $(1+x)^n\left(1+\frac{1}{x}\right)^n$ ના વિસ્તરણમાં $\frac{1}{x}$ નો સહગુણક ............ છે.

(a) $2nC_n$ (b) $2nC_{n-1}$ (c) $\frac{1}{2}$ (d) $2nC_0$

(57) $(1 + x + x^2 + x^3)^{11}$ ના વિસ્તરણમાં $x^4$ નો સહગુણક ............ છે.

(a) 330 (b) 990 (c) 1040 (d) 900

(58) $(1 + x)^{2n-1}$ ના વિસ્તરણમાં મધ્યમપદોના સહગુણકોનો સરવાળો શોધો.

(a) $(2n - 1)C_n$ (b) $(2n - 1)\ C_{(n-1)}$

(c) $2n\ C_n$ (d) $2nC_{(n+1)}$

(59) $8^{2n} - 62^{2n+1}$ ને 9 વડે ભાગતાં મળતી શેષ ............ છે.

(a) 0 (b) 2 (c) 7 (d) 8

(60) $(1+\sqrt{2}+\sqrt[3]{5})^6$ ના વિસ્તરણમાં સંમેય પદોની સંખ્યા ............ છે.

(a) 22 (b) 12 (c) 11 (d) 7

(61) $(3 + 2x)^{50}$ ના વિસ્તરણમાં સૌથી મોટું પદ ............ છે. જ્યાં $x=\frac{1}{5}$

(a) $50C_7 3^{43}\left(\frac{2}{5}\right)^7$ (b) $50C_6 3^{44}\left(\frac{2}{5}\right)^6$

(c) $50C_{43} 3^{7}\left(\frac{2}{5}\right)^{43}$ (d) $50C_{44} 3^{6}\left(\frac{2}{5}\right)^{44}$

(62) જો A અને B એ $(1 + x)^n$ ના વિસ્તરણમાં $x^r$ અને $x^{n-r}$ ના સહગુણકો હોય તો ............

(a) $A + B = n$ (b) $A = B$

(c) $A + B = 2^n$ (d) $A - B = 2^n$

(63) $(1 + x)^{18}$ ના વિસ્તરણમાં $(2r + 4)$ માં પદ અને $(r - 2)$ માં પદ ના સહગુણકો સમાન હોય તો $r =$ ............

(a) 4 (b) 5 (c) 6 (d) 7

(64) $(1 + px)^n = 1 + 24x + 252x^2 + \ldots$ તો ............

(a) $p = 3, n = 8$ (b) $p = 2, n = 6$

(c) $p = 3, n = 6$ (d) $p = 3, n = 5$

(65) $(1 + x - 3x^2)^{4331}$ ના વિસ્તરણના સહગુણકોનો સરવાળો ............ થાય.

(a) 1 (b) -1 (c) 0 (d) $2^{4330}$

(66) $R=(3+\sqrt{5})^{2n}$ તથા $f = R - [R]$ જ્યાં, [ ] મહત્તમ પૂર્ણાંક વિધેય છે તો $R(1-f) =$ ............

(a) $2^{2n}$ (b) $4^{2n}$ (c) $8^{2n}$ (d) $4^{2n}$

(67) $R=(\sqrt{2}+1)^{2n+1}, n \in N$ અને $f = R - [R]$, જ્યાં [ ] મહત્તમ પૂર્ણાંક વિધેય છે તો $Rf =$ ............

(a) $2^{2n+1}$ (b) $2^{2n-1}$ (c) $2^{2n} - 1$ (d) 1

(68) $\left(5^{\frac{1}{2}}+7^{\frac{1}{8}}\right)^{1024}$ ના વિસ્તરણમાં સંમેય પદોની સંખ્યા શોધો.

(a) 0 (b) 129 (c) 229 (d) 178

(69) $\left(4^{\frac{1}{5}}+7^{\frac{1}{10}}\right)^{45}$ ના વિસ્તરણમાં સંમેય પદોની સંખ્યા ............ છે.

(a) 40 (b) 5 (c) 41 (d) 8

(70) $\left(2x+\frac{1}{x}\right)^{n}$ ના વિસ્તરણના સહગુણકોનો સરવાળો 256 હોય તો અચળ પદ શોધો.

(a)1120 (b) 512 (c) 1020 (d) 1050

(71) $\left(x-\frac{a}{x}\right)^{11}$ ના વિસ્તરણમાં $x^{-3}$ નો સહગુણક શોધો.

(a) $-792\ a^5$ (b) $-923\ a^7$ (c) $-792\ a^6$ (d) $-330\ a^7$

(72) $(1 + x)^n$ ના વિસ્તરણમાં બીજા, ત્રીજા અને ચોથા પદના સહગુણકો સમાંતર શ્રેણીમાં હોય તો n શોધો.

(a) 28 (b) 14 (c) 7 (d) $\frac{7}{2}$

(73) $(x_1 + x_2 + ... + x_r)^n$ ના વિસ્તરણમાં પદોની ≠ સંખ્યા કેટલી થાય ?

(a) $(n + 1)\ C_r$ (b) $(n + r - 1)\ C_{(r-1)}$

(c) $(n - r + 1)\ C_{(r-1)}$ (d) $(n + r - 1)\ C_r$

(74) $(3 + 5x)^{15}$ ના વિસ્તરણમાં સૌથી મોટું પદ ............ છે. જ્યાં $x = \frac{1}{5}$

(a) $15C_3(3^{13})$ (b) $15C_4\ (3^{12})$ (c) $15C_4\ (3^{10})$ (d) $15C_4\ (3^{11})$

(75) $(1 + x)^{10}$ ના વિસ્તરણમાં સૌથી મોટું પદ ............ છે. જ્યાં $x = \frac{2}{3}$

(a) $210\left(\frac{3}{2}\right)^{6}$ (b) $210\left(\frac{2}{3}\right)^{6}$

(c) $210\left(\frac{2}{3}\right)^{4}$ (d) $210\left(\frac{3}{2}\right)^{4}$

(76) $\binom{n-1}{1}+\binom{n-1}{2}+...+\binom{n-1}{n-1}=.........;n>1$

(a) $2^n -1$ (b) $2^{n-2}$ (c) $2^{n-1} - 1$ (d) $2^{n-1}$

(77) $\binom{n}{0}+3\binom{n}{1}+5\binom{n}{2}+...+(2n+1)\binom{n}{n}=$ ....... $n \in N$

(a) $(n+2)2^n$ (b) $(n+1)2^n$ (c) $n\ 2^n$ (d) $(n+1)2^{n+1}$

(78) $\left(\frac{a^{1/3}}{b^{1/6}}+\frac{b^{1/2}}{a^{1/6}}\right)^{21}$ ના (r + 1) માં પદમાં a અને b ની ઘાત સમાન હોય તો r = ...........

(a) 8 (b) 9 (c) 10 (d) 11

(79) $(1+x)^n$ ના વિસ્તરણમાં 5માં, 6ઠ્ઠાં અને 7માં પદના સહગુણકો સમાંતર શ્રેણીમાં હોય તો n ની કિંમતો શોધો.

(a) 7 કે 12 (b) -7 કે 14 (c) 7 કે 14 (d) -7 કે 12

(80) $\left[(\sqrt{2}+1)^8\right]=$__________, જ્યાં [ ] એ મહત્તમ પૂર્ણાંક વિધેય છે.

(a) 1151 (b) 1152 (c) 1153 (d) 1154

(81) $\left[(\sqrt{3}+1)^6\right]=$.......... જ્યાં [ ] મહત્તમ પૂર્ણાંક વિધેય છે.

(a) 415 (b) 416 (c) 417 (d) 418

(82) $\frac{19^3+6^3+3(19)(6)(25)}{3^6+6(243)(2)+(15)(81)(4)+(20)(27)(8)+(15)(9)(16)+(6)(3)(32)+2^6}=$.......

(a) 1 (b) 5 (c) 2 (d) 6

(83) $\left(ax^p+\frac{b}{x^q}\right)^n$ ના વિસ્તરણમાં અચળપદનું અસ્તિત્વ હોય તો તેનો ક્રમ ...........

(a) $\frac{qn}{p+q}+1$ (b) $\frac{pn}{p-q}+1$ (c) $\frac{pn}{p+q}+1$ (d) $\frac{pn}{p-q}-1$

(84) $\left(2x^3+\frac{5}{x^2}\right)^{10}$ ના વિસ્તરણમાં r-મું પદ અચળપદ હોય તો r = ...........

(a) 6 (b) 7 (c) 4 (d) 5

(85) $\left(x-\frac{1}{2x}\right)^{12}$ ના વિસ્તરણમાં ........... મું પદ અચળપદ છે.

(a) 5 (b) 6 (c) 7 (d) 8

(86) $\left(px+\frac{1}{x}\right)^n$ ના વિસ્તરણમાં ચોથું પદ અચળપદ હોય તો n = ...........

(a) 3 (b) 4 (c) 5 (d) 6

(87) $\left(2-\frac{x^3}{3}\right)^7$ ના વિસ્તરણમાં મધ્યમપદ $\frac{a}{27}x^9$ હોય તો a = ...........

(a) 560 (b) -560 (c) $\frac{280}{3}$ (d) $-\frac{280}{3}$

(88) $\left(\frac{3x^2}{2}-\frac{1}{3x}\right)^9$ ; $x\neq 0$ માં r મું પદ અચળપદ હોય તો r = ...........

(a) 6 (b) 7 (c) 8 (d) 9

(89) $\left(\frac{a}{x^q}+bx^p\right)^n$ માં અચળપદનું અસ્તિત્વ હોય તો તેનો ક્રમ ........... છે.

(a) $\frac{qn}{p+q}+1$ (b) $\frac{pn}{p-q}+1$

(c) $\frac{pn}{p+q}+1$ (d) $\frac{pn}{p-q}-1$

(90) $\left(\frac{3}{x^2}+\frac{\sqrt{x}}{3}\right)^{10}$, $x\neq 0$ ના વિસ્તરણમાં ........... મું પદ અચળ પદ થશે.

(a) 4 (b) 7 (c) 8 (d) 9

(91) $(x + y)^n$ ના વિસ્તરણમાં સહગુણકોનો સરવાળો 4096 હોય તો આ વિસ્તરણ માં સૌથી મોટો સહગુણક ........... થાય.

(a) 792 (b) 924 (c) 1594 (d) 2990

(92) $(x + 1)^{p+q}$ ના વિસ્તરણમાં $x^r$ ના સહગુણકને $a_r$ વડે દર્શાવીએ તો ...........

(a) $a_p = a_q$ (b) $a_p = -a_q$ (c) $a_p a_q = 1$ (d) એકપણ નહિં.

(93) $n, r \in N, r > 1, n > 2$ માટે $(1 + x)^{2n}$ માં વિસ્તરણમાં r + 2 મા પદ અને 3r માં પદના સહગુણકો સમાન હોય તો n = ...........

(a) 3r (b) 3r+1 (c) 2r (d) 2r+1

(94) $\left(3^{1/2}+5^{1/8}\right)^{256}$ ના વિસ્તરણમાં પૂર્ણાંક પદની સંખ્યા ........... છે.

(a) 33 (b) 34 (c) 35 (d) 32

(95) s(k) : $1 + 3 + 5 + ... + (2k - 1) = 3 + k^2$ તો નીચેના પૈકી ક્યું વિધાન સાચું છે ?

(a) $S(k) \not\Rightarrow S(k+1)$ (b) $S(k)\Rightarrow S(k+1)$

(c) S(1) (d) ગાણિતીય અનુમાન થી પરિણામ સાબિત કરી શકાય.

(96) $(1+\alpha x)^4$ સાચું છે અને $(1-\alpha x)^6$ ના મધ્યમપદોના x ની સમાન ઘાતવાળા પદોના સહગુણકો સમાન હોય તો $\alpha =$ ......

(a) $-\frac{3}{10}$ (b) $\frac{10}{3}$ (c) $-\frac{5}{3}$ (d) $\frac{3}{5}$

(97) $(1 + x)(1 - x)^n$ ના વિસ્તરણમાં $x^n$ નો સહગુણક ............ થાય.

(a) $(-1)^{n-1}(n-1)^2$ (b) $(-1)^n(1-n)$

(c) n-1 (d) $(-1)^{n-1}$ n

(98) $(1 + y)^m$ ના વિસ્તરણમાં r માં (r + 1) માં અને (r + 2) માં પદોના સહગુણકો સમાંતર શ્રેણીમાં હોય તો

(a) $m^2 - (4r + 1)m + 4r^2 - 2 = 0$ (b) $m^2 - (4r - 1)m + 4r^2 + 2 = 0$

(c) $m^2 - (4r - 1)m + 4r^2 - 2 = 0$ (d) $m^2 - (4r + 1)m + 4r^2 + 2 = 0$

(99) $\left(ax^2+\frac{a}{bx}\right)^{11}$ ના વિસ્તરણમાં $x^7$નો સહગુણક અને $\left(ax-\frac{1}{bx^2}\right)^{11}$ ના વિસ્તરણમાં $x^{-7}$ નો સહગુણક સમાન હોય તો

(a) $\frac{a}{b}=1$ (b) ab = 1 (c) a - b = 1 (d) a + b = 1

(100) જો x ની કિંમત ખૂબ જ નાની હોય તથા $x^3$ કે તેનાથી વધુ ઘાતવાળાં પદોને અવગણવામાં આવે તો

$\frac{(1+x)^{3/2}-\left(1+\frac{1}{2}x\right)^3}{(1-x)^{\frac{1}{2}}}$ ની લગભગ કિંમત ............ થાય.

(a) $-\frac{3}{8}x^2$ (b) $\frac{1}{2}x-\frac{3}{8}x^2$

(c) $1-\frac{3}{8}x^2$ (d) $3x+\frac{3}{8}x^2$

(101) $S = 20C_0 - 20C_1 + 20C_2 - 20C_3 + ... + 20C_{10} =$ ............

(a) $-20C_{10}$ (b) $\frac{1}{2}(20C_{10})$ (c) 0 (d) $20C_{10}$

(102) $n \geq 0$ માટે $(a - b)^n$ ના વિસ્તરણમાં 5માં અને 6ઠ્ઠા પદોનો સરવાળો શૂન્ય હોય તો $\frac{a}{b}=$.......

(a) $\frac{5}{n-4}$ (b) $\frac{6}{n-5}$ (c) $\frac{n-5}{6}$ (d) $\frac{n-4}{5}$

# <u>સૂચનો</u>

1. $T_{r+1} = \binom{n}{r} a^{n-r} b^r$ ; $0 \leq r \leq n$

$$= \binom{n}{r} 2^{n-r} \left(\frac{x}{3}\right)^r = \binom{n}{r} \frac{2^{n-r}}{3^r} x^r$$

$x^7$ નો સહગુણક = $x^8$ નો સહગુણક

$$\therefore \binom{n}{7} \frac{2^{n-7}}{37} = \binom{n}{8} \frac{2^{n-8}}{38}$$

$$\therefore \binom{n}{7} 2.3 = \binom{n}{8} \Rightarrow \frac{n-7}{8} = 6 \Rightarrow n = 55$$

2. $T_{r+1} = \binom{n}{r} a^{n-r} b^r$ ; $0 \leq r \leq n$

$$= \binom{9}{r} \left(\frac{3x^2}{2}\right)^{9-r} \left(-\frac{1}{3x}\right)^r$$

$$= \binom{9}{r} \frac{3^{9-2r}}{2^{9-r}} (-1)^r x^{18-3r} _________(1)$$

અચળ પદ માટે $18 - 3r = 0 \Rightarrow r = 6$

(1) પરથી $T_{6+1} = \binom{9}{6} \frac{3^{9-12}}{2^{9-6}} (-1)^6 = \binom{9}{6} \frac{3^{-3}}{2^3} (+1) = \frac{7}{18}$

3. $n=7$ હોવાથી $\frac{7+1}{2} = 4$ અને $\frac{7+3}{2} = 5 \Rightarrow T_4$ અને $T_5$ મધ્યમ પદ થશે

હવે $T_{r+1} = \binom{n}{r} a^{n-r} b^r$

$= \binom{7}{r}(2)^{7-r}\left(-\frac{x^3}{x}\right)^r = 7\,c_r\,\frac{2^{7-r}}{3^r}(-1)^r\,x^{3r}$

$\therefore T_4 = 7C_3\,\frac{2^4}{3^3}\,(-1)^3\,x^9 = -\frac{560}{27}x^9$

અને $T_5 = 7C_4\,\frac{2^3}{3^4}\,(-1)^4\,x^{12} = \frac{280}{81}x^{12}$

4. $n=12$ યુગ્મ હોવાથી $\frac{n-2}{2} = 7 \Rightarrow T_7$ મધ્યમ પદ થશે

$\therefore T4=7c_3\binom{12}{6}\,a^{12-6}\,b^6 = 12\,C_6\left(\frac{2}{x}\right)^6\,(-3xy)^6$

7. $\left(1+a+\frac{a^2}{4}\right)^n = \left\{\left(1+\frac{a}{2}\right)^2\right\}^n = \left(1+\frac{a}{2}\right)^{2n}$

અહીં 2n યુગ્મ હોવાથી $\frac{2n+2}{2} = (n+1)$ મુ પદ મધ્યમ પદ થશે

8. અહીં $n = 13$,

$\therefore$ કુલ પદો = 13 + 1 = 14

$\therefore$ ત્રીજા પદનો સહગુણક = છેલેથી ત્રીજા પદનો સહગુણક

= 14-2

=12

10. $T_{r+1} = n\,C_r\,a^{n-r}\,b^r;\ 0 \le r \le n$

$= 35\ C_r \left(a^{\frac{2}{5}}\right)^{n-r} \left(b^{\frac{1}{3}}\right)^{r}$

$= 35\ C_r\ a^{14-\frac{2r}{5}} \cdot b^{\frac{r}{3}}$

$\therefore$ r એ 5 અને 3 નો ગુણક હોવો જોઈએ

$\therefore$ r એ 15 નો ગુણક થશે

$\therefore r = 15\,K\ ; \quad 0 \le r \le 35$

$\therefore r = 0,\ 15,\ 30$

$\therefore$ 1લું, 16મું, 31મું પદ a અને b ની પુર્ણાંક ઘાત ધરાવે

11. $T_6 = t_{s+1} = 8\ C_5 \left(\dfrac{1}{\frac{8}{x^3}}\right)^{8-5} (x^2 \log_{10} x)^5$



$5600 = \dfrac{8!}{5!\ 3!} \left(\dfrac{1}{x^8}\right) x^2 \log_{10} x$

$5600 = 56\ x^2 (\log_{10} x)^5$

$\dfrac{100}{x^2} = (\log_{10} x)^5$ ________(1)

$\dfrac{100}{x^2} = y\ ;\ y = (\log_{10} x)^5$

આકૃતિ મુજબ વક્રો એકજ બિંદુમાં છેદે અને તે છેદ બિંદુ (10,1) થશે

$\therefore x=10$

અથવા સમીકરણમાં વિકલ્પો મુકી ચકાસી લેવું.

12. p = 2n$C_n$ ; Q = (2n - 1 ) $C_n$

$$\therefore \frac{p}{Q} = \frac{2n\,C_n}{(2n\text{-}1)\,C_n} = \frac{(2n)!}{(n!)\,(n!)} \times \frac{n!\,(n\text{-}1)!}{(2n\text{-}1)!} = 2 \Rightarrow P = 2Q$$

13. $$\left\{\frac{\left(x^{\frac{1}{3}}+1^{\frac{1}{3}}\right)\left(x^{\frac{2}{3}}-x^{\frac{1}{3}}+1\right)}{x^{\frac{2}{3}}-x^{\frac{1}{3}}+1}-\frac{\left(\sqrt{x}-1\right)\left(\sqrt{x}+1\right)}{\sqrt{x}\left(\sqrt{x}-1\right)}\right\}^{10}$$

$$= \left\{x^{\frac{1}{3}}+1-\left(1+x^{\frac{-1}{2}}\right)\right\}^{10}$$

$$= \left\{x^{\frac{1}{3}}-x^{\frac{-1}{2}}\right\}^{10} \Rightarrow T_{r+1} = n\,C_r\,(a)^{n-r}\ \ b^r\,(-1)^r$$

$$= 10\,C_r \left(x^{\frac{1}{3}}\right)^{10-r} \left(x^{\frac{-1}{2}}\right)^{r} (-1)^r$$

$$= 10\,C_r\, x^{\frac{10-r}{3}}\, x^{\frac{-r}{2}} (-1)^r$$

$$= 10\,C_r\, x^{\frac{20-5r}{6}} (-1)^r$$

હવે $\frac{20-5r}{6} = 0 \Rightarrow r = 4$

14

$$S = (2+\omega^2+\omega)^{100}$$
$$= (1+1+\omega+\omega^2)^{100}$$
$$= (1+0)^{100} = 1$$

15. $(1-x+x^2)^5 = (1+x(x-1))^5$

$= 5\,C_o + 5C_1\, x\,(x-1) + 5\,C_2\, x^2\,(x-1)^2 + 5\,C_3\, x^3\,(x-1)^3 + \ldots$

$x^3$ નો સહગુણક = $-2\,.5C_2 - 5C_3$

$= -20-10$

$= -30$

17. $(1-x)^m\,(1+x)^n = (1 - mx + m\,C_2x^2 + \ldots\,)\,(1 + nx + nC_2\,x^2 + \ldots\,)$

$= 1 + (n-m)x + (nC_2+mC_2-mn)x^2 + \ldots$

$= 1 + a_1\,x + a_1\,x^2 + \ldots$

$\therefore$ $n - m = 10 \Rightarrow n = m + 10$

and $nC_2 + mC_2 - mn = 10 \Rightarrow \frac{1}{2}n(n-1) + \frac{1}{2}\,m(m-1)-mn = 10$

$\Rightarrow n(n-1) + m\,(m-1) -2mn = 20$

$\Rightarrow (m+10)\,(m+9) + m\,(m-1) -2m\,(m+10) = 20$

$\Rightarrow m^2 +19m + 90 +m^2 -m-2\,m^2 - 20m = 20$

$\Rightarrow\, -2m=-70 \Rightarrow\, m= 35$

$\therefore$ n=45

18 $(a+b)^5 + (a-b)^5 = 2\,[a^5 + 5\,C_2\,a^3\,b^2 + 5\,C_4\,ab^4]$

$$\left(x+\sqrt{x^3-1}\right)^5 + \left(x-\sqrt{x^3-1}\right)^5 = 2\,[x^5 + 10\,x^3\,(x^3-1) + 5x\,(x^3-1)^2]$$

જે 7 ઘાતની બહુપદી થશે.

19. $S = \dfrac{(x+3)^{n-1}\left[1-\left(\dfrac{x+2}{x+3}\right)^{n}\right]}{1-\left(\dfrac{x+2}{x+3}\right)}$ $\left[\because\ S_n = \dfrac{a(1-r^n)}{1-r}\right]$

$= (3+x)^n - (2+x)^n$

$\therefore$ $x^r$ નો સહગુણક $= n\,C_r\,(3^{\,n-r} - 2^{\,n-r})$

22. $\left(1+\dfrac{x}{2}-\dfrac{2}{x}\right)^4 = \left\{1+\left(\dfrac{x}{2}-\dfrac{2}{x}\right)\right\}^4$

$= 4\,C_o + 4\,C_1\left(\dfrac{x}{2}-\dfrac{2}{x}\right) + 4\,C_2\left(\dfrac{x}{2}-\dfrac{2}{x}\right)^2 + 4\,C_3\left(\dfrac{x}{2}-\dfrac{2}{x}\right)^3 + 4\,C_4\left(\dfrac{x}{2}-\dfrac{2}{x}\right)^4$

સાદું રુપ આપતાં,

$= -5-4x+\dfrac{x^2}{2}+\dfrac{x^3}{2}+\dfrac{x^4}{16}+\dfrac{16}{x}+\dfrac{8}{x^2}-\dfrac{32}{x^3}+\dfrac{16}{x^4}$

24. $O = n\,C_o\,x^n a^o + n\,C_2\,x^{n-2} a^2 + \ldots$

$E = n\,C_1\,x^{n-1} a + n\,C_3\,x^{n-3} a^3 + \ldots$

$\therefore O + E = (x+a)^n$

$O - E = (x-a)^n$

$\therefore (O+E)(O-E) = (x+a)^n (x-a)^n$

$O^2 - E^2 = (x^2 - a^2)^n$

25. $(1+x)^n = \sum_{r=0}^{n} n\,C_r\,x^r$ જેમાં $x = 4$ મુકતાં,

$(1+4)^n = \sum_{r=0}^{n} n\ C_r\ 4^n$

26. $(10.1)^5 = (10+0.1)^5$ દ્વિપદી પ્રમેયનો ઉપયોગ કરો.

32. $T_3 = T_{2+1} = 5\ C_2 \left(\frac{1}{x}\right)^{5-2} \left(x^{\log 10^x}\right)^2 = 1000$

$\Rightarrow 10\ x^{-3}\ x^{2\log}\ 10^x = 1000$

$\Rightarrow x^{2\log 10^{x-3}} = 10^2$

$\Rightarrow (2\ \log_{10}x\text{-}3)\ roy_{10}x = 2$

$\Rightarrow (2y\ \text{-}3)y = 2\ [\because \log_{10}x=y]$

$\Rightarrow 2y^2 - 3y - 2 = 0$

$\Rightarrow y = 2 \Rightarrow \log_{10}\text{-}x = 2 \Rightarrow x=10^2 \Rightarrow x=100$

33. $T_4 = 200$

$T_{3+1} = 200$

$$6\ C_3 \left\{ x\sqrt{\frac{1}{\log_{10} x+1}} \right\}^{6-3} \left( x^{\frac{1}{12}} \right)^3 = 200$$

$$20 \left\{ x^{\frac{1}{\log_{10} x+1}} \right\}^{\frac{3}{2}} x^{\frac{1}{4}} = 200$$

$$x^{\frac{3}{2(\log_{10} x+1)}+\frac{1}{4}} = 10$$

$$\frac{3}{2\left(109_{10}x+1\right)}+\frac{1}{4}=109_{x}10=\frac{1}{109_{10}x}$$

$$\frac{3}{2(y+1)}+\frac{1}{4}=\frac{1}{y}$$

$y^2 + 3y - 4 = 0 \Rightarrow y = 1,-4$

$\log_{10}x=1$ [-4 શક્ય નથી.]

$\therefore x=10^1$

$\therefore \boxed{x=10}$

34. $T_9 = 10\,C_8 \left\{\sqrt{25^{x-1}+7}\right\}^{10-8}\left\{\left(5^{x-1}+1\right)^{\frac{-1}{8}}\right\}^{8}=180$

$\frac{25^{x-1}+7}{5^{x-1}+1}=4 \Rightarrow \frac{y^2+7}{y+1}=4$ $[\because y = 5^{x-1}]$

$\Rightarrow y^2-4y+3 = 0$

$\Rightarrow y = 3, -1$

$\Rightarrow x = \log_5 15$ અથવા $x = 1$

35. $m\,C_o + (-3)\,m\,C_1 + (9)\,m\,C_2 = 559$ ; $m \in N$

$1 - 3m + \frac{9}{2}m(m-1) = 559$

$3m^2 - 5m - 372 = 0$

$(m - 12)(3m + 31) = 0$

$\therefore m = 12$

38. $n\,C_{r-1} : n\,C_r : n\,C_{r+1} = 1 : 7 : 42$

$$\frac{n\,C_{r-1}}{n\,C_r} = \frac{1}{7} \Rightarrow \frac{r}{n-r+1} = \frac{1}{7} \Rightarrow n - 8r + 1 = 0 \text{ ______(1)}$$

અને $\frac{n\,C_r}{n\,C_{r+1}} = \frac{7}{42} \Rightarrow \frac{r+1}{n-r} = \frac{1}{6} \Rightarrow n-7r - 6 = 0$ _____(2)

(1) અને (2) ઉકેલતાં

$n = 55, r = 7$

40. $5^4 = 625 = 13\,(48) + 1$

$\therefore 5^4 = ky + 1$ ; $k = 13, y = 48$

$\therefore (5^4)^5 = (ky + 1)^5$

$5^{20} = 1 + 48m,\ m \in N$

42. થીયરી જુઓ.

44. થીયરી જુઓ.

47. $(m^2 x^2 + 2mx+1)^{31} = (mx + 1)^{62} = a_0 + a_1x + a_2 x^2 +$-------

જેમાં $x=1$ મૂકતાં,

$(m+1)^{62} = a_0 + a_1 + a_2 +$ ------- $= 0$

$\therefore m+1 = 0 \Rightarrow m = -1$

48. $x = 1$ મૂકતાં, $1 = a_0 + a_1 + a_2 +$------- $+ a_{2n}$ _______(1)

$x = -1$ મૂકતાં, $3^n = a_0 - a_1 + a_2 -$.............$+ a_{2n}$ ________(2)

(1) અને (2) નો સરવાળો કરતાં,

$3^n - 1 = 2\,[a_0 + a_2 +$------- $+ a_{2n}]$

49. $S = 29\,C_{15} + 29\,C_{16} +$-----$+ 29\,C_{29}$

$S = 29\,C_{14} + 29\,C_{13} +$-----$+ 29\,C_o$

$\therefore 2S = 2^{29} \Rightarrow S = 2^{28}$

52. $2n\,C_{(n-1)}\ x^{n-1} < 2n\,C_n\, x^n$ અને $2n\,C_{(n+1)}\ x^{n+2} < 2n\,C_n\ x^n$

$$\therefore \frac{2n\,C_{(n-1)}}{2n\,C_n} < x < \frac{2n\,C_n}{2n\,C_{(n+1)}}$$

53. થીયરી જુઓ.

55. અહીં $r\,\frac{n\,C_r}{n\,C_4\text{-}1} = n - r + 1$

$$\therefore \sum_{r=1}^{n} r\frac{nC_r}{nC_{r-1}} = \sum_{r=1}^{n}\ [(n+1) - r]\ =\ n\,(n+1) - \frac{n}{2}\,(n+1)$$

$$= \frac{n}{2}\,(n+1)$$

56. $(1+x)^n \left(1+\frac{1}{x}\right)^n = \frac{(1+x)^{2n}}{x^n}$

$\therefore (1+x)^n \left(1+\frac{1}{x}\right)^n$ ના વિસ્તરણમાં $x^{-1}$ નો સહગુણક = $(1+x)^{2n}$ ના વિસ્તરણમા $x^{n-1}$ નો સહગુણક

$= 2n\,C_{(n-1)}$

57. $(1+x)^{11}\,(1+x^2)^{11}$ નુ સાદુ રુપ આપો

58. અહીં n મું અને (n+1)મું પદ મધ્યમ પદ થશે

$(2n\text{-}1)\,C_{(n-1)} + (2n\text{-}1)\,C_n = 2n\,C_n$

59. $8^{2n} - 62^{2n+1} = (9-1)^{2n} - (63-1)^{2n+1}$

60. વિસ્તરણનું વ્યાપક પદ $= \frac{6\,!}{r!\ s!\ (6\text{-}r\text{-}s)!}(1)^{6-r-s}\left(\sqrt{2}\right)^r\left(\sqrt[3]{5}\right)^s$

$$= \frac{6\,!}{r!\; s!\; (6-r-s)!} 2^{\frac{r}{2}} 5^{\frac{s}{3}}$$

અહીં $2^{\frac{r}{2}}$ અને $5^{\frac{s}{3}}$ સંમેય બનવા જોઈએ.

$\therefore$ r એ 2 નો ગુણક અને s એ 3 નો ગુણક બનવો જોઈએ તથા

$\therefore 0 \le r \le 6$ અને $0 \le s \le 6$

i. e $0 \le r+s \le 6$

$\therefore$ જો $r = 0$ તો $s = 0, 3, 6 \Rightarrow$ આવાં 3 પદ

જો $r = 2$ તો $s = 0, 3, \Rightarrow$ આવાં 2 પદ

જો $r = 4$ તો $s = 0 \quad \Rightarrow$ આવું 1 પદ

જો $r = 6$ તો $s = 0 \quad \Rightarrow$ આવું 1 પદ

$\therefore$ કુલ પદ = 3+2+1+1 = 07

61. અહીં $K = \frac{(n+1)y}{x+y} = \frac{(50+1)2x}{3+2x} = \frac{(51)\left(\frac{2}{5}\right)}{3+\frac{2}{5}} = 6$

$\therefore$ સૌથી મોટા પદો $T_6$ અને $T_7$ થાય.

63. $18\,C_{(2r+3)} = 18\,C_{(r-3)}$

$\therefore 2r+3 = r-3$ અથવા $2r + 3 + r - 3 = 18$

$\therefore r = -6$ અથવા $r = 6$

66. $R = \left(3+\sqrt{5}\right)^{2n}$ ધારોકે $F = \left(3-\sqrt{5}\right)^{2n}$

હવે $0 < 3 - \sqrt{5} < 1 \Rightarrow 0 < F < 1$

$\therefore R + F = \left(3+\sqrt{5}\right)^{2n} + \left(3-\sqrt{5}\right)^{2n}$

= 2 {કોઈ પુર્ણાંક }

જે યુગ્મ પુર્ણાંક કિંમત છે.

$\therefore$ f + [R] + F યુગ્મ પુર્ણાંક કિંમત થશે.

હવે $0 \leq f < 1$ and $0 < F < 1 \Rightarrow 0 < f + F < 2$

$\therefore$ f + F = 1

$\therefore$ F = 1 -f

હવે R (1-f ) = RF

$= \left(3+\sqrt{5}\right)^{2n}\left(3-\sqrt{5}\right)^{2n}$

$= (9-5)^{2n}$

$= 4^{2n}$

67. $F = \left(\sqrt{2}-1\right)^{2n+1}$

$\therefore$ R - F = 2m,

$\therefore$ [R] + f - F = 2m

f- F = 2m-[R] જે પુર્ણાંક છે

= 0

$\therefore$ f = F

68. $T_{r+1} = 1024\, C_r\; 5^{512-\frac{r}{2}}\; 7^{\frac{r}{8}}$

$= \{1024\, C_r\, 5^{512-r}\}\; 5^{\frac{r}{2}}\; 7^{\frac{r}{8}}$

$\therefore$ r એ 2 અને 8 નો ગુણક બનવો જોઈએ

r એ 8 નો ગુણક બનવો જોઈએ $0 \leq r \leq 1024$

$\therefore$ r ની આવી 129 કિંમતો મળે.

79. $T_{r+1} = 21\ Cr \left(\dfrac{a^{\frac{1}{3}}}{b^{\frac{1}{6}}}\right)^{21-r} \left(\dfrac{b^{\frac{1}{2}}}{a^{\frac{1}{6}}}\right)^{r}$

$= 21\ C_r\ a^{7-\frac{r}{2}}\ b^{\frac{2r}{3}-\frac{7}{2}}$

$\therefore\ 7-\dfrac{r}{2} = \dfrac{2r}{3} - \dfrac{7}{2} \Rightarrow r=9$

81. ધરોકે $R+f = \left(\sqrt{2}+1\right)^8$ જ્યાં R પુર્ણાંક અને $0 \le f < 1$

$\therefore R = \left[\left(\sqrt{2}+1\right)^8\right]$

તેમજ $0 < \left(\sqrt{2}+1\right) < 1 \Rightarrow 0 < F = \left(\sqrt{2}-1\right)^8$

$= 2\left[8C_o\left(\sqrt{2}\right)^8 + 8C_2\left(\sqrt{2}\right)^6 + 8C_4\left(\sqrt{2}\right)^4 + 8C_6\left(\sqrt{2}\right)^2 + 8C_8\left(\sqrt{2}\right)^0\right]$

$= 2[577] = 1154$

તેમજ $0 \le f < 1$ અને $0 < F < 1 \Rightarrow 0 < f + F < 2 \Rightarrow f + F = 1$

$\therefore R + 1 = 1154 \Rightarrow R = 1153$

83. $\dfrac{(19+6)^3}{(3+2)^6} = 1$

85. પદનો ક્રમ = $\dfrac{\text{n p}}{p+q}+1 = \dfrac{10\times3}{3+2}+1$ = 6+1 = 7 મું પદ

99. $r = \dfrac{1}{2}\left(n+\sqrt{n+2}\right)$ પરથી, $r = \dfrac{1}{2}\left(m+\sqrt{m+2}\right)$

$2r - m = \sqrt{m+2}$

$4r^2 - 4rm + m^2 = m+2$

$m^2 - 4rm - m + 4r^2 - 2 = 0$

$m^2 - m\,(4r+1) + 4r^2 - 2 = 0$

## જવાબો

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1-A | 2-B | 3-C | 4-C | 5-A | 6-B | 7-C | 8-A | 9-D | 10-C |
| 11-D | 12-B | 13-A | 14-C | 15-A | 16-B | 17-C | 18-C | 19-B | 20-A |
| 21-B | 22-B | 23-B | 24-B | 25-B | 26-C | 27-C | 28-A | 29-B | 30-B |
| 31-B | 32-B | 33-A | 34-A | 35-C | 36-B | 37-C | 38-C | 39-B | 40-C |
| 41-D | 42-B | 43-B | 44-D | 45-C | 46-A | 47-B | 48-C | 49-D | 50-A |
| 51-C | 52-B | 53-A | 54-C | 55-C | 56-B | 57-B | 58-C | 59-B | 60-D |
| 61-B | 62-B | 63-C | 64-A | 65-B | 66-B | 67-D | 68-B | 69-C | 70-A |
| 71-D | 72-C | 73-B | 74-D | 75-C | 76-C | 77-B | 78-B | 79-C | 80-C |
| 81-B | 82-A | 83-C | 84-B | 85-C | 86-D | 87-B | 88-B | 89-A | 90-D |
| 91-B | 92-A | 93-C | 94-A | 95-B | 96-A | 97-A | 98-A | 99-B | 100-A |
| 101-D | | | | | | | | | |

●●●

# એકમ - 7
# શ્રેણી અને શ્રેઢી
## <u>અગત્યના મુદ્દા</u>

કોઈપણ વિધેય $f : N \rightarrow R$ ને વાસ્તવિક શ્રેણી કહેવાય.

કોઈપણ વિધેય $f : N \rightarrow C$ ને સંકર સંખ્યાઓની શ્રેણી કહેવાય.

કોઈપણ વિધેય $f : \{1, 2, 3...n\} \rightarrow x$ ને ગણ x ની શાંત શ્રેણી કહેવાય. $(x \neq \phi)$

શ્રેણીને સામાન્ય રીતે $\{f(n)\}$ અથવા $\{a_n\}$ અથવા $\{T_n\}$ અથવા $\{t_n\}$ વડે દર્શાવવામાં આવે છે.

$f(n)$ અથવા $a_n$ અથવા $T_n$ અથવા $t_n$ ને શ્રેણીનું n મું પદ કહેવામાં આવે છે.

દા.ત. $1, \frac{1}{2}, \frac{1}{3}, \ldots$ સંમેય સંખ્યાઓની શ્રેણી છે. જેનું n મું પદ $\frac{1}{n}$ છે. આ શ્રેણીને સામાન્ય રીતે $\left\{\frac{1}{n}\right\}$ વડે લખવામાં આવે છે.

**શ્રેઢી**

કોઈપણ શ્રેણી $a_1, a_2, a_3...$ માટે $\{a_1 + a_2 + a_3 + ... + a_n\}$ ને શ્રેઢી કહેવાય. જ્યાં $a_i \in C, \forall i$ અથવા $a_i \in R, \forall i$.

નિશ્ચિત અથવા અનંત પદોના સરવાળાથી મળતી શ્રેઢી એ અનુક્રમે શાન્ત અથવા અનંત શ્રેઢી છે.

**પ્રોગ્રેશન (શ્રેણી)**

જેનાં પદો કોઈ ચોક્કસ ગાણિતીક નિયમને અનુસરતાં હોય તેવી શ્રેણીને પ્રોગ્રેશન કહેવાય.

**સમાંતર શ્રેણી** (A.P.)

જો દરેક $n \in N$ માટે $a_{n+1} - a_n$ = શૂન્યેતર અચળ હોય તો અને તો જ શ્રેણી $a_1, a_2, a_3, ...$ ને સમાંતર શ્રેણી કહેવાય. અહીં આ શૂન્યેતર અચળ ને સમાંતર શ્રેણીનો સામાન્ય તફાવત કહેવાય. સામાન્ય તફાવતને સામાન્ય રીતે 'd' વડે દર્શાવવામાં આવે છે.

$a, a + d, a + 2d, ..., a + (n - 1)d..$ એ વ્યાપક સમાંતર શ્રેણી છે.

સમાંતર શ્રેણીનું વ્યાપક પદ $T_n = a + (n - 1)d$ છે. જ્યાં a એ સમાંતર શ્રેણીનુ પ્રથમ પદ તથા d એ સમાંતર શ્રેણીનો સામાન્ય તફાવત છે.

યાદ રાખો.

$d = T_2 - T_1 = T_3 - T_2 = T_4 - T_3 = ...$

સમાંતર શ્રેણીનું છેલ્લેથી n મું પદ $= l-(n-1)d$ છે.

જ્યાં $l =$ છેલ્લુ પદ

સમાંતર શ્રેણીનાં પ્રથમ n પદોના સરવાળાનું સુત્ર :

$$S_n = a + (a+d) + (a+2d) + ... + [a+(n-1)d]$$

$$= \frac{n}{2}[2a+(n-1)d]$$

$$= \frac{n}{2}(a+l)$$ જ્યાં $l = T_n =$ છેલ્લુ પદ

$n =$ પદોની સંખ્યા

$a =$ પ્રથમ પદ

- છેલ્લેથી n પદોનો સરવાળો $= \frac{n}{2}[2l-(n-1)d]$
- સમાંતર શ્રેણીનાં બધા જ પદોમાં કોઈ શૂન્યેતર સંખ્યા ઉમેરવામાં આવે કે બાદ કરવામાં આવે કે કોઈ શૂન્યેતર સંખ્યા વડે બધા જ પદોને ગુણવામાં કે ભાગવામાં આવે તો તે શ્રેણી સમાંતર શ્રેણી જ રહે છે.
- સમાંતર શ્રેણીના પહેલા અને છેલ્લા પદથી સમાન અંતરે આપેલાં પદોનો સરવાળો અચળ રહે છે.

  એટલે કે $a_1 + a_n = a_2 + a_{n-1} = a_3 + a_{n-2} = ...$
- સમાંતર શ્રેણીમાં આવેલી ત્રણ ક્રમીક સંખ્યાઓ $a-d, a, a+d$ લેવામાં આવે છે. (સરળતા માટે)
- સમાંતર શ્રેણીમાં આવેલી ચાર ક્રમીક સંખ્યાઓ $a-3d, a-d, a+d, a+3d$ લેવામાં આવે છે. (સરળતા માટે)
- સમાંતર શ્રેણીમાં આવેલી પાંચ ક્રમીક સંખ્યાઓ $a-2d, a-d, a, a+d, a+2d$ લેવામાં આવે છે. (સરળતા માટે)
- સમાંતર શ્રેણીમાં આવેલી છ ક્રમીક સંખ્યાઓ $a-5d, a-3d, a-d, a+d, a+3d, a+5d$ લેવામાં આવે છે. (સરળતા માટે)

**સમાંતર મધ્યક** (A.M.)

જો a, A, b સમાંતર શ્રેણીમાં હોય તો A ને a અને b વચ્ચેનો સમાંતર મધ્યક કહેવાય.

અહીં $A = \frac{a+b}{2}$ તથા $a < A < b$

**a અને b વચ્ચે n સમાંતર મધ્યક**

જો $a, A_1, A_2, ...A_n, b$ સમાંતર શ્રેણીમાં હોય તો અને તોજ $A_1, A_2, A_3...A_n$ ને a અને b વચ્ચેના n સમાંતર મધ્યકો કહેવાય.

તેથી $A_1 = a + d$

$A_2 = a + 2d$

$A_3 = a + 3d$

$A_n = a + nd$

જ્યાં $d = \frac{b-a}{n+1}$ ટૂંકમાં $A_m = a + \frac{m(b-a)}{n+1}$ $m = 1, 2, ...n$

અહીં $A_1 + A_2 + A_3 + ... + A_n = nA$ જ્યાં $A = \frac{a+b}{2}$

**સ્વરિત શ્રેણી**

જો $\frac{1}{a_1}, \frac{1}{a_2}, \frac{1}{a_3}, ... \frac{1}{a_n} ...$ સમાંતર શ્રેણીમાં હોય તો અને તોજ શૂન્યેતર સંખ્યાઓ $a_1, a_2, a_3 ... a_n$ સ્વરિત શ્રેણીમાં છે તેમ કહેવાય.

**સ્વરિત મધ્યક** (H.M.)

જો a, H, b સ્વરિત શ્રેણીમાં હોય તો H ને a અને b વચ્ચેનો સ્વરિત મધ્યક કહેવાય અહીં $H = \frac{2ab}{a+b}$

**a અને b વચ્ચેના n સ્વરિત મધ્યકો**

જો $a, H_1, H_2, ..., H_n, b$ સ્વરિત શ્રેણીમાં હોય તો $H_1, H_2, ....H_n$ ને a અને b વચ્ચેના n સ્વરિત મધ્યકો કહેવાય.

**સમગુણોત્તર શ્રેણી** (G.P.)

જો દરેક $n \in N$ માટે $\frac{a_2}{a_1} = \frac{a_3}{a_2} = \frac{a_4}{a_3} = ... = \frac{a_{n+1}}{a_n} =$ અચળ હોય તો શૂન્યેતર સંખ્યાઓ $a_1, a_2, a_3, ... a_n, ...$ સમગુણોત્તર શ્રેણીમાં છે તેમ કહેવાય.

અહીં આ અચળ સંખ્યાને સમગુણોત્તર શ્રેણીનો સામાન્ય ગુણોત્તર કહેવાય તેને 'r' વડે દર્શાવાય.

$a, ar, ar^2, ... ar^{n-1} ...$ એ વ્યાપક સમગુણોત્તર શ્રેણી છે.

સમગુણોત્તર શ્રેણીનું n મુ પદ $T_n = ar^{n-1}$ છે.

**સમગુણોત્તર શ્રેણીનો સરવાળો**

$S_n$ = સમગુણોત્તર શ્રેણીનાં પ્રથમ n પદોનો સરવાળો

$= a + ar + ar^2 + .... + ar^{n-1}$

$= a\dfrac{(r^n - 1)}{r - 1}$ જો $r > 1$ આ બંને સુત્રો સમાન જ છે.

$= a\dfrac{(1 - r^n)}{1 - r}$ જો $r < 1$ પરંતુ સરળતા માટે બે વિકલ્પ લખ્યા છે.

$= na$ જો $r = 1$

$S = S_\infty =$ સમગુણોત્તર શ્રેણીનાં અનંત પદોનો સરવાળો $= \dfrac{a}{1 - r}$ જ્યાં $-1 < r < 1$

**સમગુણોત્તર મધ્યક** (G.M.)

જો ત્રણ ધન સંખ્યાઓ a, G, b સમગુણોત્તર શ્રેણીમાં હોય તો G ને a અને b વચ્ચેનો સમગુણોત્તર (ગુણોત્તર) મધ્યક કહેવાય.

અહીં $G = \sqrt{ab}$ $\therefore G^2 = ab$

**n સમગુણોત્તર મધ્યક**

જો ધન સંખ્યાઓ $a, G_1, G_2, ... G_n, b$ સમગુણોત્તર શ્રેણીમાં હોય તો $G_1, G_2, ... G_n$ ને a અને b વચ્ચેના n સમગુણોત્તર મધ્યક કહેવાય.

જો આ સમગુણોત્તર શ્રેણીનો સામાન્ય ગુણોત્તર r હોય તો $r = \left(\dfrac{b}{a}\right)^{\frac{1}{n+1}}$ અને

$G_1 = ar, G_2 = ar^2, ... G_n = ar^n$ અહીં $G_1 \cdot G_2 \cdot G_3 ... G_n = \left(\sqrt{ab}\right)^n = (ab)^{\frac{n}{2}} = G^n$

- જો સમગુણોત્તર શ્રેણીના દરેક પદને શૂન્યેતર વાસ્તવિક સંખ્યા વડે ગુણવામાં કે ભાગવામાં આવે તો તે શ્રેણી સમગુણોત્તર શ્રેણી જ રહે છે.
- સમગુણોત્તર શ્રેણીમાં આવેલી ત્રણ સંખ્યાઓ સરળતા માટે $\dfrac{a}{r}, a, ar$ લેવામાં આવે છે.
- સમગુણોત્તર શ્રેણીમાં આવેલી ચાર સંખ્યાઓ સરળતા માટે $\dfrac{a}{r^3}, \dfrac{a}{r}, ar, ar^3$ લેવામાં આવે છે.
- સમગુણોત્તર શ્રેણીમાં આવેલી પાંચ સંખ્યાઓ સરળતા માટે $\dfrac{a}{r^2}, \dfrac{a}{r}, a, ar, ar^2$ લેવામાં આવે છે.

**સમાંતર - સમગુણોત્તર શ્રેઢી** (A. G. P.)

જો $P_1, P_2, P_3, \dots$ સમાંતર શ્રેણી અને $q_1, q_2, q_3 \dots$ સમગુણોત્તર શ્રેણી હોય તો $p_1 q_1,\ p_2 q_2,\ p_3 q_3, \dots$ ને સમાંતર- સમગુણોત્તર શ્રેણી કહેવાય.

$a, (a + d)r, (a+2d)r^2, (a + 3d)r^3, \dots$ વ્યાપક સમાંતર-સમગુણોત્તર શ્રેણી છે.

**આ સમાંતર સમગુણોત્તર શ્રેણીનો સરવાળો**

$$S_n = \sum\left\{ \left(a + (n-1)d\right).\, r^{n-1} \right\} = \frac{a}{1-r} + \frac{dr\left(1 - r^{n-1}\right)}{(1-r)^2} - \frac{\left\{a + (n-1)d\right\}r^n}{1-r}, (r \neq 1)$$

$$S\infty = \lim_{n \to \infty} Sn = \frac{a}{1-r} + \frac{dr}{(1-r)^2}$$ જ્યાં $-1 < r < 1$

$T_n$ = સમાંતર-સમગુણોત્તર શ્રેણીનું n મું પદ = $\left\{a+(n-1)d\right\} r^{n-1}$

**ઘાતશ્રેઢી (પ્રાકૃતિક સંખ્યાઓની શ્રેઢી)**

$$\sum n = \sum_{r=1}^{n} r = 1 + 2 + 3 + \dots + n = \frac{n(n+1)}{2}$$

$$\sum n^2 = \sum_{r=1}^{n} r^2 = 1^2 + 2^2 + 3^2 + \dots + n^2 = \frac{n(n+1)(2n+1)}{6}$$

$$\sum n^3 = \sum_{r=1}^{n} r^3 = 1^3 + 2^3 + 3^3 + \dots + n^3 = \left(\sum n\right)^2 = \frac{n^2(n+1)^2}{4}$$

- જો શ્રેઢી સૂત્ર $S_n$ આપેલું હોય તો મૂળ શ્રેણી $\{a_n\}$ નું સૂત્ર નીચે મુજબ મેળવી શકાય.

  $a_1 = s_1$ અને દરેક $n \geq 2$ માટે $a_n = s_n - s_{n-1}$
- જો શ્રેણીનું શ્રેણીસૂત્ર n નું સુરેખ વિધેય હોય તો અને તોજ તે શ્રેણી સમાંતર શ્રેણી છે.
- જો કોઈ શ્રેણી સમાંતર શ્રેણી અને સમગુણોત્તર શ્રેણી હોય તો તે અચળ શ્રેણી છે.
- સમાંતર શ્રેઢીનું શ્રેઢી સૂત્ર $S_n = \frac{n}{2}\left[2a + (n-1)d\right]$ એ n નું દ્વિઘાત સમીકરણ છે. જેમાં અચળ પદ હોય નહી.
- $A \geq G \geq H$
- જો $a_1, a_2, a_3, \dots, a_n$ સમાંતર શ્રેણીમાં હોય તો $a_1 + a_n = a_2 + a_{n-1} = a_3 + a_{n-2} = \dots =$ અચળ
- જો $a_1, a_2, a_3, \dots, a_n$ સમગુણોત્તર શ્રેણીમાં હોય તો $a_1.a_n = a_2.\, a_{n-1} = a_3.a_{n-2} =$ અચળ
- n સંખ્યાઓ $a_1, a_2, a_3, \dots, a_n$ નો સમાંતર મધ્યક $A = \frac{a_1 + a_2 + a_3 + \dots + a_n}{n}$

- ધન વાસ્તવિક સંખ્યાઓ $a_1, a_2, a_3, ..., a_n$ નો સમગુણોત્તર મધ્યક $G = (a_1 a_2 a_3 ... a_n)^{\frac{1}{n}}$
- જો $a_1, a_2, a_3, ...$ અને $b_1, b_2, b_3, ...$ સમગુણોત્તર શ્રેણીઓ હોય તો, $a_1b_1, a_2 b_2, a_3 b_3, ...$ પણ સમગુણોત્તર શ્રેણી છે.
- જો $a_1, a_2, a_3 ... a_n$ સમગુણોત્તર શ્રેણીમાં હોય તો

  $a_2 = \sqrt{a_1 a_3}, a_3 = \sqrt{a_2 a_4}, a_4 = \sqrt{a_3 a_5}, ... a_{n-1} = \sqrt{a_{n-2} . a_n}$ તથા $a_r = \sqrt{a_{r-k} . a_{r+k}}$

  જ્યાં $k = 0, 1, 2.... n-r$ અને $r = 1, 2, ... n-1$ અને $k \le r-1$

# પ્રશ્નબેંક

1. એક ગુણોત્તર શ્રેણીનું પ્રથમ પદ 1 અને સામાન્ય ગુણોત્તર 2 હોય તો $s_1 + s_3 + s_5 + .........+ s_{2n-1} =$ ............

(a) $\frac{1}{3}\left(2^{2n} - 5n + 4\right)$ (b) $\frac{1}{3}\left(2^{2n+1} - 5n\right)$

(c) $\frac{1}{3}\left(2^{2n+1} - 3n - 2\right)$ (d) $\frac{1}{3}\left(2^{2n+1} - 5n^2\right)$

2. $\frac{1}{2} + \frac{3}{4} + \frac{7}{8} + \frac{15}{16} + ...100$ પદ = ...........

(a) $2^{100} + 99$ (b) $2^{-100} + 99$ (c) $2^{-101} + 100$ (d) $2^{-99} + 99$

3. જેની પરિમિતિ 37 સેમી હોય તેવા ત્રિકોણની બાજુઓ સમગુણોત્તર શ્રેણીમાં છે. તથા તેની સૌથી નાની બાજુનું માપ 9 સેમી છે. તો બાકીની બે બાજુઓનાં માપ......... અને ......... છે.

(a) 12, 16 (b) 14, 14 (c) 10, 18 (d) 15, 13

4. 2 અને 18 વચ્ચે ત્રણ સંખ્યાઓ a, b, c એવી શોધો કે જેથી, $a + b + c = 25$ હોય, 2, a, b સમાંતર શ્રેણીમાં હોય તથા b, c, 18 સમગુણોત્તર શ્રેણીમાં હોય.

(a) 5, 8, 12 (b) 4, 8, 13 (c) 3, 9, 13 (d) 5, 9, 11

5. ચાર સંખ્યાઓ એવી શોધો કે જેથી પ્રથમ ત્રણ સંખ્યાઓ સમગુણોત્તર શ્રેણીમાં હોય, છેલ્લી ત્રણ સંખ્યાઓ સમાંતર શ્રેણીમાં હોય કે જેનો સામાન્ય તફાવત 6 હોય તથા પ્રથમ અને છેલ્લી સંખ્યા સમાન હોય.

(a) 8, 4, 2, 8 (b) -8, 4, -2, -8 (c) 8, -4, 2, 8 (d) -8, -4, -2, -8

6. જો બે સંખ્યાઓ a અને b વચ્ચેનો સમાંતર મધ્યક તેના સમગુણોત્તર મધ્યક કરતાં $\sqrt{10}$ ગણો હોય તો $\frac{a-b}{a+b} =$ .........

(a) $\frac{\sqrt{10}}{3}$ (b) $3\sqrt{10}$ (c) $\frac{9}{10}$ (d) $\frac{3}{\sqrt{10}}$

7. જો બે સંખ્યાઓ a અને b નો સ્વરિત મધ્યક 4 હોય અને સમગુણોત્તર મધ્યક $3\sqrt{2}$ હોય તો અંતરાલ [a, b] = ............

(a) [3, 6] (b) [2, 7] (c) [4, 5] (d) [1, 8]

8. સમગુણોત્તર શ્રેણીમાં આવેલી ત્રણ સંખ્યાઓનો સમાતંર મધ્યક $\frac{14}{3}$ છે. જો પહેલી બે સંખ્યાઓમાં 1 ઉમેરવામાં આવે અને ત્રીજી સંખ્યામાંથી 1 બાદ કરવામાં આવે તો મળતી ત્રણ સંખ્યાઓ સમાંતર શ્રેણીમાં હોય, તો તે ત્રણેય સંખ્યાઓના વર્ગનો સરવાળો......... છે.

(a) 91 (b) 80 (c) 84 (d) 88

9. જો a અને c નો સ્વરિત મધ્યક b હોય, b અને d નો ગુણોત્તર મધ્યક c હોય તથા c અને e નો સમાંતર મધ્યક d હોય તો a અને e નો ગુણોત્તર મધ્યક......... છે.

(a) b (b) c (c) d (d) ae

10. જો a, b, c સમાંતર શ્રેણીમાં હોય તથા ac અને ab, ab અને bc, ca અને cb ના ગુણોત્તર મધ્યક અનુક્રમે d, e, f હોય તો $d^2, e^2, f^2$ ........ શ્રેણીમાં છે.

(a) સમાંતર (b) ગુણોત્તર

(c) સ્વરિત (d) સમાંતર-સમગુણોત્તર

11. çkMï Þky kp તથા q ની વચ્ચે બે સમાંતર મધ્યક $A_1, A_2$, બે સમગુણોત્તર મધ્યક $G_1, G_2$ અને બે સ્વરિત મધ્યક $H_1, H_2$ દાખલ કરવામાં આવે તો .........

(a) $\frac{G_1 G_2}{H_1 H_2} = \frac{A_1 + A_2}{H_1 + H_2}$ (b) $\frac{G_1 + G_2}{H_1 + H_2} = \frac{A_1 A_2}{H_1 H_2}$

(c) $\frac{G_1 G_2}{H_1 H_2} = \frac{A_1 - A_2}{H_1 - H_2}$ (d) $(A_1+A_2)(H_1+H_2) = G_1 G_2 H_1 H_2$

12. $\Sigma\left(\Sigma\ 2^{1-n}\right) =$ ..........

(a) $2n - 2 + 2^{1-n}$ (b) $2n - 2 + 2^{n-1}$ (c) $2n - 2 + 2^{-n}$ (d) $2n - 2 + 2^{n+1}$

13. જો $(666....\ n\ \text{વખત})^2 + (888....n\ \text{વખત}) = (444...K\ \text{વખત})$ તો K = ...........

(a) n+1 (b) n (c) 2n (d) $n^2$

14. એક સમાંતર શ્રેણીનાં m+1, n+1 અને r+1 માં પદ સમગુણોત્તર શ્રેણીમાં છે. તથા m, n અને r સ્વરિત શ્રેણીમાં છે. તો તે શ્રેણીનો સામાન્ય તફાવત........... છે.

(a) $\frac{-a}{n}$ (b) $\frac{-n}{2a}$ (c) $\frac{2a}{n}$ (d) $\frac{-2a}{n}$

15. 2 + 6 + 12 + 20 + 30 + ...100 પદ = ............

(a) $\frac{1020300}{3}$ (b) $\frac{1030200}{3}$ (c) $\frac{1003200}{3}$ (d) $\frac{1023200}{3}$

16. સમાંતર શ્રેણી $a_n$ નું એક પણ પદ શૂન્ય ન હોય તથા $d \neq 0$ તો $\sum_{r=1}^{n-1} \frac{1}{a_r\ a_{r+1}} =$ ...........

(a) $\frac{n}{a_1 a_n}$ (b) $\frac{n-1}{a_1 a_n}$ (c) $\frac{n+1}{a_1 a_n}$ (d) $\frac{2n}{a_1 a_n}$

17. જેનાં પ્રથમ પદ 1, 2, 3.....n હોય અને સામાન્ય ગુણોત્તર અનુક્રમે $\frac{1}{2}, \frac{1}{3}, \frac{1}{4} \cdots \frac{1}{n+1}$ હોય તેવી સમગુણોત્તર શ્રેણીઓનાં અનંત પદોનો સરવાળો અનુક્રમે $s_1$, $s_2$, $s_3$...$s_n$ હોય તો $\sum_{i=1}^{n} s_i$ = ...........

(a) $\frac{n(n+3)}{2}$ (b) $\frac{n(n+4)}{2}$ (c) $\frac{n(n-3)}{2}$ (d) $\frac{n(n+1)}{2}$

18. 1 + 3 + 7 + 13 + ...100 પદ = ...........

(a) $\frac{1010000}{2}$ (b) $\frac{1000200}{3}$ (c) $\frac{1015050}{3}$ (d) $\frac{1051050}{3}$

19. 1 + 5 + 14 + 30 + ... n પદ = ...........

(a) $\frac{(n+2)(n+3)}{12}$ (b) $\frac{n(n+1)(n+5)}{12}$

(c) $\frac{n(n+2)(n+3)}{12}$ (d) $\frac{n(n+1)^2(n+2)}{12}$

20. 4 + 18 + 48 + ... n પદ = ...........

(a) $\frac{n(n+1)(n+2)(3n+5)}{12}$ (b) $\frac{n(n+1)(n+2)(5n+3)}{12}$

(c) $\frac{n(n+1)(n+2)(7n+1)}{12}$ (d) $\frac{n(n+1)(n+2)(9n-1)}{12}$

21. 2 + 12 + 36 + 80 + ... n પદ = ...........

(a) $\frac{n(n+1)(n+2)(3n+5)}{24}$ (b) $\frac{n(n+1)(n+2)(3n+1)}{12}$

(c) $\frac{n(n+1)(n+3)(n+5)}{24}$ (d) $\frac{n(n+1)(n+2)(n+3)}{12}$

22. $\frac{3}{4} + \frac{5}{36} + \frac{7}{144} + \frac{9}{400} + \ldots$ અનંતપદ = ...........

(a) 0.8 (b) 0.9 (c) 1 (d) 0.99

23. $\frac{1^3}{1}+\frac{1^3+2^3}{2}+\frac{1^3+2^3+3^3}{3}+\ldots$ n પદ = ...........

(a) $\frac{n(n+1)(n+2)(5n+3)}{48}$ (b) $\frac{n(n+1)(n+3)(n+5)}{24}$

(c) $\frac{n(n+1)(n+2)(7n+1)}{48}$ (d) $\frac{n(n+1)(n+2)(3n+5)}{48}$

24. $\frac{1^3}{1}+\frac{1^3+2^3}{1+2}+\frac{1^3+2^3+3^3}{1+2+3}+\ldots$ 15 પદ = ...........

(a) 446 (b) 680 (c) 600 (d) 540

25. $\frac{1}{2\times 5}+\frac{1}{5\times 8}+\frac{1}{8\times 11}+\ldots$ 100 પદ = ...........

(a) $\frac{25}{160}$ (b) $\frac{1}{6}$ (c) $\frac{25}{151}$ (d) $\frac{25}{152}$

26. $1+3+7+15+\ldots$10 પદ = ...........

(a) 2012 (b) 2046 (c) 2038 (d) 2036

27. $\tan^{-1}\frac{1}{3}+\tan^{-1}\frac{1}{7}+\tan^{-1}\frac{1}{13}+\ldots+\tan^{-1}\frac{1}{9703}=$ ...........

(a) $\frac{\pi}{4}$ (b) $\frac{\pi}{6}$ (c) $\frac{\pi}{3}$ (d) $\tan^{-1}(0.98)$

28. n = ........... માટે a અને b નો સમાંતર મધ્યક $\frac{a^{n+1}+b^{n+1}}{a^n+b^n}$ થાય.

(a) 2 (b) 3 (c) 1 (d) 0

29. n = ........... માટે a અને b નો ગુણોત્તર મધ્યક $\frac{a^{n+1}+b^{n+1}}{a^n+b^n}$ થાય. $(a, b \in R^+ \ \ a \neq b)$

(a) 0 (b) 1 (c) $-\frac{1}{2}$ (d) $-2$

30. n = ...........માટે ભિન્ન ધન સંખ્યાઓ a અને b નો સ્વરિત મધ્યક $\frac{a^{n+1}+b^{n+1}}{a^n+b^n}$ થાય.

(a) 0 (b) $-1$ (c) $-\frac{1}{2}$ (d) $-2$

31. શ્રેણી $\log a, \log\left(\frac{a^2}{b}\right), \log\left(\frac{a^3}{b^2}\right), \ldots$ એ એક ............. છે. $(a \neq b)$

(a) સમગુણોત્તર શ્રેણી (b) સમાંતર શ્રેણી

(c) સ્વરિત શ્રેણી (d) સમાંતર - સમગુણોત્તર શ્રેણી

32. જો a, b, c સમાંતર શ્રેણીમાં હોય, ac અને ab તથા ab અને bc તથા ca અને cb ના ગુણોત્તર મધ્યક અનુક્રમે d, e, f હોય તો e + f, f + d અને d + e.......... શ્રેણીમાં છે.

(a) સમગુણોત્તર (b) સમાંતર

(c) સ્વરિત (d) સમાંતર-સમગુણોત્તર

33. જેમનો સરવાળો 13 હોય તથા વર્ગોનો સરવાળો 91 હોય તેવી સમગુણોત્તર શ્રેણીમાં આવેલી ત્રણ સંખ્યાઓ શોધો.

(a) 3, 1, 9 (b) 1, 3, 9 (c) 1, 9, 3 (d) $\frac{13}{3}, \frac{13}{3}, \frac{13}{3}$

34. જેનુ પ્રથમ પદ 1, 2, 3, ... n હોય અને સામાન્ય તફાવત અનુક્રમે 1, 3, 5,..., (2n-1) હોય તેવી n સમાંતર શ્રેણીનાં પ્રથમ n પદોનો સરવાળો અનુક્રમે $S_1, S_2, S_3, \ldots, S_n$ હોય તો $\sum_{r=1}^{n} S_r$ = .........

(a) $\frac{n^3(n+1)}{2}$ (b) $\frac{n^2(n^2-1)+2}{2}$

(c) $\frac{n(n^3+1)}{2}$ (d) $\frac{n^2(n^2+1)}{2}$

35. 0.4 + 0.44 + 0.444 + ... 2n પદ સુધી = .........

(a) $\frac{4}{81}\left(18n+1+100^{-n}\right)$ (b) $\frac{4}{81}\left(18n-1+100^{-n}\right)$

(c) $\frac{4}{81}\left(18n-1+10^{-n}\right)$ (d) $\frac{4}{81}\left(18n-1+100^{n}\right)$

36. કોઈપણ સમગુણોત્તર શ્રેણીનુ 11 મું, 13 મું અને 15 મું પદ............ શ્રેણીમાં છે.

(a) સમગુણોત્તર (b) સમાંતર

(c) સ્વરિત (d) સમાંતર-સમગુણોત્તર

37. જો $\frac{b+c-a}{a}, \frac{c+a-b}{b}, \frac{a+b-c}{c}$ સમાંતર શ્રેણીમાં હોય તો a, b, c ......... શ્રેણીમાં છે.

(a) સમાંતર (b) સમાંતર-સમગુણોત્તર

(c) સ્વરિત (d) સમગુણોત્તર

38. એક સમાંતર શ્રેણીના પ્રથમ 101 પદોનો સરવાળો 0 હોય તથા તેનુ પ્રથમ પદ 1 હોય તો, પછીનાં 100 પદોનો સરવાળો ........ છે.

(a) $-101$ (b) 201 (c) $-201$ (d) $-200$

39. 0 ū7 અને $\frac{1}{7}$ વચ્ચેના બે સમાંતર મધ્યકો $A_1$ અને $A_2$ હોય તો $(2A_1 - A_2)(2A_2 - A_1) =$ ...........

(a) 49 (b) $\frac{48}{7}$ (c) $\frac{50}{7}$ (d) 1

40. એક સમાંતર શ્રેણી માટે જો $S_{100} = 3S_{50}$ હોય તો $S_{150} : S_{50} =$ ............

(a) 8 (b) 3 (c) 6 (d) 10

41. જો $1, A_1, A_2, A_3, ..., A_n, 31$ સમાંતર શ્રેણીમાં હોય અને $A_7 : A_{n-1} = 5 : 9$ હોય તો $n =$ ............

(a) 28 (b) 14 (c) 15 (d) 13

42. એક સમગુણોત્તર શ્રેણીનું છેલ્લુ પદ 1024 અને સામાન્ય ગુણોત્તર 2 છે. તો તેનું છેલ્લેથી 20 મું પદ ........ છે.

(a) $\frac{1}{512}$ (b) $\frac{1}{1024}$ (c) $\frac{1}{256}$ (d) 512

43. $1 + 2\cdot2 + 3\cdot2^2 + 4\cdot2^3 + ... + 50\cdot2^{49} =$ ..........

(a) $1+49\cdot2^{49}$ (b) $1+49\cdot2^{50}$

(c) $1+50\cdot2^{49}$ (d) $1+50\cdot2^{50}$

44. 2n પદોની એક સમગુણોત્તર શ્રેણીનું પ્રથમ પદ a અને છેલ્લુ પદ $\ell$ હોય તો તેનાં બધાં જ પદોનો ગુણાકાર ........ છે.

(a) $(a\ell)^{\frac{n}{2}}$ (b) $(a\ell)^{n+1}$ (c) $(a\ell)^n$ (d) $(a\ell)^{2n}$

45. શ્રેઢી $1.1! + 2.2! + 3.3! + ... + n.n! =$ ...........

(a) $(n+1)! - n$ (b) $(n+1)! - 1$

(c) $n! - 1 + n$ (d) $n! + 1 - n$

46. એક સમાંતર શ્રેણીમાં $T_{35} = -50$ અને $d = -3$ હોય તો $S_{35} =$ ..........

(a) 35 (b) 38 (c) 32 (d) 29

47. એક સમાંતર શ્રેણીનું p મું અને q મું પદ અનુક્રમે $\frac{1}{qr}$ અને $\frac{1}{pr}$ છે. તો તેનું r મું પદ .......... છે.

(a) $\frac{1}{pqr}$ (b) 1 (c) $\frac{1}{pq}$ (d) pq

48. જો $A = \{3, 7, 11, ... 407\}$ અને ગણ $B = \{2, 9, 16, ..... 709\}$ હોય તો $n(A \cap B) =$ ...........

(a) 13 (b) 14 (c) 15 (d) 16

49. એક સમાંતર શ્રેણી માટે $S_n = an + bn^2$ હોય તો તેનો સામાન્ય તફાવત ........ છે. જ્યાં a અને b અચળ છે.

(a) 2b (b) a + b (c) 2a (d) a - b

50. જો $\{a_n\}$ એક સમાંતર શ્રેણી હોય તો $a_1^2 - a_2^2 + a_3^2 - a_4^2 + ... + a_{99}^2 - a_{100}^2 =$ ............

(a) $\frac{50}{99}\left(a_1^2 - a_{100}^2\right)$ (b) $\frac{100}{99}\left(a_{100}^2 - a_1^2\right)$

(c) $\frac{50}{51}\left(a_1^2 - a_{100}^2\right)$ (d) આમાંથી એકપણ નહી

51. સમીકરણ $ax^2 + bx + c = 0$ નાં બીજોનો સરવાળો તેનાં બીજોના વર્ગોના વ્યસ્તના સરવાળા બરાબર હોય તો $bc^2, ca^2, ab^2$ ..........માં છે.

(a) સમાંતર શ્રેણી (b) સમગુણોત્તર શ્રેણી

(c) સ્વરિત શ્રેણી (d) સમાંતર-સમગુણોત્તર શ્રેણી

52. એક સમાંતર શ્રેણીનું પહેલુ, બીજુ અને છેલ્લુ પદ અનુક્રમે a, b અને 3a છે. તો આ શ્રેઢીનો સરવાળો ........... છે.

(a) $\frac{4a^2}{b-a}$ (b) $\frac{2a^2 + 2ab}{b-a}$

(c) $\frac{2ab + a^2}{b-a}$ (d) $\frac{2a^2 - 2ab}{a+b}$

53. પ્રથમ n પ્રાકૃતિક સંખ્યાઓમાંથી બે સંખ્યાઓ એક સાથે પસંદ કરી તેમના ગુણાકારોનો સરવાળો કરવામાં આવે તો ............. મળે.

(a) $\frac{n(n^2-1)(3n+2)}{24}$ (b) $\frac{n(n+1)^2(3n+2)}{72}$

(c) $\frac{n^2(n+1)(3n+2)}{48}$ (d) $\frac{n(n+1)(n+2)(3n+2)}{96}$

54. $\frac{3}{1^2} + \frac{5}{1^2 + 2^2} + \frac{7}{1^2 + 2^2 + 3^2} + ...$ n પદ સુધી = .............

(a) $\frac{6n^2}{n+1}$ (b) $\frac{6n}{n+1}$

(c) $\frac{6(2n-1)}{n+1}$ (d) $\frac{3(n^2+1)}{n+1}$

55. શ્રેણી $\frac{1}{1+\sqrt{x}}, \frac{1}{1-x}, \frac{1}{1-\sqrt{x}}, \cdots$નું n મું પદ ........... છે.

(a) $\frac{1+\sqrt{x}\left(n^2-2\right)}{1-x}$ (b) $\frac{1+\sqrt{x}\,(n-1)}{1+\sqrt{x}}$

(c) $\frac{1+\sqrt{x}\,(n-2)}{1-x}$ (d) $\frac{3-\sqrt{x}\,(n+2)}{3\,(1-x)}$

56. $a-(a+d)+(a+2d)-(a+3d)+\ldots-50$ પદ સુધી = ..........

(a) $-50\,d$ (b) $25\,d$ (c) $a+50\,d$ (d) $-25\,d$

57. સમાંતર શ્રેણી a, b, c, ....., x માં પદોની સંખ્યા ............ છે.

(a) $\frac{x+b+a}{c-b}$ (b) $\frac{x+b-2a}{c-b}$

(c) $\frac{x+b+2a}{c-b}$ (d) $\frac{x-b+2a}{c-b}$

58. જો કાટકોણ ત્રિકોણની બાજુઓના માપ સમાતંર શ્રેણીમાં હોય તો તેના બે લઘુકોણના sines ના સરવાળાનું મૂલ્ય .......... છે.

(a) $\frac{7}{5}$ (b) $\frac{8}{5}$ (c) $\frac{1}{5}$ (d) $\frac{6}{5}$

59. જો $\log_3 2, \log_3\left(2^x-5\right)$ અને $\log_3\left(2^x-\frac{7}{2}\right)$ સમાંતર શ્રેણીમાં હોય તો x = ............

(a) 2 (b) 3 (c) 4 (d) 2 અથવા 3

60. જો ધન સંખ્યાઓની સમગુણોત્તર શ્રેણીનું n મું પદ $a_n$ હોય તથા $\sum_{n=1}^{100} a_{2n}=\alpha, \sum_{n=1}^{100} a_{2n-1}=\beta$ એવા હોય કે જેથી $\alpha \neq \beta$, તો તે સમગુણોત્તર શ્રેણીનો સામાન્ય ગુણોત્તર .......... છે.

(a) $\frac{\alpha}{\beta}$ (b) $\frac{\beta}{\alpha}$ (c) $\sqrt{\frac{\alpha}{\beta}}$ (d) $\sqrt{\frac{\beta}{\alpha}}$

61. જો સંખ્યાઓ p, q, r સમાંતર શ્રેણીમાં હોય તો $2^{p^2}, 2^{pq}, 2^{pr}$ ........... શ્રેણીમાં છે.

(a) સમાંતર (b) સમગુણોત્તર

(c) સ્વરિત (d) સમાંતર-સમગુણોત્તર

62. જો $\Delta ABC$ના ખૂણાનાં માપ A, B, C સમાંતર શ્રેણીમાં હોય અને $A < B < C$ તો ...........

(a) $c^2 = a^2 + b^2 - ab$ (b) $c^2 = a^2 + b^2$

(c) $b^2 = a^2 + c^2 - ac$ (d) $a^2 = b^2 + c^2 - bc$

63. $\frac{1}{3} + \frac{2}{3^2} + \frac{1}{3^3} + \frac{2}{3^4} + \frac{1}{3^5} + \frac{2}{3^6} + \dots$ અનંત પદ $=$..........

(a) $\frac{1}{8}$ (b) $\frac{3}{8}$ (c) $\frac{7}{8}$ (d) $\frac{5}{8}$

64. $1 + \frac{4}{5} + \frac{7}{5^2} + \frac{10}{5^3} + \dots$ અનંત પદ $=$ ...........

(a) $\frac{16}{35}$ (b) $\frac{11}{8}$ (c) $\frac{35}{16}$ (d) $\frac{7}{16}$

65. જો $\sec(x-y)$, $\sec x$ અને $\sec(x+y)$ સમાંતર શ્રેણીમાં હોય તો $\cos x \,.\, \sec\left(\frac{y}{2}\right) =$ ...........

$(y \neq 2n\pi, n \in I)$

(a) $\pm\sqrt{2}$ (b) $\pm\frac{1}{\sqrt{2}}$ (c) $\pm 2$ (d) $\pm\frac{1}{2}$

66. $\frac{1}{2} + \frac{3}{4} + \frac{7}{8} + \frac{15}{16} + \dots$ n પદ $=$ ...........

(a) $n + 2^{-n} - 1$ (b) $2^{-n} - n + 1$

(c) $\frac{2^n - n + 1}{4}$ (d) $2^{-n} + n^2 - 1$

67. જો $\frac{1}{a}, \frac{1}{b}, \frac{1}{c}$ સમાંતર શ્રેણીમાં હોય તો, $\left(\frac{1}{a} + \frac{1}{b} - \frac{1}{c}\right)\left(\frac{1}{b} + \frac{1}{c} - \frac{1}{a}\right) =$ .............

(a) $\frac{4b^2 - 3ac}{abc}$ (b) $\frac{4}{ac} - \frac{3}{b^2}$

(c) $\frac{4}{ac} - \frac{5}{b^2}$ (d) $\frac{4b^2 + 3ac}{4b^2c}$

68. $\frac{3}{4} + \frac{5}{36} + \frac{7}{144} + \dots 11$ પદ $=$.............

(a) $\frac{120}{121}$ (b) $\frac{143}{144}$ (c) 1 (d) $\frac{144}{143}$

69. જો $\Delta ABC$ ની બાજુઓનાં માપ સમાંતર શ્રેણીમાં હોય તથા સૌથી મોટા ખૂણાનું માપ સૌથી નાના ખૂણાના માપ કરતાં બમણું હોય તો $\Delta ABC$ની બાજુઓનો ગુણોત્તર ............. છે.

(a) 3 : 4 : 5 (b) 5 : 12 : 13 (c) 4 : 5 : 6 (d) 5 : 6 : 7

70. શ્રેણી $\frac{7}{3}, \frac{35}{6}, \frac{121}{12}, \frac{335}{24}, \ldots$ નું છઠ્ઠુ પદ ............ છે.

(a) $\frac{2113}{96}$ (b) $\frac{2112}{96}$ (c) $\frac{865}{48}$ (d) $\frac{2111}{96}$

71. જો શૂન્યેતર વાસ્તવિક સંખ્યાઓ $x_1, x_2, x_3, \ldots x_n$ માટે $\left(\sum_{i=1}^{n-1} x_i^2\right)\left(\sum_{i=2}^{n} x_i^2\right) \le \sum_{i=1}^{n-1}\left(x_i\, x_{i+1}\right)$ હોય તો $x_1, x_2, x_3,$ $\ldots, x_n$ ________ શ્રેણીમાં છે.

(a) સમાંતર (b) સમગુણોત્તર (c) સ્વરિત (d) આમાંથી એકપણ નહિ

72. $1 + \frac{1}{2} + \frac{1}{2^2} + \ldots + \frac{1}{2^n} < 2$ થાય તેવી n ની મોટામાં મોટી કિંમત............ છે. $(n \in N)$

(a) 100 (b) 10 (c) 1000 (d) એકપણ નહિ

73. $(x+1)(x+2)(x+3)\ldots(x+10)$ ના ગુણાકાર (વિસ્તરણ)માં $x^8$ નો સહગુણક............ છે.

(a) 1024 (b) 1300 (c) 1320 (d) 1360

74. $12 + 16 + 24 + 40 + \ldots$ 20 પદ = .............

(a) 8335 (b) 8348 (c) 8356 (d) 8363

75. જો $\frac{1}{b-c}, \frac{1}{2b-x}, \frac{1}{b-a}$ સમાંતર શ્રેણીમાં હોય તો $a-\frac{x}{2}, b-\frac{x}{2}, c-\frac{x}{2}$ ......... શ્રેણીમાં છે.

(a) સમાંતર (b) સમગુણોત્તર

(c) સ્વરિત (d) સમાંતર-સમગુણોત્તર

76. જો $1, \log_y x, \log_z y, -15\log_x z$ સમાંતર શ્રેણીમાં હોય તો તેનો સામાન્ય તફાવત ............. છે.

(a) 1 (b) 2 (c) $-2$ (d) 3

77. જો વિધેય f માટે $f(x+y) = f(x)\, f(y)\ \forall x, y \in N$ અને $f(1) = 3$ તથા $\sum_{r=1}^{n} f(a+r) = \frac{81}{2}(3^n - 1)$ હોય તો a = ...........

(a) 4 (b) 2 (c) 1 (d) 3

78. સમાંતર શ્રેણી $\{a_n\}$ માટે જો $a_1 + a_5 + a_{15} + a_{26} + a_{36} + a_{40} = 210$ હોય તો $S_{40}$ = ...........

(a) 2100 (b) 700 (c) 1400 (d) એકપણ નહિ

79. જો a, 4, c સમાંતર શ્રેણીમાં હોય અને a, 2, b સમગુણોત્તર શ્રેણીમાં હોય તો, $\frac{1}{a}, 1, \frac{1}{b}$ ............ શ્રેણીમાં છે.

(a) સમગુણોત્તર (b) સમાંતર

(c) સ્વરિત (d) સમાંતર-સમગુણોત્તર

80. દરેક $x, y \in R^+$ માટે $\frac{(1+x+x^2)(1+y+y^2)}{xy}$ ..............

(a) $< 9$ (b) $\le 9$ (c) $> 9$ (d) $\ge 9$

81. એક સમગુણોત્તર શ્રેણીનું પહેલુ, બીજુ અને છેલ્લુ પદ અનુક્રમે a, b અને c હોય તો આ બધા જ પદોનો સરવાળો .......... છે.

(a) $\frac{c^2 - ab}{c - a}$ (b) $\frac{b^2 - ac}{b - c}$ (c) $\frac{a^2 - bc}{a - b}$ (d) $\frac{a^2 - bc}{a + b}$

82. જો $a_1, a_2, \dots a_{10}$ સમાંતર શ્રેણીમાં હોય, $\frac{1}{h_1}, \frac{1}{h_2}, \dots \frac{1}{h_{10}}$ સમાંતર શ્રેણીમાં હોય અને $a_1 = h_1 = 2$, $a_{10} = h_{10} = 3$ તો $a_4 h_7 =$ ...........

(a) $\frac{1}{6}$ (b) 6 (c) 3 (d) 2

83. જો $\frac{1}{a}, \frac{1}{H}, \frac{1}{b}$ સમાંતર શ્રેણીમાં હોય તો $\frac{H+a}{H-a} + \frac{H+b}{H-b} =$ .............

(a) 2 (b) 4 (c) 0 (d) 1

84. જો એક સમાંતર શ્રેણી માટે $S_m : S_n = m^2 : n^2$ હોય તો $p^2$ મા અને $q^2$ મા પદનો ગુણોત્તર ............... છે.

(a) $\frac{2p^2+1}{2q^2+1}$ (b) $\frac{2p^2-1}{2q^2-1}$ (c) $\frac{2p-1}{2q-1}$ (d) $\frac{p^2-2}{q^2-2}$

85. નીચેની ગોઠવણીમાં n મી હારમાં આવેલી સંખ્યાઓનો સરવાળો ........ છે.

1

2 3 4

5 6 7 8 9

10 11 12 13 14 15 16

.... .... ..... ..... ..... ..... .....

(a) $n^3 + (n+1)^3 - 8$ (b) $n^3 - (n+1)^3 + 8$

(c) $n^3 + (n-1)^3$ (d) $(2n-1)^3$

86. જો a અને b વચ્ચેનો સમાંતર મધ્યક A હોય તો $\frac{A-2b}{A-a}+\frac{A-2a}{A-b}=$ ............

(a) $-8$ (b) 2 (c) 4 (d) $-4$

87. જો a, b, c સમગુણોત્તર શ્રેણીમાં હોય, a, x, b સમાંતર શ્રેણીમાં હોય અને b, y, c સમાંતર શ્રેણીમાં હોય, તો $\frac{a}{x}+\frac{c}{y}=$ ..........

(a) 1 (b) $\frac{1}{2}$ (c) 2 (d) 4

88. $1+\frac{4}{5}+\frac{7}{5^2}+\frac{10}{5^3}+\ldots$ અનંત પદ = ............

(a) $\frac{5}{16}$ (b) $\frac{35}{16}$ (c) $\frac{16}{35}$ (d) $\frac{7}{16}$

89. જો એક સમગુણોત્તર શ્રેણીનું p મું અને q મું પદ અનુક્રમે x અને y હોય તો તેનુ n મું પદ .......... છે.

(a) $\left(\frac{x^{n-p}}{y^{n-q}}\right)^{\frac{1}{p-q}}$ (b) $\left(\frac{x^{n+q}}{y^{n+p}}\right)^{\frac{1}{p-q}}$ (c) $\left(\frac{x^{n-q}}{y^{n-p}}\right)^{\frac{1}{p-q}}$ (d) $\left(\frac{x^{n-q}}{y^{n-p}}\right)^{\frac{1}{p+q}}$

90. એક સમાંતર શ્રેણીનું n મું પદ $P^2$ અને પ્રથમ n પદોનો સરવાળો $S^2$ હોય તો તેનું પ્રથમ પદ ........... છે.

(a) $\frac{p^2n+2s^2}{n}$ (b) $\frac{2s^2+p^2n}{n^2}$ (c) $\frac{ps^2-p^2s}{n}$ (d) $\frac{2s^2-p^2n}{n}$

91. જો કોઈ એક સમાંતર શ્રેણી માટે a = 1 અને $S_n : (S_{2n}-S_n)$ = અચળ, $\forall\ n \in N$ તો તેનો સામાન્ય તફાવત d = ............

(a) 4 (b) $\frac{1}{2}$ (c) 2 (d) 3

92. જો $ax^2-bx+c=0$ નાં બીજ $\alpha, \beta$ હોય અને $px^2-qx+r=0$ નાં બીજ $\gamma, \delta$ હોય તથા $\alpha, \beta, \gamma, \delta$ સમાંતર શ્રેણીમાં હોય તો તેનો સામાન્ય તફાવત.......... છે.

(a) $\frac{aq-bp}{8ap}$ (b) $\frac{aq-bp}{4ap}$ (c) $\frac{bp-aq}{4ap}$ (d) $\frac{bp-aq}{8ap}$

93. જો $ax^2-bx+c=0$ નાં બીજ $\alpha, \beta$ હોય અને $px^2-qx+r=0$ નાં બીજ $\gamma, \delta$ હોય તથા $\alpha, \beta, \gamma, \delta$ સમગુણોત્તર શ્રેણીમાં હોય તો તેનો સામાન્ય ગુણોત્તર .......... છે.

(a) $\left(\frac{ar}{cp}\right)^{\frac{1}{4}}$ (b) $\left(\frac{ar}{cp}\right)^{\frac{1}{8}}$ (c) $\left(\frac{ap}{cr}\right)^{\frac{1}{4}}$ (d) $\left(\frac{ar}{cp}\right)^{-\frac{1}{4}}$

94. $\Delta ABC$ માં A, B, C વધતી સમાંતર શ્રેણીમાં હોય અને $\sin(B + 2C) = -\frac{1}{2}$ હોય તો A =............

(a) $\frac{3\pi}{4}$ (b) $\frac{\pi}{4}$ (c) $\frac{5\pi}{6}$ (d) $\frac{\pi}{6}$

95. જો સમાંતર શ્રેણીનાં પ્રથમ n પદોના સરવાળાનું સૂત્ર $S_n = (a-2)n^3 + (b-1)n^2 + (c-3)n + d$ હોય તો સામાન્ય તફાવત d =............ જ્યાં a, b, c, n પર આધારિત નથી.

(a) $b-1$ (b) $2(b-1)$ (c) $2(b+1)$ (d) $2(b-3)$

96. જો ત્રણ ધન વાસ્તવિક સંખ્યાઓ a, b, c સમાંતર શ્રેણીમાં હોય તથા abc = 64 તો b ની ન્યૂનતમ કિંમત ......... છે.

(a) 6 (b) 5 (c) 4 (d) 3

97. જો $\Delta ABC$ માં a, b, c સમાંતર શ્રેણીમાં હોય તો $\cot\frac{A}{2}\cdot\cot\frac{C}{2} =$ ............

(a) 2 (b) $-3$ (c) 3 (d) $-2$

98. જો 2, b, c, 23 સમગુણોત્તર શ્રેણીમાં હોય તો $(b-c)^2 + (c-2)^2 + (23-b)^2 =$ ............

(a) 625 (b) 525 (c) 441 (d) 442

# સૂચનો

1. અહીં સમગુણોત્તર શ્રેણી માટે $a=1$ અને $r=2$

$$\therefore\ S_1 + S_3 + S_5 + \dots\dots\dots + S_{2n-1} = 1 + 1\,\frac{\left(1-2^3\right)}{1-2} + \frac{\left(1-2^5\right)}{1-2} + \dots n \text{ પદ}$$

$$= 1 + 1\left(2^3-1\right) + \left(2^5-1\right) + \dots n \text{ પદ}$$

$$= (2+2^3+2^5+\dots n \text{ પદ}) - (1+1+1+\dots., n \text{ પદ})$$

$$= 2\,\frac{\left(2^{2n}-1\right)}{2^2-1} - n \qquad \because r = 2^2$$

$$= \frac{2^{2n+1}-2-3n}{3} = \frac{1}{3}\left(2^{2n+1}-3n-2\right)$$

2. માગેલ સરવાળો $= \frac{1}{2} + \frac{3}{4} + \frac{7}{8} + \frac{15}{16} + \dots 100$ પદ

$$= \left(1-\frac{1}{2}\right) + \left(1-\frac{1}{4}\right) + \left(1-\frac{1}{8}\right) + \dots 100 \text{ પદ}$$

$$= (1+1+1+\dots, 100 \text{ પદ}) - \left(\frac{1}{2}+\frac{1}{4}+\frac{1}{8}+\dots 100 \text{ પદ}\right)$$

$$= 100 - \frac{1}{2}\,\frac{\left(1-\left(\frac{1}{2}\right)^{100}\right)}{1-\frac{1}{2}}$$

$$= 100 - 1 + \left(\frac{1}{2}\right)^{100} = 2^{-100} + 99$$

3. ત્રિકોણની બાજુઓના માપ સમગુણોત્તર શ્રેણીમાં હોવાથી ધારો કે આ માપ $9, 9r$ અને $9r^2$ છે. $(r>1)$

હવે પરિમિતિ $= 9 + 9r + 9r^2 = 37$

$\therefore\ 9r^2 + 9r - 28 = 0 \qquad \therefore\ (3r+7)(3r-4) = 0$

$\therefore\ r = \frac{-7}{3}$ અથવા $r = \frac{4}{3}$ પરંતુ $r > 1$

હોવાથી $r = \frac{-7}{3}$ શક્ય નથી. $\therefore\ r = \frac{4}{3}$

$\therefore$ બાકીની બે બાજુઓના માપ 12 અને 16

4. આપેલ શરતો પરથી $a + b + c = 25$.....(1), $2a = 2 + b$......(2) અને $c^2 = 18b$ ....(3)

(1) અને (2) પરથી $\frac{2+b}{2} + b + c = 25 \Rightarrow 3b + 2c = 48$ ....(4)

(3) અને (4) પરથી $3\left(\frac{c^2}{18}\right) + 2c = 48 \Rightarrow c^2 + 12c - 288 = 0$

$\Rightarrow (c-12)(c+24) = 0 \Rightarrow c = 12$ અથવા $c = -24$ પરંતુ $c < 0$ શક્ય નથી.

$\therefore c = 12$ $\therefore 144 = 18b$ $\therefore b = 8$ અને $a = 5$

$\therefore a = 5, b = 8, c = 12$

5. માગેલ સંખ્યાઓ $a+6, a-6, a, a+6$ લો.

$\therefore (a-6)^2 = (a+6)\,a \Rightarrow a = 2$

$\therefore$ માંગેલ સંખ્યાઓ $8, -4, 2, 8$

6. $A.M. = \sqrt{10}\,(G.M) \Rightarrow \frac{a+b}{2} = \sqrt{10}\sqrt{ab}$

$\Rightarrow (a+b)^2 = 40ab \Rightarrow a^2 + b^2 = 38ab \Rightarrow \frac{a^2+b^2}{2ab} = 19$

$\Rightarrow \frac{a^2+b^2-2ab}{a^2+b^2+2ab} = \frac{18}{20} \Rightarrow \left(\frac{a-b}{a+b}\right)^2 = \frac{9}{10} \Rightarrow \frac{a-b}{a+b} = \frac{3}{\sqrt{10}}$

7. અહીં $H = 4$ અને $G = 3\sqrt{2} \Rightarrow \frac{2ab}{a+b} = 4$ અને $ab = G^2 = 18$

$\Rightarrow 2(18) = 4(a+b) \Rightarrow a + b = 9 \Rightarrow a = 3, b = 6$

$\Rightarrow [a, b] = [3, 6]$

8. G.P. માં આવેલી ત્રણ સંખ્યાઓ $a, ar, ar^2$ લો.

$A = \frac{14}{3} \Rightarrow \frac{a + ar + ar^2}{3} = \frac{14}{3} \Rightarrow a + ar + ar^2 = 14$ ....(1)

તથા $a+1, ar+1, ar^2-1$ સમાંતર શ્રેણીમાં છે. $\Rightarrow a + 1 + ar^2 - 1 = 2(ar + 1)$

$\Rightarrow a + ar^2 = 2ar + 2 \Rightarrow ar^2 - 2ar + a = 2$ ....(2)

હવે (1) $\div$ (2) $\Rightarrow \frac{1+r+r^2}{r^2-2r+1} = \frac{14}{2} = 7 \Rightarrow 2r^2 - 5r + 2 = 0$

$\Rightarrow r = 2$ અથવા $r = \dfrac{1}{2}$

જો $r = 2$ તો (1) પરથી $a = 2$

$\therefore$ માગેલી સંખ્યાઓ 2, 4, 8

$\therefore\ a^2 + (ar)^2 + (ar^2)^2 = 4 + 16 + 64 = 84$

9. અહીં $b = \dfrac{2ac}{a+c}$, $c^2 = bd$ અને $\dfrac{c+e}{2} = d$

$\therefore c^2 = \left(\dfrac{2ac}{a+c}\right) \cdot \left(\dfrac{c+e}{2}\right) \Rightarrow c\,(a+c) = a\,(c+e) \Rightarrow c^2 = ae$

$\therefore$ a અને e વચ્ચેનો સમગુણોત્તર મધ્યક $= c$

10. ac અને ab વચ્ચેનો ગુણોત્તર મધ્યક d છે. $\therefore d^2 = ac \cdot ab = a^2bc$

આજ રીતે $e^2 = ab^2c$ અને $f^2 = abc^2$

હવે a, b, c સમાંતર શ્રેણીમાં છે.

$\Rightarrow a^2bc, ab^2c, abc^2$ સમાંતર શ્રેણીમાં છે.

$\Rightarrow d^2, e^2, f^2$ સમાંતર શ્રેણીમાં છે.

11. અહીં $p, A_1, A_2, q$ સમાંતર શ્રેણીમાં છે. $\Rightarrow A_1 + A_2 = p + q$

અને $p, G_1, G_2, q$ ગુણોત્તર શ્રેણીમાં છે. $\Rightarrow G_1\,G_2 = pq$

તથા $p, H_1, H_2, q$ સ્વરિત શ્રેણીમાં છે. $\Rightarrow \dfrac{1}{H_1} - \dfrac{1}{p} = \dfrac{1}{q} - \dfrac{1}{H_2}$

$$\Rightarrow \frac{1}{H_1} + \frac{1}{H_2} = \frac{1}{p} + \frac{1}{q}$$

$$\Rightarrow \frac{H_2 + H_1}{H_1H_2} = \frac{q+p}{pq} = \frac{A_1 + A_2}{G_1G_2}$$

$$\Rightarrow \frac{G_1G_2}{H_1H_2} = \frac{A_1 + A_2}{H_1 + H_2}$$

12. $\Sigma\left\{\Sigma\, 2^{1-n}\right\} = \Sigma\left(1 + \dfrac{1}{2} + \dfrac{1}{4} + \dfrac{1}{8} + \ldots n \text{ પદ}\right)$

$$= \Sigma\, 2\left(1 - \frac{1}{2^n}\right)$$

$$= 2\left(\Sigma 1 - \Sigma \frac{1}{2^n}\right)$$

$$= 2n - 2\left(\frac{1}{2} + \frac{1}{4} + \frac{1}{8} + ... + \frac{1}{2^n}\right)$$

$$= 2n - \left(1 + \frac{1}{2} + \frac{1}{4} + ... + \frac{1}{2^{n-1}}\right)$$

$$= 2n - \frac{\left(1 - \frac{1}{2^n}\right)}{1 - \frac{1}{2}}$$

$$= 2n - 2\left(1 - \frac{1}{2^n}\right) = 2n - 2 + 2^{1-n}$$

13. $(6 + 60 + 600 + ....n$ પદ$)^2 + (8 + 80 + 800 + ....n$ પદ$)$

$= 36(1 + 10 + 100 + .....n$ પદ$)^2 + 8(1 + 10 + 100 + .....n$ પદ$)$

$$= 36\left(\frac{10^n - 1}{10 - 1}\right)^2 + 8\left(\frac{10^n - 1}{10 - 1}\right)$$

$$= 36\left(\frac{10^{2n} - 2.10^n + 1}{9 \times 9}\right) + 8\left(\frac{10^n - 1}{9}\right)$$

$$= \frac{4}{9}\left(10^{2n} - 2.10^n + 1 + 2.10^n - 2\right) = \frac{4}{9}\left(10^{2n} - 1\right)$$

$= 4\left(\frac{10^{2n} - 1}{10 - 1}\right) = 4\ (1 + 10 + 100 + ...2n$ પદ$)$

$= 4 + 40 + 400 + ...2n$ પદ

$= 444...2n$ પદ $\qquad = 444...k$ વખત

$\therefore k = 2n$

14. સમાંતર શ્રેણી $\{T_n\}$ માટે $T_{m+1}$, $T_{n+1}$ અને $T_{r+1}$ સમગુણોત્તર શ્રેણીમાં છે.

$\therefore T^2_{n+1} = T_{m+1} \cdot T_{r+1}$

$\therefore (a + nd)^2 = (a + md)(a + rd)$

$\therefore (2n - m - r)a = (mr - n^2)d \quad ....(1) \qquad \because d \neq 0$

તથા m, n, r સ્વરિત શ્રેણીમાં છે. $\Rightarrow n = \dfrac{2mr}{m+n} \Rightarrow mr = \dfrac{n(m+r)}{2}$

હવે (i) $\Rightarrow (2n - m - r)a = \left\{\dfrac{n(m+r)}{2} - n^2\right\} d = \dfrac{n}{2}(m + r - 2n)d$

$\Rightarrow a = \dfrac{-n}{2} d \qquad \Rightarrow d = \dfrac{-2a}{n}$

15. $2 + 6 + 12 + 20 + \ldots 100$ પદ

$= (1^2 + 1) + (2^2 + 2) + (3^2 + 3) + \ldots 100$ પદ

$= \left[\sum n^2 + \sum n\right]_{n=100} = \left[\dfrac{n(n+1)(n+2)}{3}\right]_{n=100}$

$= \dfrac{100 \times 101 \times 102}{3}$

$= \dfrac{1030200}{3}$

16. $\displaystyle\sum_{r=1}^{n-1} \frac{1}{a_r\, a_{r+1}} = \frac{1}{d}\sum_{r=1}^{n-1} \frac{d}{a_r \cdot a_{r+1}} = \frac{1}{d}\sum_{r=1}^{n-1} \frac{a_{r+1} - a_r}{a_r\, a_{r+1}}$

$= \displaystyle\frac{1}{d}\sum_{r=1}^{n-1}\left(\frac{1}{a_r} - \frac{1}{a_{r+1}}\right)$

$= \dfrac{1}{d}\left(\dfrac{1}{a_1} - \dfrac{1}{a_2} + \dfrac{1}{a_2} - \dfrac{1}{a_3} + \ldots + \dfrac{1}{a_{n-1}} - \dfrac{1}{a_n}\right)$

$= \dfrac{1}{d}\left(\dfrac{1}{a_1} - \dfrac{1}{a_n}\right) = \dfrac{1}{d}\left(\dfrac{a_n - a_1}{a_1\, a_n}\right) = \dfrac{1}{d}\left(\dfrac{(n-1)d}{a_1\, a_n}\right) = \dfrac{n-1}{a_1\, a_n}$

17. $\displaystyle\sum_{i=1}^{n} S_i = \sum_{i=1}^{n} \frac{a}{1-r} = \frac{1}{1-\frac{1}{2}} + \frac{2}{1-\frac{1}{3}} + \frac{3}{1-\frac{1}{4}} + \ldots + \frac{n}{1-\frac{1}{n+1}}$

$= 2 + 3 + 4 + \ldots + (n+1)$

$= \dfrac{n}{2}\left[4 + (n-1)\right] = \dfrac{n(n+3)}{2}$

18. $S_n = 1 + 3 + 7 + 13 + ... + a_n$

$S_n = \quad 1 + 3 + 7 + ... + a_{n-1} + a_n$

$\underline{- \qquad - \quad - \quad - \qquad - \qquad -}$

$0 = 1 + 2 + 4 + 6 + ... + (a_n - a_{n-1}) - a_n$

$\therefore a_n = 1 + [2 + 4 + 6 + ... (n-1)$ પદ$]$

$= 1 + \left(\frac{n-1}{2}\right)[4 + (n-2)\,2] = 1 + (n-1)(n)$

$= n^2 - n + 1$

$\therefore Sn = \Sigma\left(n^2 - n + 1\right)$

$= \frac{n\left(n^2 + 2\right)}{3}$

$\therefore 1 + 3 + 7 + 13 + ... 100$ પદ $= 100\,\frac{(10000 + 2)}{3} = \frac{1000200}{3}$

19. $1 + 5 + 14 + 30 + ... n$ પદ

$= 1^2 + \left(2^2 + 1^2\right) + \left(1^2 + 2^2 + 3^2\right) + ... n$ પદ

$= \Sigma\left(\Sigma n^2\right) = \Sigma\,\frac{n(n+1)(2n+1)}{6} = \frac{n(n+1)^2(n+2)}{12}$

20. $4 + 18 + 48 + 100 + ... n$ પદ

$= \Sigma\, n(n+1)^2 = \Sigma\left(n^3 + 2n^2 + n\right) = \frac{n(n+1)(n+2)(3n+5)}{12}$

21. $2 + 12 + 36 + 80 + ... n$ પદ

$= \Sigma n^2 (n+1)$

$= \Sigma\, n^3 + \Sigma n^2$

$= \frac{n(n+1)(n+2)(3n+1)}{12}$

22. $\frac{3}{4} + \frac{5}{36} + \frac{7}{144} + \frac{9}{400} + ... \infty$

$= \frac{3}{(1\times 2)^2} + \frac{5}{(2\times 3)^2} + \frac{7}{(3\times 4)^2} + \frac{9}{(4\times 5)^2} + ... \infty$

$$= \frac{2^2 - 1^2}{1^2 \times 2^2} + \frac{3^2 - 2^2}{2^2 \times 3^2} + \frac{4^2 - 3^2}{3^2 \times 4^2} + \ldots\infty$$

$$= \left(\frac{1}{1^2} - \frac{1}{2^2}\right) + \left(\frac{1}{2^2} - \frac{1}{3^2}\right) + \left(\frac{1}{3^2} - \frac{1}{4^2}\right) + \ldots\infty$$

$$= 1$$

23. માગેલો સરવાળો $= \Sigma\left(\frac{\Sigma n^3}{n}\right) = \Sigma \frac{n^2(n+1)^2}{4n}$

$$= \frac{1}{4}\Sigma\left(n^3 + 2n^2 + n\right)$$

$$= \frac{n(n+1)(n+2)(3n+5)}{48}$$

24. $a_n = \frac{1^3 + 2^3 + 3^3 + \ldots + n^3}{1 + 2 + 3 \ldots + n} = \frac{\Sigma n^3}{\Sigma n} = \frac{(\Sigma n)^2}{\Sigma n} = \Sigma n = \frac{n(n+1)}{2}$

$$\therefore \Sigma a_n = \Sigma \frac{n(n+1)}{2} = \frac{1}{6}n(n+1)(n+2)$$

માગેલો સરવાળો $= [\Sigma a_n]_{n=15} = \left[\frac{1}{6}n(n+1)(n+2)\right]_{n=15}$

$$= \frac{1}{6} \times 15 \times 16 \times 17 = 5 \times 8 \times 17$$

$$= 680$$

25. $a_n = \frac{1}{(3n-1)(3n+2)} = \frac{1}{3} \times \frac{(3n+2)-(3n-1)}{(3n-1)(3n+2)}$

$$= \frac{1}{3}\left[\frac{1}{3n-1} - \frac{1}{3n+2}\right]$$

$$\Sigma a_n = \frac{1}{3}\Sigma\left(\frac{1}{3n-1} - \frac{1}{3n+2}\right)$$

$$= \frac{1}{3}\left[\left(\frac{1}{2} - \frac{1}{5}\right) + \left(\frac{1}{5} - \frac{1}{8}\right) + \ldots + \left(\frac{1}{3n-1} - \frac{1}{3n+2}\right)\right]$$

$$= \frac{1}{3}\left[\frac{1}{2} - \frac{1}{3n+2}\right] = \frac{n}{2(3n-2)}$$

$\therefore$ માગેલો સરવાળો $= \left[\frac{n}{2(3n+2)}\right]_{n=100} = \frac{100}{2\,(302)} = \frac{25}{151}$

26. $S_{10} = 1 + 3 + 7 + 15 + ...10$ પદ

$= (2^1 - 1) + (2^2 - 1) + (2^3 - 1) + ...10$ પદ

$= (2 + 2^2 + 2^3 + ....10$ પદ$) - (1 + 1 + 1 + ..... + 1 \quad 10$ પદ$)$

$= 2\,\frac{(2^{10} - 1)}{2 - 1} - 10 = 2^{11} - 2 - 10 = 2048 - 12$

$= 2036$

27. $\tan^{-1}\frac{1}{3} = \tan^{-1}\frac{2-1}{1 + 2\cdot 1} = \tan^{-1} 2 - \tan^{-1} 1$

$\tan^{-1}\frac{1}{7} = \tan^{-1}\frac{3-2}{1+3\cdot 2} = \tan^{-1} 3 - \tan^{-1} 2$

$\tan^{-1}\frac{1}{9703} = \tan^{-1}\frac{99-98}{1+99\cdot 98} = \tan^{-1} 99 - \tan^{-1} 98$

$\therefore$ માગેલો સરવાળો $= \tan^{-1} 2 - \tan^{-1} 1 + \tan^{-1} 3 - \tan^{-1} 2 + ... + \tan^{-1} 99 - \tan^{-1} 98$

$= \tan^{-1} 99 - \tan^{-1} 1$

$= \tan^{-1}\frac{99-1}{1+99\cdot 1} = \tan^{-1}\frac{98}{100} = \tan^{-1}(0.98)$

28. અહીં a અને b નો સમાંતર મધ્યક $\frac{a^{n+1} + b^{n+1}}{a^n + b^n}$ છે.

$\Rightarrow \frac{a+b}{2} = \frac{a^{n+1} + b^{n+1}}{a^n + b^n}$

$\Rightarrow a^{n+1} + a\cdot b^n + b\cdot a^n + b^{n+1} = 2a^{n+1} + 2b^{n+1}$

$\Rightarrow ab^n + ba^n = a^{n+1} + b^{n+1}$

$\Rightarrow ab^n - b^{n+1} = a^{n+1} - ba^n$

$\Rightarrow b^n(a - b) = a^n(a - b)$

$\Rightarrow b^n = a^n \Rightarrow n = 0$

29. અહીં a અને b નો ગુણોત્તર મધ્યક $= \dfrac{a^{n+1} + b^{n+1}}{a^n + b^n}$

$$\Rightarrow \left(\frac{a^{n+1} + b^{n+1}}{a^n + b^n}\right)^2 = ab$$

$$\Rightarrow a^{2n+2} + b^{2n+2} + 2(ab)^{n+1} = ab\left(a^{2n} + b^{2n} + 2a^n b^n\right)$$

$$\Rightarrow a^{2n+2} + b^{2n+2} + 2a^{n+1} b^{n+1} = a^{2n+1} \cdot b + b^{2n+1} \cdot a + 2a^{n+1} b^{n+1}$$

$$\Rightarrow a^{2n+1}(a-b) = b^{2n+1}(a-b)$$

$$\Rightarrow a^{2n+1} = b^{2n+1}$$

$$\Rightarrow 2n + 1 = 0 \quad \Rightarrow n = -\frac{1}{2} \qquad (\because a \neq b)$$

30. અહીં a તથા b નો સ્વરિત મધ્યક $= \dfrac{a^{n+1} + b^{n+1}}{a^n + b^n}$

$$\therefore \frac{2ab}{a+b} = \frac{a^{n+1} + b^{n+1}}{a^n + b^n}$$

$$\therefore 2a^{n+1} b + 2a\, b^{n+1} = a^{n+2} + ab^{n+1} + ba^{n+1} + b^{n+2}$$

$$\therefore b^{n+1}(a-b) = a^{n+1}(a-b)$$

$$\therefore b^{n+1} = a^{n+1}$$

$$\therefore n+1 = 0$$

$$\therefore n = -1$$

31. અહીં $T_n = \log\left(\dfrac{a^n}{b^{n-1}}\right)$ અને $T_{n+1} = \log\left(\dfrac{a^{n+1}}{b^n}\right)$

$$\therefore T_{n+1} - T_n = \log\left(\frac{a^{n+1}}{b^n} \times \frac{b^{n-1}}{a^n}\right) = \log\frac{a}{b} \neq 0$$

$\therefore \{T_n\}$ સમાંતર શ્રેણીમાં છે.

32. ac અને ab નો ગુણોત્તર મધ્યક d હોવાથી $d^2 = a^2 bc$

આજ રીતે $e^2 = ab^2c$, અને $f^2 = abc^2$

હવે a, b, c સમાંતર શ્રેણીમાં છે.

$\Rightarrow$ $a^2bc,\ ab^2c,\ abc^2$ સમાંતર શ્રેણીમાં છે.

$\Rightarrow$ $d^2, e^2, f^2$ સમાંતર શ્રેણીમાં છે.

$\Rightarrow$ $d^2 + de + ef + df, e^2 + de + ef + df, f^2 + de + ef + df$ સમાંતર શ્રેણીમાં છે.

$\Rightarrow$ $(d+e)(d+f), (e+d)(e+f), (f+d)(f+e)$ સમાંતર શ્રેણીમાં છે.

$\Rightarrow$ $\frac{1}{e+f}, \frac{1}{d+f}, \frac{1}{d+e}$ સમાંતર શ્રેણીમાં છે.

$\Rightarrow$ $e+f, f+d, d+e$ સ્વરિત શ્રેણીમાં છે.

33. ધારો કે માગેલી ત્રણ સંખ્યાઓ $\frac{a}{r}, a, ar$ છે.

હવે $\frac{a}{r} + a + ar = 13 \ldots\ldots (i)$ અને $\frac{a^2}{r^2} + a^2 + a^2r^2 = 91 \ldots\ldots (ii)$

(i) $\Rightarrow \left(\frac{a}{r} + a + ar\right)^2 = 169$

$$\Rightarrow \left(\frac{a^2}{r^2} + a^2 + a^2r^2\right) + 2\left(\frac{a^2}{r} + a^2 + a^2r\right) = 169$$

$$\Rightarrow 91 + 2a\left(\frac{a}{r} + a + ar\right) = 169$$

$$\Rightarrow 2a(13) = 78 \Rightarrow 26a = 78 \Rightarrow a = 3$$

(i) માં $a = 3$ મૂકતાં $\frac{3}{r} + 3 + 3r = 13$

$\Rightarrow 3r^2 + 3r - 13r + 3 = 0$

$\Rightarrow 3r^2 - 10r + 3 = 0$

$\Rightarrow (r-3)(3r-1) = 0$

$\Rightarrow r = 3$ અથવા $r = \frac{1}{3}$

જો $a = 3, r = 3$ તો માગેલી સંખ્યાઓ 1, 3, 9

જો $a = 3$ $r = \frac{1}{3}$ તો માગેલી સંખ્યાઓ 9, 3, 1

$\therefore$ સાચો જવાબ (B) 1, 3, 9 છે.

34. $S_1 = \frac{n}{2}\left[2+(n-1)\right],\ S_2 = \frac{n}{2}\left[4+(n-1)3\right].....S_n = \frac{n}{2}\left[2a+(n-1)(2n-1)\right]$

$\therefore \sum_{r=1}^{n} S_r = \frac{n}{2}\left[2+4+6...+2n\right]+\frac{n(n-1)}{2}\left[1+3+5...+(2n-1)\right]$

$= \frac{n}{2}2\Sigma n + \frac{n(n-1)}{2}\cdot\frac{n}{2}\left[1+2n-1\right]$

$= n\ \frac{n(n+1)}{2} + \frac{n(n-1)}{2}n^2 = \frac{n^2}{2}\left[n+1+n^2-n\right] = \frac{n^2(n^2+1)}{2}$

35. $0.4 + 0.44 + 0.444 + ...2n$ પદ

$= 4\left[0.1 + 0.11 + 0.111 + ........2n\right]$ પદ]

$= \frac{4}{9}\left[0.9 + 0.99 + 0.999 + ...2n\right]$ પદ]

$= \frac{4}{9}\left[(1-0.1)+(1-0.01)+(1-0.001)+...2n\right.$ પદ]

$= \frac{4}{9}\ [2n-(0.1+0.01+0.001+...2n$ પદ)]

$= \frac{4}{9}\left[2n-0.1\ \frac{\left(1-(0.1)^{2n}\right)}{1-0.1}\right]$

$= \frac{4}{9}\left[2n-\frac{1}{9}\left(1-\frac{1}{100^n}\right)\right] = \frac{4}{9}\ \frac{\left[18n-1+100^{-n}\right]}{9}$

$= \frac{4}{81}\left[18n-1+100^{-n}\right]$

36. સમગુણોત્તર શ્રેણી માટે $T_{11}, T_{13}, T_{15}$ અનુક્રમે $T_{11} = ar^{10}$ $T_{13} = ar^{12}$ $T_{15} = ar^{14}$ છે.

હવે, $T_{11}\cdot T_{15} = a^2r^{24} = \left(ar^{12}\right)^2 = \left(T_{13}\right)^2$

તેથી $T_{11}, T_{13}, T_{15}$ સમગુણોત્તર શ્રેણીમાં છે.

37. $\frac{b+c-a}{a},\quad \frac{c+a-b}{b}\quad ,\frac{a+b-c}{c}$ સમાંતર શ્રેણીમાં છે.

$\therefore\ \frac{b+c-a}{a}+2,\qquad \frac{c+a-b}{b}+2,\quad \frac{a+b-c}{c}+2$ સમાંતર શ્રેણીમાં છે.

$\therefore \dfrac{b+c+a}{a}, \quad \dfrac{c+a+b}{b}, \quad \dfrac{a+b+c}{c}$ સમાંતર શ્રેણીમાં છે.

$\therefore \dfrac{1}{a}, \dfrac{1}{b}, \dfrac{1}{c}$ સમાંતર શ્રેણીમાં છે.

$\therefore$ a, b, c સ્વરિત શ્રેણીમાં છે.

38. અહીં $a = 1, \; S_{101} = 0 \Rightarrow \dfrac{101}{2}[2 + 100d] = 0 \Rightarrow d = -\dfrac{1}{50}$

$\therefore$ પછીનાં 100 પદોનો સરવાળો $= S_{201} - S_{101} = S_{201} - 0 = S_{201}$

$= \dfrac{201}{2}\left[2(1) + 200\left(-\dfrac{1}{50}\right)\right] = \dfrac{201}{2}(2-4) = -201$

39. અહીં $7, A_1, A_2, \dfrac{1}{7}$ સમાંતર શ્રેણીમાં છે.

$\Rightarrow A_1 - 7 = A_2 - A_1 = \dfrac{1}{7} - A_2$

$\Rightarrow 2A_1 - A_2 = 7$ અને $2A_2 - A_1 = \dfrac{1}{7}$

$\Rightarrow (2A_1 - A_2)(2A_2 - A_1) = 7.\dfrac{1}{7} = 1$

40. સમાંતર શ્રેણી માટે $S_{100} = 3S_{50} \Rightarrow \dfrac{100}{2}[2a + 99d] = 3.\dfrac{50}{2}[2a + 49d]$

$\Rightarrow 2a = 51d$

$\therefore \dfrac{S_{150}}{S_{50}} = \dfrac{\dfrac{150}{2}(51d + 149d)}{\dfrac{50}{2}(51d + 49d)} = \dfrac{3(200d)}{100d} = 6$

41. $d = \dfrac{b-a}{n+1} = \dfrac{31-1}{n+1} = \dfrac{30}{n+1}$................(1)

તથા $\dfrac{A_7}{A_{n-1}} = \dfrac{5}{9} \Rightarrow \dfrac{1+7d}{31-2d} = \dfrac{5}{9} \Rightarrow d = 2$.........(2)

(1) અને (2) પરથી $\dfrac{30}{n+1} = 2 \Rightarrow n+1 = 15 \Rightarrow n = 14$

42. જો a, ar, $ar^2$,...$\frac{\ell}{r}$, $\ell$ સમગુણોત્તર શ્રેણી હોય તો $\ell, \frac{\ell}{r}, \frac{\ell}{r^2} \ldots ar^2, ar, a$ પણ સમગુણોત્તર શ્રેણી થાય જેનુ

પ્રથમ પદ $= \ell = 1024$ અને સામાન્ય ગુણોત્તર $= \frac{1}{r} = \frac{1}{2}$ થાય.

$\therefore$ માગેલુ પદ $= \ell\left(\frac{1}{r}\right)^{20-1} = 1024\left(\frac{1}{2}\right)^{19} = \frac{1}{512}$

43. ધારોકે $S = 1 + 2.2 + 3.2^2 + 4.2^3 + \ldots + 50.2^{49} \ldots\ldots\ldots(1)$

$\therefore 2S = 2 + 2.2^2 + 3.2^3 + \ldots + 49.2^{49} + 50.2^{50} \ldots\ldots\ldots(2)$

(2) - (1) $\Rightarrow S = -1 - (1.2 + 1.2^2 + 1.2^3 + \ldots 49$ પદ $) + 50.2^{50}$

$= -1 - 2\,\frac{(2^{49} - 1)}{2 - 1} + 50.2^{50} = -1 - 2^{50} + 2 + 50.2^{50}$

$= 1 + 49.2^{50}$

44. જો સામાન્ય ગુણોત્તર r હોય તો પ્રથમ 2n પદોનો ગુણાકાર

$= p = a\,(ar)\,(ar^2)\ldots\left(\frac{\ell}{r}\right).\,\ell \ldots\ldots\ldots(1)$

તથા $p = \ell\left(\frac{\ell}{r}\right)\left(\frac{\ell}{r^2}\right)\ldots(ar)\,a \ldots\ldots\ldots(2)$

(1) $\times$ (2) $\Rightarrow p^2 = (a\ell)\,(a\ell)\,(a\ell)\ldots 2n$ અવયવ $\Rightarrow p = (a\ell)^n$

45. $n = 1$ લેતાં $1 \times 1! = 1$

(A) $(n+1)! - n = 2! - 1 = 1$

(B) $(n+1)! - 1 = 2! - 1 = 1$

(C) $n! - 1 + n = 1 - 1 + 1 = 1$

(D) $n! + 1 - n = 1 + 1 - 1 = 1$

$n = 1$ માટે ચારેય વિકલ્પ સત્ય છે.

$n = 2$ માટે

(A) $(n+1)! - n = 3! - 2 = 4 \neq 5$

(B) $(n+1)! - 1 = 3! - 1 = 5$

(C) $n! - 1 + n = 2 - 1 + 2 = 3$

(D) $n! + 1 - n = 2 + 1 - 2 = 1$

$n = 2$ માટે ફક્ત વિકલ્પ B સત્ય છે.

માટે સાચો જવાબ (B) છે.

**બીજી રીત**

માગેલ સરવાળો $= \sum n\, n!$

$= \sum [(n+1)-1]n!$

$= \sum (n+1)! - n!$

$= \sum (n+1)! - \sum n!$

$= [(n+1)! + n! + (n-1)! + ...2! + 1] - [n! + (n-1)! + ... + 2! + 1!]$

$= (n+1)! - 1$

46. અહીં $n = 35,\ d = -3,\ \ell = -50$

$\therefore\ \ell = a + (n-1)d = a + 34(-3) = a + (-102)$

$\therefore\ -50 + 102 = a \qquad \therefore\ a = 52$

હવે $S_{35} = \frac{35}{2}[2(52) + 34(-3)] = \frac{35}{2}[104 - 102] = 35$

47. અહીં $a + (p-1)d = \frac{1}{qr}$ અને $a + (q-1)d = \frac{1}{pr}$

$\therefore\ a = d = \frac{1}{pqr}$

$\therefore\ a + (r-1)d = \frac{1}{pqr} + (r-1)\frac{1}{pqr} = \frac{1}{pq}$

48. અહીં $A = \{4k - 1 / 1 \le k \le 102, k \in N\}$ અને

$B = \{7k - 5 / 1 \le k \le 102, k \in N\}$

જો $x \in A \cap B$ તો કોઈક $n, m \in N$ માટે $4n - 1 = 7m - 5$

$\therefore\ m = \frac{4n+4}{7}$, $m, n = 1, 2...102$

$\therefore\ n = 6, 13, 21...98 \qquad \therefore\ n(A \cap B) = \frac{98}{7} = 14$

49. સામાન્ય તફાવત $= T_2 - T_1 = (T_1 + T_2) - 2T_1 = S_2 - 2S_1$

$= (2a + 4b) - 2(a + b)$

$= 2b$

50. માગેલ સરવાળો $= - d\,(a_1 + a_2) - d\,(a_3 + a_4) - \dots - (a_{99} + a_{100})$

$$= = -d\frac{1}{100}(a_1 + a_{100}) \times \frac{a_1 - a_{100}}{a_1 - a_{100}}$$

$$= \frac{-50d(a_1^{\,2} - a_{100}^2)}{a_1 - (a_1 + 99d)}$$

$$= \frac{50}{99}(a_1^2 - a_{100}^2)$$

51. જો બીજ $\alpha$, $\beta$ હોય તો $\alpha+\beta = \frac{1}{\alpha^2}+\frac{1}{\beta^2} \Rightarrow \alpha+\beta = \frac{(\alpha+\beta)^2 - 2\alpha\beta}{(\alpha\beta)^2}$

$$\Rightarrow -\frac{b}{a} = \frac{\frac{b^2}{a^2} - 2\frac{c}{a}}{\frac{c^2}{a^2}} \qquad \Rightarrow ab^2 + bc^2 = 2a^2c$$

$\therefore\ bc^2,\ ca^2,\ ab^2$ સમાંતર શ્રેણીમાં છે.

55. આપેલ શ્રેણી $\frac{1}{1+\sqrt{x}}, \frac{1}{1-x}, \frac{1}{1-\sqrt{x}}, \dots$ છે.

$\therefore\ \frac{1-\sqrt{x}}{1-x}, \frac{1}{1-x}, \frac{1+\sqrt{x}}{1-x} \dots$ જે સમાંતર શ્રેણી છે.

જેનો સામાન્ય તફાવત $d = \frac{\sqrt{x}}{1-x}$ અને $T_1 = a = \frac{1-\sqrt{x}}{1-x}$ છે.

$\therefore\ T_n = a + (n-1)\,d = \frac{1-\sqrt{x}}{1-x} + (n-1)\frac{\sqrt{x}}{1-x}$

$= \frac{1+\sqrt{x}\,(n-2)}{1-x}$

56. $a - (a+b) + (a+2d) - (a+3d) + \dots 50$ પદ

$= (-d) + (-d) + (-d) + \dots 25$ પદ

$-25d$

57. અહીં પ્રથમ પદ $= a$, છેલ્લુ પદ $= x$ અને સામાન્ય તફાવત $= b - a$

$\therefore\ \ell = a + (n-1)\,D \Rightarrow n = \frac{x-a+D}{D} = \frac{x-a+b-a}{c-b} = \frac{x+b-2a}{c-b}$

58. ધારોકે ત્રિકોણની બાજુઓનાં માપ $a-d, a, a+d$  $d>0$ છે.

$\therefore (a+d)^2 = a^2 + (a-d)^2 \Rightarrow a = 4d$

$\therefore$ ત્રણ બાજુઓનાં માપ 3d, 4d, 5d થાય.

$\therefore \sin A + \sin C = \frac{4d}{5d} + \frac{3d}{5d} = \frac{7}{5}$

59. અહીં $2\log_3 (2^x - 5) = \log_3 2 + \log_3 \left(2^x - \frac{7}{2}\right)$

$\Rightarrow (2^x - 5)^2 = 2\left(2^x - \frac{7}{2}\right)$

$\Rightarrow t^2 - 12t + 32 = 0$ $\quad \because 2^x = t$

$\Rightarrow t = 4, 8 \quad \Rightarrow x = 2, 3$

પરંતુ $x = 2$ શક્ય નથી.

$\therefore x = 3$

60. ધારોકે $a, ar, ar^2$ સમગુણોત્તર શ્રેણી છે.

$\therefore \alpha = a_2 + a_4 + a_6 + ... + a_{200} = ar + ar^3 + ar^5 + ........ + ar^{199}$

$= ar\ (1 + r^2 + r^4 + ... + r^{198})$.........(1)

અને $\beta = a\ (1 + r^2 + r^4 + ... + r^{198})$...........(2)

$(1) \div (2) \Rightarrow r = \frac{\alpha}{\beta}$

61. p, q, r સમાંતર શ્રેણીમાં હોવાથી $2q = p + r \Rightarrow (2^p)^{2q} = (2^p)^{p+r}$

$\Rightarrow 2^{2pq} = 2^{p^2} \cdot 2^{pr} \Rightarrow (2^{pq})^2 = 2^{p^2} \cdot 2^{pr}$

$\therefore 2^{p^2}, 2^{pq}, 2^{pr}$ સમગુણોત્તર શ્રેણીમાં છે.

62. A, B, C સમાંતર શ્રેણીમાં છે. $\therefore 2B = A + C = 180^\circ - B \Rightarrow B = 60^\circ$

$\therefore \cos B = \frac{c^2 + a^2 - b^2}{2ac} \Rightarrow \frac{1}{2} = \frac{c^2 + a^2 - b^2}{2ac} \Rightarrow b^2 = a^2 + c^2 - ac$

63. $\frac{1}{3} + \frac{2}{3^2} + \frac{1}{3^3} + \frac{2}{3^4} + ...$ અનંત પદ

$$= \left( \frac{1}{3} + \frac{1}{3^3} + \frac{1}{3^5} + \dots \text{અનંત પદ} \right) + 2\left( \frac{1}{3^2} + \frac{1}{3^4} + \frac{1}{3^6} + \dots \text{અનંત પદ} \right)$$

$$= \frac{\frac{1}{3}}{1-\frac{1}{9}} + \frac{2\left(\frac{1}{9}\right)}{1-\frac{1}{9}} = \frac{3}{8} + \frac{2}{8} = \frac{5}{8}$$

64. ધારો કે $S = 1 + \frac{4}{5} + \frac{7}{5^2} + \frac{10}{5^3} + \dots\infty\dots\dots(i)$

$$\therefore \frac{1}{5}S = \frac{1}{5} + \frac{4}{5^2} + \frac{7}{5^3} + \dots\infty\dots\dots(ii)$$

$$(i) - (ii) \Rightarrow \frac{4}{5}S = 1 + \left( \frac{3}{5} + \frac{3}{5^2} + \frac{3}{5^3} + \dots \right)$$

$$= 1 + \frac{\frac{3}{5}}{1-\frac{1}{5}} = \frac{7}{4}$$

$$\therefore S = \frac{7}{4} \times \frac{5}{4} = \frac{35}{16}$$

65. $\sec(x-y), \sec x, \sec(x+y)$ સમાંતર શ્રેણીમાં છે.

$$\Rightarrow \frac{2}{\cos x} = \frac{\cos(x+y) + \cos(x-y)}{\cos(x-y)\cos(x+y)}$$

$$\Rightarrow 2(\cos^2 x - \sin^2 y) = \cos x\,(2\cos x \cos y)$$

$$\Rightarrow \cos^2 x\,(1-\cos y) = \sin^2 y$$

$$\Rightarrow \cos^2 x = 2\cos^2\left(\frac{y}{2}\right) \qquad \because \cos y \neq 1$$

$$\Rightarrow \cos x \sec\left(\frac{y}{2}\right) = \pm\sqrt{2}$$

66. $\frac{1}{2} + \frac{3}{4} + \frac{3}{8} + \frac{15}{16} + \dots n$ પદ

$$= \left(1 - \frac{1}{2}\right) + \left(1 - \frac{1}{4}\right) + \left(1 - \frac{1}{8}\right) + \left(1 - \frac{1}{16}\right) + \dots n \text{ પદ}$$

$$= n - \left(\frac{1}{2} + \frac{1}{4} + \frac{1}{8} + \ldots n \text{ પદ}\right)$$

$$= n - \frac{a\left(1 - \left(\frac{1}{2}\right)^n\right)}{1 - \frac{1}{2}}$$

$$= n - \frac{1}{2}\frac{\left(1 - \frac{1}{2^n}\right)}{\frac{1}{2}}$$

$$= n - 1 + \frac{1}{2^n}$$

$$= n - 1 + 2^{-n}$$

67. $\frac{1}{a}, \frac{1}{b}, \frac{1}{c}$ સમાંતર શ્રેણીમાં હોવાથી $\frac{1}{a} + \frac{1}{c} = \frac{2}{b}$

$$\therefore \left(\frac{1}{a} + \frac{1}{b} - \frac{1}{c}\right)\left(\frac{1}{b} + \frac{1}{c} - \frac{1}{a}\right) = \left\{\frac{1}{b} + \left(\frac{1}{a} - \frac{1}{c}\right)\right\}\left\{\frac{1}{b} - \left(\frac{1}{a} - \frac{1}{c}\right)\right\}$$

$$= \left(\frac{1}{b}\right)^2 = \left(\frac{1}{a} - \frac{1}{c}\right)^2$$

$$= \frac{1}{b^2} - \left\{\left(\frac{1}{a} + \frac{1}{c}\right)^2 - \frac{4}{ac}\right\}$$

$$= \frac{1}{b^2} - \left(\frac{2}{b}\right)^2 + \frac{4}{ac} = \frac{4}{ac} - \frac{3}{b^2}$$

68. $$a_n = \frac{3 + (n-1)2}{\{n(n+1)\}^2} = \frac{2n+1}{n^2(n+1)^2} = \frac{(n+1)^2 - n^2}{n^2(n+1)^2} = \frac{1}{n^2} - \frac{1}{(n+1)^2}$$

$$\therefore s_{11} = \sum_{i=1}^{11} a_i = \left(\frac{1}{1^2} - \frac{1}{2^2}\right) + \left(\frac{1}{2^2} - \frac{1}{3^2}\right) + \ldots + \left(\frac{1}{11^2} - \frac{1}{12^2}\right)$$

$$= 1 - \frac{1}{144} = \frac{143}{144}$$

69. ધારોકે ત્રિકોણની બાજુઓનાં માપ $a-d, a, a+d$ છે. $a, d > 0$ અને સૌથી નાના ખૂણાનું માપ A છે. તેથી સૌથી મોટા ખૂણાનું માપ 2A અને ત્રીજા ખુણાનું માપ $180^\circ - 3A$ છે.

$$\therefore \frac{a-d}{\sin A} = \frac{a}{\sin(180^\circ - 3A)} = \frac{a+d}{\sin 2A}$$

$\therefore 3 - 4\sin^2 A = \dfrac{a}{a-d}$ અને

$$2\cos A = \frac{a+d}{a-d}$$

$$\therefore a = 5d, a-d = 4d, a+d = 6d$$

$$\therefore a-d : a : a+d = 4:5:6$$

70. આપેલ શ્રેણી $2+\frac{1}{3}, 6-\frac{1}{6}, 10+\frac{1}{12}, \ldots$ છે.

$$\therefore T_6 = 22 - \frac{1}{96} = \frac{2111}{96}$$

71. $\left(\sum_{i=1}^{n} a_i^2\right)\left(\sum_{i=1}^{n} b_i^2\right) - \left(\sum_{i=1}^{n} a_i b_i\right)^2 = (a_1b_2 - a_2b_1)^2 +$

$(a_1b_3 - a_3b_1)^2 + \ldots + (a_{n-1}\, b_n - a_n\, b_{n-1})^2$ પરથી

$$\left(\sum_{i=1}^{n-1} x_i^2\right)\left(\sum_{i=2}^{n} x_i^2\right) - \left(\sum_{i=1}^{n-1} x_i\, x_{i+1}\right)^2 \le 0$$

$$\Rightarrow (x_1\, x_3 - x_2 \cdot x_2)^2 + (x_2\, x_4 - x_3 \cdot x_3)^2 + \ldots + (x_{n-2}x_n - x_{n-1}\, x_{n-1})^2 \le 0$$

$$\Rightarrow x_1 x_3 = x_2^2, x_2 x_4 = x_3^2 \ldots x_{n-2}x_n = x_{n-1}^2$$

$$\Rightarrow \frac{x_2}{x_1} = \frac{x_3}{x_2}, \frac{x_3}{x_2} = \frac{x_4}{x_3}, \ldots \frac{x_{n-1}}{x_{n-2}} = \frac{x_n}{x_{n-1}}$$

$\Rightarrow x_1, x_2, x_3 \ldots x_{n-1}, x_n$ સમગુણોત્તર શ્રેણીમાં છે.

72. $1 + \frac{1}{2} + \frac{1}{2^2} \ldots + \frac{1}{2^n} = \dfrac{1\left[1-\left(\frac{1}{2}\right)^{n+1}\right]}{1-\frac{1}{2}} = 2\left(1 - \frac{1}{2^{n+1}}\right)$

$= 2 - \frac{1}{2^n} < 2 \quad \forall\, n$ $\quad\quad$ ∴ D સાચો જવાબ છે.

73. $x^8$ નો સહગુણક $= 12 + 1.3 + ... + 9.10 = \sum_{r=1}^{9} r(r+1)$

$= \frac{1}{2}\left[(1+2+3+...+10)^2 - (1^2+2^2+3^2+...+10^2)\right]$

$= \frac{1}{2}\left[\left(\frac{10\times 11}{2}\right)^2 - \frac{10(11)(21)}{6}\right] = 1320$

75. $\frac{1}{b-c}, \frac{1}{2b-x}$ અને $\frac{1}{b-a}$ સમાંતર શ્રેણીમાં હોવાથી $\frac{2}{2b-x} = \frac{1}{b-c} + \frac{1}{b-a}$

$\therefore ac - \frac{ax}{2} - \frac{cx}{2} = b^2 - bx$

$\therefore ac - a\frac{x}{2} - c\frac{x}{2} + \frac{x^2}{4} = b^2 - bx + \frac{x^2}{4}$

$\therefore \left(a-\frac{x}{2}\right)\left(c-\frac{x}{2}\right) = \left(b-\frac{x}{2}\right)^2$

$\therefore a-\frac{x}{2}, b-\frac{x}{2}, c-\frac{x}{2}$ સમગુણોત્તર શ્રેણીમાં છે.

76. સમાંતર શ્રેણીનો સામાન્ય તફાવત d હોય તો

$\log_y x = 1 + d, \log_z y = 1 + 2d$ અને $\log_x z = \frac{1+3d}{-15}$

$\therefore \frac{\log x}{\log y} \times \frac{\log y}{\log z} \times \frac{\log z}{\log x} = (1+d)(1+2d)\frac{1+3d}{-15}$

$\therefore (1+d)(1+2d)(1+3d) = -15$

$\therefore 6d^3 + 11d^2 + 6d + 16 = 0 \qquad \therefore d = -2$

77. દરેક $x, y \in N$ માટે $f(x+y) = f(x)f(y)$ હોવાથી

$f(n) = f(1+1+1+...+1$ પદ$)$

$= f(1).f(1).f(1)...f(1)$ n અવયવ

$= 3^n \ \forall \ n \in N \qquad \because f(1) = 3$

$\therefore \sum_{r=1}^{n} f(a+r) = \sum_{r=1}^{n} 3^{a+r} = 3^a \cdot \frac{3(3^n-1)}{3-1} = 3^{a+1}\frac{(3^n-1)}{2} = \frac{81}{2}(3^n-1)$

$\therefore 3^{a+1} = 81 \qquad \therefore a = 3$

78. અહીં $a_1 + a_5 + a_{15} + a_{26} + a_{36} + a_{40} = 210$

$\Rightarrow (a_1 + a_{40}) + (a_5 + a_{36}) + (a_{15} + a_{26}) = 210$

$\Rightarrow 3(a_1 + a_{40}) = 210$

$\Rightarrow a_1 + a_{40} = 70$

$\therefore S_{40} = \frac{40}{2}(a_1 + a_{40}) = 20 \times 70 = 1400$

79. અહીં $\frac{a+b}{2} = 4$ અને $\sqrt{ab} = 2$ અને $\therefore a + b = 8$ અને $ab = 4$

$\therefore \frac{1}{b} + \frac{1}{a} = 2$ $\qquad \therefore \frac{1}{a} + \frac{1}{b} = 2(1)$

$\therefore \frac{1}{a}, 1, \frac{1}{b}$ સમાંતર શ્રેણીમાં છે.

80. આપણે જાણીએ છીએ કે $\forall\ a > 0$ માટે $a + \frac{1}{a} \geq 2$ થાય

હવે $\frac{(1+x+x^2)(1+y+y^2)}{xy} = \left(x + \frac{1}{x} + 1\right)\left(y + \frac{1}{y} + 1\right) \geq (2+1)(2+1)$

$\geq 9$

81. અહીં $r = \frac{b}{a},\ \ell = c = ar^{n-1} \Rightarrow ar^n = cr$

$\therefore S_n = \frac{a(1-r^n)}{1-r} = \frac{a-ar^n}{1-r} = \frac{a-cr}{1-r} = \frac{a-c\left(\frac{b}{a}\right)}{1-\frac{b}{a}} = \frac{a^2-bc}{a-b}$

82. $n = 1, 2, .....9$ માટે $a_{n+1} - a_n = d$ અને $\frac{1}{h_{n+1}} - \frac{1}{h_n} = D$ લેતાં

$a_{10} = 3 \Rightarrow a_1 + 9d = 3 \Rightarrow 9d = 3 - 2 = 1 \Rightarrow d = \frac{1}{9}$

$\therefore a_4 = 2 + 3d = \frac{7}{3}$

ફરીથી $\frac{1}{h_{10}} = \frac{1}{h_1} + 9D \Rightarrow 9D = \frac{1}{3} - \frac{1}{2} = -\frac{1}{6} \Rightarrow D = -\frac{1}{54}$

$\therefore \dfrac{1}{h_7} = \dfrac{1}{h_1} + 6D = \dfrac{1}{2} + 6\left(-\dfrac{1}{54}\right) = \dfrac{7}{18} \Rightarrow h_7 = \dfrac{18}{7}$

$\therefore a_4 h_7 = \dfrac{7}{3} \times \dfrac{18}{7} = 6$

83. અહીં $\dfrac{2}{H} = \dfrac{1}{a} + \dfrac{1}{b} \Rightarrow \dfrac{H}{2} = \dfrac{ab}{a+b} \Rightarrow \dfrac{H}{a} = \dfrac{2b}{a+b}$

